દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 17 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 January 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૦ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u





દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 17 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 January 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૦ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહાકુંભમાં આગ ૧૮ તંબુ ખાખ: ભાગદોડ મચી: બે ગૅસ સિલિન્ડર ફાટયાં

પ્રયાગરાજ : અહીં મહાકુંભ મેળામાં રવિવારે સિલિન્ડર બ્લાસ્ટ થતાં મોટી આગ લાગી હતી. આગમાં ૧૮ તંબુ સળગીને ખાખ થઇ ગયા હતા.

આગને લીધે ભાગદોડ મચી ગઈ હતી અને તેમાં અનેક લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

અખાડા પોલીસ સ્ટેશનના ઈનચાર્જ ભાસ્કર મિશ્રાએ કહ્યું હતું કે સેક્ટર ૧૯માં બે ગૅસ સિલિન્ડર ફાટયાં હતાં. આને લીધે કેમ્પમાં વ્યાપક આગ લાગી હતી. પંદર જેટલા ફાયર ટેન્ડર આગ ઓલવવાના કામે લગાડાયા હતા.

યુપી ચીફ ફાયર ઓફિસર પ્રમોદ શર્માએ માહિતી આપી હતી કે સિલિન્ડર બ્લાસ્ટને લીધે મહાકુંભમાં મોટી આગ લાગી હતી. આગને લીધે ૧૮ તંબુ બળીને ખાખ થયા હતા.

મહાકુંભ ૨૦૨૫ના સત્તાવાર હેન્ડલમાં પોસ્ટ મુકાઈ હતી કે અતિશય ખેદજનક! મહાકુંભમાં આગના બનાવે બધાને ચોંકાવી દીધા છે. વહીવટીતંત્રે તત્કાળ બચાવ અને રાહત ઓપરેશન ચાલુ કર્યું હતું. અમે દરેકની સુરક્ષા માટે મા ગંગાને પ્રાર્થના કરીએ છીએ. હેન્ડલે એક ક્લિપ શેર કરી હતી જેમાં અસરગ્રસ્ત વિસ્તારમાં કાળો ધુમાડો નીકળતો દેખાતો હતો.

અહીંના તુલસી માર્ગ પર સેક્ટર ૧૯ રેલવે બ્રિજની નીચે વિવેકાનંદ સેવા સમિતિ, વારાણસીના તંબુઓ આગમાં સળગી ગયા હતા.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ ૨૭ જાન્યુઆરીએ મહાકુંભમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર



મહાકુંભમાં આગ : પ્રયાગરાજના મહાકુંભના કેમ્પમાં આગ લાગી હતી અને ધુમાડાનું આવરણ છવાઈ ગયું હતું.

સ્નાન કરવા આવવાના છે.

અહીં દરરોજ લાખો શ્રદ્ધાળુ ઉપરાંત મહાનુભાવો આવી રહ્યા હોવાથી કડક સલામતી વ્યવસ્થા કરાઇ છે.

મહાકુંભ ૨૬ ફેબ્રુઆરીના શિવરાત્રિ સુધી ચાલવાનો છે અને એમાં દેશવિદેશથી ૪૫ કરોડ લોકો આવવાની આશા છે.

મહાકુંભના બીજા દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ (મકરસંક્રાંતિ -ઉતરાણ)ના દિવસે પ્રથમ 'અમૃત સ્નાન' યોજાયું હતું, મૌની અમાસ એટલે કે ૨૯ જાન્યુઆરીએ બીજું 'અમૃત સ્નાન', વસંત પંચમી એટલે કે ત્રણ ફેબ્રુઆરીએ ત્રીજું 'અમૃત સ્નાન', માઘ પૂર્ણિમા એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ 'કલ્પવાસનું સ્નાન' કરાશે, જ્યારે મહાશિવરાત્રિ એટલે કે ૨૬ ફેબ્રુઆરીએ મહાકુંભનું સમાપન કરાશે.

પૂર્ણ કુંભમેળો દર બાર વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે. આ વખતે બાર પૂર્ણ કુંભ પૂરા થઇ રહ્યા હોવાથી ૧૪૪ વર્ષે 'મહાકુંભ' યોજાઇ રહ્યો છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં પૌષ પૂર્ણિમા (પોષી પૂનમના 'કલ્પવાસ', ૧૩ જાન્યુઆરી)થી વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો 'મહાકુંભ' શરૂ થયો છે.

'મહાકુંભ' મેળો માત્ર શ્રદ્ધા અને આસ્થાની દૃષ્ટિએ જ નહિ, પરંતુ આયોજન, સુવિધા, સગવડની દૃષ્ટિએ વિશ્વ માટે દૃષ્ટાંતરૂપ બની રહેશે.

ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે આયોજિત મહાકુંભ મેળા માટે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારે ભવ્ય વ્યવસ્થા કરી છે. મહાકુંભ માટે 'કુંભનગર' નામનો કામચલાઉ જિલ્લો જ ઊભો કરાયો છે.

મહાકુંભમાં સાધુ-સંતો અને નાગા બાવાના વિવિધ અખાડા મોટા પાયે ભાગ લઇ રહ્યા છે.

મહાકુંભના આયોજનમાં સેંકડો કિલોમીટરના વિસ્તારને આવરી લેવાયો છે. આ ક્ષેત્રમાં હૉટેલો, તંબૂઓ, આશ્રમો, ધર્મશાળાઓમાં શ્રદ્ધાળુઓના ઉતારાની વ્યવસ્થા કરાઇ છે. વાહનો ઊભા રાખવાની પણ ખાસ વ્યવસ્થા કરાઇ છે. મંદિરો, ઘાટ, કોરિડોર, પુલ, રસ્તા, અંડરપાસને ભીંતચિત્રોથી શણગારાયા છે.

ઉત્તર પ્રદેશ સરકારે 'કુંભ સહાયક' ચેટબોટ વિકસાવ્યું છે, જે ગુજરાતી, બંગાળી સહિતની દસથી વધુ ભાષામાં મહાકુંભને લગતી માહિતી આપે છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મોટી સંખ્યામાં પોલીસ, અર્ધલશ્કરી દળના જવાનો ગોઠવાયા છે. ગુમ થયેલા લોકો કે માલસામાન શોધી કાઢવા માટે ખાસ પોલીસ ચોકી ઊભી કરાઇ છે.

સીસીટીવી કૅમેરા આ મેળામાં ભાગ લેવા આવનારા લોકોની ગણતરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા)ની મદદથી કરાઇ રહી છે અને નજર રખાઇ રહી છે.

ડૉક્ટરો, એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમ પણ ૨૪ કલાક ઉપલબ્ધ છે.

આગ જેવી દુર્ઘટના ન બને તે માટે ખાસ તકેદારી રખાઇ છે. કોઇ પણ દુર્ઘટનાનો સામનો કરવા માટે અગ્નિશામક દળના જવાનો મોટી સંખ્યામાં તૈયાર રખાયા છે.

પ્રયાગરાજમાં મહાકુંભના પ્રારંભ પહેલાં નાગા બાવાઓ (સાધુઓ)ના વિવિધ અખાડાએ ઊંટ, ઘોડા પર સવારી કરીને નાચતા ગાતા સરઘસ પણ કાઢ્યા હતા. અમુક લોકોએ આગ સાથેના અદ્ભુત કરતબ પણ બતાવ્યા હતા.

ઉત્તર પ્રદેશ સરકારે 'મહાકુંભ'માં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને સફાઇની ખાસ વ્યવસ્થા કરી છે. સેંકડો મોબાઇલ ટોઇલેટ પણ ગોઠવાયાં છે.

નદીના ધસમસતા પ્રવાહમાં ડૂબતા લોકોને બચાવવા માટે ખાસ તરવૈયા તૈયાર રખાયા છે.


રેલવે અને અનેક રાજ્યની એસટી પણ વધારાની ટ્રેનો અને બસો દોડાવી રહ્યા છે.

મેળાના સ્થળે અંદાજે દોઢ લાખ તંબૂ ઊભા કરાયા છે. ૧૪ રોડ ઓવર-બ્રિજ અને ફલાયઓવર વિકસાવાયા છે. ૧૨ કિલોમીટરના કામચલાઉ ઘાટ બનાવાયા છે. આઠ કિલોમીટરના રિવરફ્રન્ટ રોડનું નિર્માણ કરાયું છે. ગિરદી પર નજર રાખવા માટે ૨,૭૫૦ કૅમેરા ગોઠવાયા છે. દિવસના ૨૪ કલાક માટેનો નિયંત્રણકક્ષ ઊભો કરાયો છે. પંદર હજાર સફાઇ કર્મચારી સતત સફાઇ કરશે. અઢી હજાર 'ગંગા દૂત'ને પણ ફરજ પર રખાયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે અમને મહાકુંભથી રાજ્ય માટે રૂપિયા બે લાખ કરોડનો વેપાર થવાની આશા છે.

પ્રયાગરાજમાં અનેક જાહેરસ્થળે ભીંતચિત્રો દોરાયાં છે અને હોર્ડિંગ્સ, એલઇડી સ્ક્રીન મુકાયા છે.

મહાકુંભમાં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને અનેક મોટી કંપનીએ પણ પોતાના ઉત્પાદનો વેચવા અહીં દુકાનો, સ્ટોલ શરૂ કર્યા છે. ■



**યોગી અને બાપુ :** ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ રવિવારે પ્રયાગરાજના મહાકુંભ દરમિયાન મોરારી બાપુને મળ્યા હતા. (પીટીઆઈ)

## ગાઝામાં ઇઝરાયલની એરસ્ટ્રાઇકથી આઠનાં મોત

દેહ અલ-બલાહ (ગાઝા પટ્ટી) : યુદ્ધવિરામના અમલમાં વિલંબ વચ્ચે ગાઝાપટ્ટીમાં ઇઝરાયલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં હતાં. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસને બંધકોની યાદી આપવાની વાત કરી હતી, પરંતુ યાદી ન મળવા પર નેતન્યાહૂએ કડક વલણ અપનાવ્યું હતું. યુદ્ધવિરામમાં વિલંબ બાદ ઇઝરાયલે ગાઝાપટ્ટીમાં હવાઈ હુમલા શરૂ કર્યા હતા.

ઇઝરાયલના હુમલામાં ગાઝાના આઠ લોકો માર્યા ગયા હતા. દક્ષિણ ગાઝા શહેરના ખાન યુનિસમાં આવેલી નાસેર હોસ્પિટલે હુમલાની પુષ્ટિ કરી છે. હમાસે જણાવ્યું હતું કે યુદ્ધવિરામ લાગુ થયાના લગભગ બે કલાક પછી હુમલો થયો હતો.

ઇઝરાયલે જણાવ્યું હતું કે હમાસે રવિવારે બાદમાં મુક્ત થનારા બંધકોના નામ જાહેર ન કરીને યુદ્ધવિરામની શરૂઆતમાં વિલંબ કર્યો હતો. ■



**ઉતરાણ પૂરી :** અમદાવાદમાં પતંગોત્સવ પછી લોકો પતંગના માંજાને બાળી રહ્યા હતા. (પીટીઆઈ)

## સૈફ પર હુમલો કરનાર બાંગ્લાદેશી ઘોડબંદર રોડના મૅન્ગ્રોવ્ઝમાંથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોલીવૂડને હચમચાવી નાખતા અભિનેતા સૈફ અલી ખાન પર ઘરમાં ઘૂસી હુમલો કરવાના કેસમાં મુંબઈ પોલીસે આખરે હુમલાખોરને પકડી પાડ્યો હતો. ભારતમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશી યુવાને ચોરીને ઇરાદે ફ્લૅટમાં ઘૂસીને સૈફ પર છરીથી હુમલો કર્યો હોવાનું તપાસમાં જણાયું હતું. પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ શરીફુલ ઈસ્લામ શહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦) તરીકે થઈ હતી. શરીફુલને રવિવારના મળસકે થાણે નજીક ઘોડબંદર રોડ પરના હિરાનંદાની ઈસ્ટેટ પાછળના મૅન્ગ્રોવ્ઝ પાસેથી પકડી પાડવામાં આવ્યો હતો. બાન્દ્રા કોર્ટે તેને ૨૪ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી ગેરકાયદે માર્ગે ભારતમાં ઘૂસ્યો હતો અને છેલ્લા છ મહિનાથી તે મુંબઈ-થાણેમાં રહેતો હતો. થાણેના એક બારમાં તે નોકરી કરતો હતો, પરંતુ ઘટનાના અઠવાડિયા પહેલાં જ નોકરી છૂટી ગઈ હતી. તેની પાસેથી ભારતમાં વસવાટ સંદર્ભેના કોઈ યોગ્ય દસ્તાવેજો મળ્યા નહોતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. આરોપી શરીફુલ ચોરીને ઇરાદે ગુરુવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ બાન્દ્રા પશ્ચિમમાં આવેલા સતગુરુ શરણ ઈમારતમાં પ્રવેશ્યો હતો. બિલ્ડિંગના ૧૨મા માળે તે સૈફ અલી ખાનના ફ્લૅટમાં ઘૂસ્યો હતો. સ્ટાફ નર્સ તરીકે કામ કરતી ફરિયાદી એલિયામા ફિલિપ (૫૬)ની નજર આરોપી પર પડતાં તેણે બૂમાબૂમ કરી હતી. અવાજ સાંભળી સૈફ અલી ખાન અને તેની પત્ની અભિનેત્રી કરીના કપૂર દોડી આવ્યાં હતાં. આરોપીએ એક કરોડ રૂપિયાની માગણી કરી સૈફ પર છરીથી હુમલો કર્યો હતો. સૈફ પર છ ઘા ઝીંકવામાં આવ્યા હતા. તેની કરોડરજ્જુમાં છરીની અણી પણ ખૂંપી ગઈ હતી, જે ડૉક્ટરે સર્જરીથી બહાર કાઢી હતી. આ હુમલામાં ફરિયાદી ફિલિપને પણ ઇજા થઈ હતી. ઘટના બાદ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની ૩૦ ટીમ તપાસમાં લાગી હતી. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ થઈ હતી. આ કેસમાં નાટ્યાત્મક રીતે પોલીસે શકમંદ જેવા જ દેખાતા બે યુવાનને અલગ અલગ સ્થળેથી તાબામાં લીધા હતા, પરંતુ પૂછપરછમાં સૈફ પર હુમલો કરવામાં તેમની સંડોવણી ન હોવાનું જણાયું હતું. આખરે ફૂટેજમાં નજરે પડતો આરોપી થાણેમાં સંતાયો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમે તેને પકડી પાડ્યો હતો. ■

પેરાગ્લાઈડિંગની ત્રણ દુર્ઘટના

## અમદાવાદની છોકરી સહિત ચારનાં મોત

મનાલી અને પણજી : હિમાચલ પ્રદેશમાં પેરાગ્લાઈડિંગને લગતી બે અને ગોવામાં બનેલી એક દુર્ઘટનામાં અમદાવાદની ગુજરાતી છોકરી અને પુણેની મહિલા સહિત ચારનાં મૃત્યું થયાં હતાં. હિમાચલ પ્રદેશના કાંગરા અને કુલુ જિલ્લામાં ૨૪ કલાકની અંદર બનેલા બે બનાવોમાં ગુજરાતની અને તામિલનાડુની સહેલાણી મૃત્યુ પામી હતી. ધરમશાળાની નજીક ઈન્દુરનાગ પેરાગ્લાઈડિંગ સ્થળે અમદાવાદની ખુશી ભાવસાર ફ્લાઈટ ઉપર જઈ રહી હતી ત્યારે પડી જતાં તેનું મરણ થયું હતું. પાઈલટ પણ તેની સાથે પડ્યો હતો અને તેને ઈજા થઈ હતી.

હિમાચલ પ્રદેશના કાંગડા અને કુલ્લુ જિલ્લામાં ૨૪ કલાકની અંદર બે અલગ અલગ પેરાગ્લાઈડંગ દુર્ઘટનામાં બે પ્રવાસીઓનાં મૃત્યું થયાં હતાં. પોલીસે જણાવ્યું કે મૃતક ગુજરાત અને તમિલનાડુનાં હતાં. ધર્મશાળા પાસે ઈંદ્રુનાગ પેરાગ્લાઈડિંગ સાઇટ પરથી શનિવારે સાંજે ઉડાન ભર્યા બાદ અમદાવાદની ભાવસાર ખુશી પડી ગઈ હતી. પાઇલટ પણ તેની સાથે પટકાયો હતો અને તેને ઇજા પહોંચી હતી. કાંગડાના એએસપી વીર બહાદુરે જણાવ્યું કે, પાઇલટને સારવાર માટે ટાંડા મેડિકલ કોલેજમાં મોકલવામાં આવ્યો હતો. હાલ તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

આ પહેલા શુક્રવારે સાંજે કુલ્લુ જિલ્લામાં ગાર્સા લેન્ડિંગ સાઇટ પાસે પેરાગ્લાઇડિંગ કરતી વખતે તમિલનાડુના ૨૮ વર્ષીય પ્રવાસીનું મૃત્યુ થયું હતું. જ્યારે પાઇલટ ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ દુર્ઘટનામાં બે પેરાગ્લાઇડર એકબીજા સાથે અથડાયા હતા. દુર્ઘટના બની ત્યારે બંને જમીનથી ૧૦૦ ફૂટ ઉપર હતા. જેમાં જયશ રામનું મોત થયું હતું. જ્યારે પાયલટ અશ્વિનીકુમારને ગંભીર ઇજા પહોંચી હતી અને સારવાર માટે પીજીઆઈ ચંડીગઢ લઇ જવાયો હતો.

૭ જાન્યુઆરીના રોજ કુલ્લુ જિલ્લાના મનાલીથી ૨૦ કિલોમીટર દૂર રાયસનમાં પણ પેરાગ્લાઇડિંગ વખતે આંધ્ર પ્રદેશના એક પ્રવાસીનું મૃત્યુ થયું હતું. જે બાદ પર્યટન અધિકારીએ પ્રારંભિક તપાસમાં બેદરકારી બદલ આ સાઇટને બંધ કરી દીધી હતી. પ્રારંભિક તપાસમાં ઓપરેટરની લાપરવાહી સામે આવી હતી. જે બાદ ઓપરેટરનું લાઇસન્સ પણ રદ કરી દેવામાં આવ્યું હતું.

ઉત્તર ગોવાના ક્વેરીમમાં પેરાગ્લાઈડિંગ કરતી વખતે શનિવારે અકસ્માત થતા મહારાષ્ટ્રની મહિલા પ્રવાસી અને પાઈલટનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માતનો ભોગ બનનાર મહિલાની ઓળખ પુણેની રહેવાસી શિવાની ડબલે (૨૭ વર્ષ) તરીકે જ્યારે પેરાગ્લાઈડિંગ પાઈલટની ઓળખ નેપાળના રહેવાસી સુમન નેપાળી (૨૬ વર્ષ) તરીકે થઈ છે. આ ઘટના ક્વેરિમ પ્લેટૂ પર સાંજે ૪.૩૦ થી પાંચ વાગ્યાની વચ્ચે બની હતી.

પોલીસે જણાવ્યું હતું કે પેરાગ્લાઈડરે કેરી પ્લેટૂ પરથી મહિલા પ્રવાસી સાથે ઉડાન ભરી હતી અને તેઓ ઓછી ઉંચાઈ પર ઉડી રહ્યા હતા. આ દરમિયાન પેરાગ્લાઈડરની રસ્સી તૂટી જતા બંને અલગ અલગ ખડકો સાથે અથડાયા હતા, જેના કારણે બંનેને ગંભીર ઈજાઓ થઇ હતી. અકસ્માત બાદ બંનેને ગોવા મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકોના પરિવારજનોને જાણ કરી દેવામાં આવી છે અને આ અંગે તપાસ શરૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે પેરાગ્લાઈડિંગનું આયોજન કરતી એડવેન્ચર સ્પોર્ટ્સ કંપનીના માલિક શેખર રાયઝાદા સામે બીએનએસ ૨૦૨૩ ની કલમ ૧૦૫ (હત્યાના ગુનાપાત્ર હત્યા) હેઠળ કેસ નોંધ્યો છે. આરોપ છે કે તેણે તેના પેરાગ્લાઈડર પાયલોટને જરૂરી પરવાનગી લીધા વિના પ્રવાસીઓ સાથે પેરાગ્લાઈડિંગ કરવાની મંજૂરી આપી માનવ જીવનને જોખમમાં મૂક્યું હતું. ■

## ગંગા નદીમાં હોડી ઊંધી વળી: સાતનાં મોત

કટિહાર: બિહારના કટિહાર જિલ્લામાં મોટી દુર્ઘટના બની હતી. ગંગા નદીમાં હોડી પલટી જવાથી ૭ લોકોનાં મૃત્યુ થયાં હતાં. ૪ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. ઘણા લોકો લાપતા હોવાની વાત સામે આવી છે. કટિહારના ગોલાઘાટથી સકરી ગલી (ઝારખંડ) જઈ રહેલી હોડી ગંગા નદીની વચ્ચે જ પલટી ગઈ હતી.

ગામ લોકોના કહેવા મુજબ, હોડીમાં આશરે ૧૮ લોકો સવાર હતા. જેઓ રવિવારે સવારે ૮.૩૦ કલાકની આસપાસ ગોલાઘાટથી હોડીમાં સકરી ગલી જવા નીકળ્યા હતા. હોડી પલટી ગયા બાદ ૧૧ લોકોએ તરીને પોતાનો જીવ બચાવ્યો હતો. જ્યારે એક બાળક સહિત છ થી સાત લોકો નદીમાં ગરકાવ થઈ ગયા હતા. સ્થાનિક મરજીવાની મદદથી સાત લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની માહિતી મળતા જ બીડીઓ દુર્ગેશ કુમાર, સીઓ સ્નેહા કુમારી તથા પીઆઈ કુંદન કુમાર સ્થળ પર પહોંચી ગયાં હતાં. પોલીસે જણાવ્યું કે, હોડીમાં ૧૮ લોકો સવાર થઈને ઝારખંડની સકરી ગલી જતા હતા. જેમાં ૧૧ લોકો તરીને બહાર આવી ગયા હતા. જ્યારે સાત લોકોની શોધખોળ ચાલુ છે. હોડીમાં સવાર થઈને લોકો દિયારા વિસ્તારમાં ખેતી કામ માટે જઈ રહ્યા હતા પરંતુ નદીની લહેરોમાં હોડી પલટી ગઈ હતી. લાપતા લોકોના પરિવારજનોમાં રોકકળ મચી ગઈ હતી. ઘટના બાદ ગ્રામીણો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં લાગી ગયા હતા. ઘણી વખત હોડીમાં ક્ષમતા કરતાં વધારે લોકો સવાર થાય ત્યારે પણ આવી ઘટના બનતી હોય છે. ગત વર્ષે નવેમ્બરમાં કટિહારની મનિહારી ગંગા નદીમાં હોડી ઊંધી વળી ગઈ હતી. ■

## મુંબઈ દોડ્યું

મૅરથનના અહેવાલ ફોટા માટે જુઓ પાનાં ૫ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોલકાતા કેસમાં સીબીઆઈ ભાજપના આક્ષેપોને સાચા સાબિત ના કરી શકી

**દેશભરમાં** ચકચાર જગાવનારા કોલકાતાની આર.જી. કાર હૉસ્પિટલમાં ૩૧ વર્ષની ટ્રેઈની ડૉક્ટર પર પાશવી બળાત્કાર ગુજારીને હત્યા કરી નાખવાના કેસમાં અંતે ચુકાદો આવી ગયો. આ કેસમાં પહેલાં પોલીસે અને પછી સીબીઆઈએ પણ એક જ આરોપી સંજય રોયની ધરપકડ કરેલી. કોલકાતાની સિયાલદાહ કોર્ટે સંજય રોયને દોષી ઠેરવ્યો છે અને સોમવારે તેને સજાનું એલાન થશે ને મોટા ભાગે તો તેને ફાંસીની સજા થાય એવી શક્યતા છે.

સંજય રોય સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪, ૬૬, ૧૦૩/૧ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ હેઠળ, ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા થઈ શકે છે જ્યારે કલમ ૬૬ હેઠળ ૨૫ વર્ષ અથવા આજીવન કેદની સજાની જોગવાઈ છે, પણ સિયાલદાહ કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે કહ્યું છે કે, રોયે પીડિતાનું ગળું દબાવીને અત્યાચાર કર્યો એ જોતાં તેને મૃત્યુદંડ અથવા આજીવન કેદની સજા થઈ શકે છે.

જજ સંજય રોયને શું સજા આપશે એ ખબર નથી, પણ આ ચુકાદાએ ઘણા બધા સવાલો ખડા કરી દીધા છે. પહેલો સવાલ તો ભાજપે આ મુદ્દે મચાવેલી હોહાનો છે. ભાજપે દાવો કરેલો કે, ટ્રેઈની ડૉક્ટર પર ગેંગ રેપ થયો છે અને મોટા લોકો આ કેસમાં સંડોવાયેલા છે, પણ સીબીઆઈ સંજય રોય સિવાય બીજા કોઈની સંડોવણી સાબિત કરી શકી નથી. સીબીઆઈ કેન્દ્ર સરકારના તાબા હેઠળ કામ કરે છે એ જોતાં ભાજપ હવે શું કરશે એ મોટો સવાલ છે.

આ સવાલનો જવાબ જરૂરી છે કેમ કે કોર્ટે સંજય રોયને દોષિત ઠેરવ્યા પછી પણ કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદારે એ જ વાત કરી છે કે, સિયાલદાહની કોર્ટે સંજય રોયને દોષિત ઠેરવ્યો છે, પરંતુ પશ્ચિમ બંગાળના લોકો માને છે કે આ ઘૃણાસ્પદ ઘટનામાં એક કરતાં વધુ વ્યક્તિઓ સામેલ હતી. મજુમદારના કહેવા પ્રમાણે, કોલકાતા પોલીસ દ્વારા પાંચ દિવસ સુધી કેસની તપાસ કરાઈ હતી અને આ પાંચ દિવસમાં પુરાવા સાથે છેડછાડ કરવામાં આવી હતી.

મજુમદારે એ રેકર્ડ પણ વગાડી છે કે, આર.જી. કારની ઘટનાએ ખુલાસો કર્યો છે કે પશ્ચિમ બંગાળ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગેનું મજુમદારનું નિવેદન રાજકીય છે, પણ આ ઘટનામાં એક કરતાં વધારે વ્યક્તિ સંડોવાયેલી હતી એવું એક કેન્દ્રીય મંત્રી કહે ત્યારે એ વાત ગંભીર બની જાય છે. ફરી એ જ સવાલ આવીને ઊભો રહે છે કે, સીબીઆઈ બીજા કોઈ આરોપીને શોધી શકી નથી ત્યારે કેન્દ્ર સરકાર આ નિષ્ફળતા બદલ સીબીઆઈના અધિકારીઓ સામે પગલાં લેશે કે પછી કશું કર્યા વિના માત્ર રાજકીય આક્ષેપો જ કર્યા કરશે?

કોલકાતા પોલીસે પુરાવા સાથે ચેડાં કર્યાં કે નહીં તેની ખબર નથી, પણ એવી પ્રબળ શંકા છે જ. ડૉક્ટરના સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (CFSL)નો રિપોર્ટ આવ્યો એ પણ આ વાતને સમર્થન આપે છે. સીએફએસએલના રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયું છે કે, હૉસ્પિટલના સેમિનાર રૂમમાં ડૉક્ટર પર બળાત્કાર કરીને હત્યા કરાઈ હોવાનો દાવો કરાય છે, પણ સેમિનાર રૂમમાં ઘર્ષણ અથવા પ્રતિકારનો કોઈ પુરાવો મળ્યો નથી. ડૉક્ટર યુવતીનો મૃતદેહ જે ગાદલા પર પડેલો હતો તેના પર કોઈ પણ પ્રકારની ઝપાઝપી કે સંઘર્ષના કોઈ નિશાન મળ્યાં નથી. યુવતીનું માથું અને પેટ ગાદલા પર જે ભાગમાં હતાં ત્યાં લોહીના ધબ્બા સિવાય બીજું કશું મળ્યું નથી.

સિયાલદાહ કોર્ટે પણ ઉલ્લેખ કર્યો છે કે, યુવતી પર પાશવી બળાત્કાર કરાયા હતા અને ડૉક્ટર યુવતીની ડોક મરડી નાંખવામાં આવી હતી. આ સિવાય બીજા પણ પાશવી શારીરિક અત્યાચારો ગુજારીને બળાત્કાર કર્યા પછી હત્યા કરી દેવાઈ હતી. ડૉક્ટર યુવતીએ હવસખોરના તાબે થઈને પોતાના પર અત્યાચારો કરવા દીધા હોય અને બળાત્કાર સામે પણ પ્રતિકાર ના કર્યો હોય એ શક્ય જ નથી. આમ છતાં સેમિનાર રૂમમાં સંઘર્ષ કે ઝપાઝપીના કોઈ પુરાવા ના મળ્યા તેનો સીધો અર્થ એ થાય કે, બળાત્કાર અને હત્યા સેમિનાર રૂમમાં થયાં જ નહોતાં, પણ બીજી કોઈ જગાએ થયાં હતાં. રેપ-મર્ડર પછી યુવતીને અધમૂઈ બેભાનાવસ્થામાં કે પછી મૃત હાલતમાં સેમિનાર રૂમમાં મૂકી દેવાઈ હતી.

આ એક શક્યતા છે, પણ બીજી શક્યતા, રેપ-મર્ડર પછી ફોરેન્સિક પુરાવા એકઠા કરાયા એ પહેલાં તમામ પુરાવાનો નાશ કરી દેવાયો હોય એ પણ છે. કેન્દ્રીય મંત્રી મજુમદારે તેનો ઉલ્લેખ કર્યો જ છે ને તેમણે કોલકાત્તા પોલીસ સામે આંગળી ચીંધી છે. કોલકાત્તા પોલીસે એવું કર્યું હોય તોપણ સીબીઆઈ એ સાબિત કરી શકી નથી.

ક્રિમિનોલોજીમાં એવું કહેવાય છે કે, તમામ પુરાવાનો નાશ કરવો શક્ય નથી એ જોતાં સેમિનાર રૂમમાં અપરાધ બન્યો તો પછી તેનો કોઈક તો પુરાવો મળવો જોઈતો હતો. માનો કે, સેમિનાર રૂમમાં રેપ-મર્ડર ના થયાં ને બીજે ક્યાંક થયાં તો યુવતીને સેમિનાર રૂમમાં એકલો સંજય રોય લાવ્યો હોય એ શક્ય નથી. સીબીઆઈ યુવતી પર બીજે ક્યાંક રેપ-મર્ડર કે ખાલી રેપ કરીને પછી સેમિનાર રૂમમાં લવાઈ તેના પણ કોઈ પુરાવા રજૂ કરી શકી નથી. તેનો મતલબ એ થયો કે, સીબીઆઈએ કશું કર્યું જ નથી ને કોલકાતા પોલીસે તેને જે પુરાવા કે બીજું કંઈ સોંપ્યું તેના આધારે તેમણે બધું કરી નાખ્યું. સીબીઆઈએ એવું કર્યું હોય તો તેના પક્ષે અત્યંત ગંભીર ભૂલ કહેવાય ને ભાજપ સરકાર એ માટે શું કરશે એ મોટો સવાલ છે.

આરોપી સંજય રોયે ચુકાદો સાંભળ્યા પછી ફરી કહ્યું કે, મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે અને મેં જે કર્યું નથી તેના માટે દોષિત ઠેરવી દેવાયો છે, જ્યારે જેમણે આ કર્યું છે તેમને છોડી દેવામાં આવી રહ્યા છે. સંજય રોયે આ ઘટનામાં એક આઈપીએસ સંડોવાયેલો છે એવો આક્ષેપ પણ દોહરાવ્યો છે. સંજયનો ઈશારો કોલકાતાના તત્કાલીન પોલીસ કમિશનર વિનીત ગોયલ તરફ છે એ કહેવાની જરૂર નથી. સંજય ફોડ પાડીને વાત કરતો નથી કે પછી સીબીઆઈએ તેની વાત કોર્ટ સામે મૂકી નથી તેથી વિનીત ગોયલે કોઈ મોટા માથાને છાવરવા માટે પુરાવાનો નાશ કરાવડાવ્યો કે પોતે સામેલ છે એ ખબર નથી, પણ સીબીઆઈએ આ મુદ્દે પણ કોઈ સ્પષ્ટતા કરી નથી.

ટૂંકમાં ભાજપના આક્ષેપોને સીબીઆઈ સાચા સાબિત કરી શકી નથી ત્યારે ભાજપે સીબીઆઈ સામે પગલાં લેવાં જોઈએ કે નહીં? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ,
સોમવાર, તા. ૨૦–૧–૨૦૨૫

- ભારતીય દિનાંક ૩૦, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ – ૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ–૬
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૦–૨૯ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ સાંજે ક. ૧૬–૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૦૪ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૧૦–૦૮, રાત્રે ક. ૨૧–૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – ષષ્ઠી. ભદ્રા સવારે ક. ૦૯–૫૯ થી રાત્રે ક. ૨૩–૧૯.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્નમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા.ચંદ્ર–સૂર્ય દેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, દુકાન–વેપાર, નૌકા બાંધવી, નવાં વસ્રો, આભૂષણ, વિદ્યારંભ, પ્રથમ વાહન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ધાન્ય ભરવું, નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–ગુરુ ત્રિકોણ ભાઈઓનો પ્રેમ મેળવી શકે. ચંદ્ર–બુધ ચતુષ્કોણ ભાષાવિદ્
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ ત્રિકોણ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ.

ગ્રહગોચરઃ સૂર્ય–મકર. વક્રી મંગળ–કર્ક, બુધ–ધનુ, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર– કુંભ, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# મહાકુંભ મેળો આખા ભારતને એક સૂત્રમાં બાંધે છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ‘મન કી બાત’ કાર્યક્રમના ૧૧૮મા એપિસોડની મદદથી દેશવાસીઓને સંબોધિત કર્યા હતા. ‘મન કી બાત’ કાર્યક્રમ દર મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થાય છે પરંતુ આ મહિનામાં છેલ્લો રવિવાર ૨૬ જાન્યુઆરીના રોજ છે જેથી તેનું પ્રસારણ ૧૯ જાન્યુઆરીએ કરવામાં આવ્યું હતું. ‘મન કી બાત’ કાર્યક્રમમાં વડા પ્રધાન મોદીએ મહાકુંભ, પ્રજાસત્તાક દિવસ, ઇસરો, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ સહિત અનેક મુદ્દાઓ પર વાત કરી હતી.

મહાકુંભ પર બોલતા વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે મહાકુંભની વૈશ્વિક લોકપ્રિયતા દરેક ભારતીય માટે ગર્વની વાત છે. આ વખતે વિશાળ ધાર્મિક મેળાવડામાં યુવાનોની વ્યાપક ભાગીદારી જોવા મળી રહી છે. પોતાના ‘મન કી બાત’ કાર્યક્રમમાં વડા પ્રધાન મોદીએ અયોધ્યામાં ભગવાન રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાને ‘‘ભારતની સાંસ્કૃતિક ચેતનાની પુનઃસ્થાપના’’ તરીકે વર્ણવી હતી.તેમણે કહ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની પ્રથમ વર્ષગાંઠ ૧૧ જાન્યુઆરીના રોજ હતી. વિકાસના માર્ગ પર ચાલતી વખતે આપણે આપણા વારસાને જાળવી રાખવો પડશે અને તેમાંથી પ્રેરણા લઈને આગળ વધવું પડશે.

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ વિશે બોલતા વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે આ ઉત્સવ વિવિધતામાં એકતાનો ઉત્સવ મનાવે છે અને હજારો વર્ષોથી ચાલી આવતી તેની પરંપરામાં કોઈ ભેદભાવ કે જાતિવાદ જોવા મળતો નથી. કુંભની પરંપરા ભારતને એક સૂત્રમાં બાંધે છે. જ્યારે યુવા પેઢી ગર્વથી તેની સભ્યતા સાથે જોડાય છે ત્યારે તેના મૂળ મજબૂત બને છે અને તેનું સુવર્ણ ભવિષ્ય પણ સુનિશ્ચિત થાય છે. આ વખતે કુંભના ડિજિટલ પદચિહ્નો મોટા પાયે દેખાઇ રહ્યા છે. વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે કુંભની આ વૈશ્વિક લોકપ્રિયતા દરેક ભારતીય માટે ગર્વની વાત છે.

તેમણે મહાકુંભને માનવતાનો અવિસ્મરણીય સાગર, અવિશ્ર્વસનીય દશ્યો અને સમાનતા અને સદ્ભાવનો અસાધારણ સંગમ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે કુંભમાં અમીર અને ગરીબ એક સાથે આવે છે. તમામ લોકો સંગમમાં ડૂબકી લગાવે છે, ભંડારામાં એક સાથે ભોજન કરે છે અને પ્રસાદ ગ્રહણ કરે છે. આ કારણ છે કે કુંભ એકતાનો મહાકુંભ છે. આ કાર્યક્રમ આપણને એ પણ જણાવે છે કે કેવી રીતે આપણી પરંપરાઓ સમગ્ર ભારતને એક સાથે જોડે છે કારણ કે માન્યતાઓનું પાલન કરવાની રીતો ઉત્તરથી દક્ષિણ સુધી સમાન છે.

તેમણે કહ્યું હતું કે કુંભનું આયોજન પ્રયાગરાજ, ઉજ્જૈન, નાસિક અને હરિદ્વારમાં થાય છે અને દેશના દક્ષિણ ભાગમાં પુષ્કરમનું ગોદાવરી, કૃષ્ણા, નર્મદા અને કાવેરી નદીઓના કિનારે આયોજન થાય છે. આ બંને તહેવારો પવિત્ર નદીઓ સાથે જોડાયેલા છે.તેમણે કહ્યું, ‘‘આ તહેવારો ભારતના લોકોને ભારતીય પરંપરાઓ સાથે જોડે છે. જે રીતે આપણા શાસ્રો દુનિયામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પર ભાર મૂકે છે, તેમ આપણા તહેવારો અને પરંપરાઓ પણ આધ્યાત્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક - દરેક પાસાને સશક્ત બનાવે છે.’’ ■

## ચૂંટણી પંચની કામગીરીની પ્રશંસા કરતા વડા પ્રધાન

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ચૂંટણી પંચની સરાહના કરતાં કહ્યું હતું કે પંચે લોકોની તાકાત વધારવા તંત્રજ્ઞાનની તાકાતનો ઉપયોગ કર્યો છે અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયામાં પ્રતિબદ્ધતા દાખવી છે.

નેશનલ વોટર્સ ડે તરીકે ઉજવાતા ચૂંટણી પંચના ૨૫ જાન્યુઆરીના સ્થાપના દિન પહેલાં મોદીએ તેમના ‘મન કી બાત’ના પ્રસારણમાં પંચના વખાણ કર્યાં હતાં. પંચ ભાજપ તરફ પક્ષપાત કરે છે એવી વિરોધ પક્ષની આલોચના મધ્યે મોદીએ પંચની પ્રશંસા કરી હતી. મોદીએ નોંધ લીધી હતી કે ૨૫ જાન્યુઆરીનો દિવસ મહત્ત્વનો છે કારણ કે આ દિવસે ભારતના ચૂંટણી પંચની સ્થાપના થઈ હતી. મોદીએ કહ્યું હતું કે બંધારણના ઘડવૈયાઓએ ચૂંટણી પંચને મહત્ત્વનું સ્થાન આપ્યું હતું અને તેમ જ લોકશાહીમાં લોકોના સહભાગને એટલું જ મહત્ત્વ આપ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે ૧૯૫૧-૫૨માં દેશમાં પહેલી વાર ચૂંટણી યોજાઈ હતી ત્યારે થોડા લોકોને એવી શંકા હતી કે શું દેશમાં લોકશાહી ટકી રહેશે કે નહીં. જોકે આપણી લોકશાહીએ આ બધી શંકાઓને ખોટી પાડી હતી. ભારત લોકશાહીની જનની છે.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા દાયકાઓમાં દેશની લોકશાહી વધુ મજબૂત થઈ છે અને એમાં સમૃદ્ધિ આવી છે. (એજન્સી) ■





**મહાકુંભ :**
પ્રયાગરાજના સંગમમાં મહાકુંભ ચાલુ છે ત્યારે નવી દાખલ કરાયેલી ‘નાગા સાધ્વી’ તેમની ધાર્મિક વિવિધ પાર પાડી રહી હતી. બીજી તસવીરમાં પંચાયતી અખાડા નિરંજનના નવા બનેલા નાગા સાધુઓની ઝલક દેખાય છે. (પીટીઆઈ)

# કાશ્મીરમાં એક અઠવાડિયા સુધી વરસાદની સંભાવના

શ્રીનગરઃ કાશ્મીરમાં લઘુતમ તાપમાનમાં સામાન્ય વધારો નોંધાતાં રહેવાસીઓને કડકડતી ઠંડીથી થોડી રાહત મળી છે. જોકે આ રાહત અલ્પજીવી બની રહેવાની છે. કારણ કે ખીણના ઘણા ભાગોમાં ૨૪ જાન્યુઆરી સુધી વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી.

કાશ્મીરમાં શનિવારની રાત્રે લઘુતમ તાપમાન સામાન્ય કરતાં વધારે હતું. શ્રીનગરમાં પારો માઇનસ ૧ ડિગ્રી રહ્યો હતો, જે ગત રાત્રે માઇનસ ૦.૯ ડિગ્રી સેલ્સિયસ હતો. દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ ૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ હતું. સ્કીઇંગ માટે પ્રખ્યાત ઉત્તર કાશ્મીરના પર્યટનસ્થળ ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઇનસ ૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઇનસ ૨.૮ ડિગ્રી સેલ્સિયસ, પમ્પોર શહેરના કોનિબાલમાં માઇનસ ૨ ડિગ્રી, કુપવાડામાં માઇનસ ૨.૬ ડિગ્રી અને કોકરનાગમાં માઇનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કાશ્મીરમાં એક અઠવાડિયા સુધી વરસાદની શક્યતા છે. વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે આગામી ૩૬ કલાકમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની સંભાવના છે. ૨૨થી ૨૩ જાન્યુઆરી દરમિયાન જમ્મુમાં હળવોથી મધ્યમ વરસાદ અને કાશ્મીરના કેટલાક ભાગોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. ૨૪ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી સુધી હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની ધારણા છે અને ૨૯ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી ફરીથી વરસાદ થવાની શક્યતા છે. નોંધનીય છે કે કાશ્મીરમાં હાલ ૪૦ દિવસનો મહા ઠંડીનો ગાળો ‘ચિલ્લાઇ-કલાન’ ચાલી રહ્યો છે. જે ૩૦ જાન્યુઆરીના રોજ સમાપ્ત થશે. આ દરમિયાન હિમવર્ષાની સૌથી વધુ સંભાવના હોય છે અને તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. ■

# ઉત્તર ભારતમાં શીત લહેર ચાલુ રહી

ચંડીગઢ : પંજાબ અને હરિયાણામાં કાતિલ ઠંડી બરકરાર રહી હતી અને બે રાજ્યોના અનેક વિસ્તારોમાં ધુમ્મસ જોવા મળ્યું હતું. અમૃતસર સૌથી ઠંડું સ્થળ હતું અને ત્યાં તાપમાન ૪.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું હતું. ભટીંડામાં ઉષ્ણતામાન ૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પંજાબના લુધિયાણામાં લઘુતમ તાપમાન ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સામાન્ય ઉષ્ણતામાનથી બે ડિગ્રી ઊંચું હતું. પઠાણકોટમાં ઉષ્ણતામાન ૬.૬ ડિગ્રી સેલ્સિયસ, ગુરદાસપુરમાં ન્યૂનતમ તાપમાન ૭.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ફરિદાકોટમાં ન્યૂનતમ તાપમાન ૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢમાં લઘુતમ ઉષ્ણતામાન ૮.૯ નોંધાયું હતું. હરિયાણામાં અંબાલાનું લઘુતમ તાપમાન ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ હતું. દરમિયાન રાજસ્થાનમાં ઠંડીનું પ્રમાણ ઓછું થયું હતું. અલવરમાં લઘુતમ તાપમાન ૭.૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. (એજન્સી) ■

# ડોનલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થશે ઉદ્યોગપતિ મૂકેશ અંબાણી અને નીતા અંબાણી

વૉશિંગ્ટનઃ ભારતીય ઉદ્યોગપતિ મૂકેશ અંબાણી અને તેમના પત્ની નીતા અંબાણી અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં તે અમેરિકન અબજોપતિઓ, રાજનેતાઓ અને સેલિબ્રિટીઓ સાથે મુલાકાત કરશે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને ટ્રમ્પના વિશેષ અતિથિ તરીકે સમારોહનું આમંત્રણ મળ્યું છે. એક રિપોર્ટ અનુસાર, મુકેશ અંબાણી શનિવારે વૉશિંગ્ટન ડીસી પહોંચ્યા હતા. તેમણે ટ્રમ્પ સાથે કેન્ડલલાઈટ ડિનરમાં પણ હાજરી આપી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ટ્રમ્પ સાથે કેન્ડલ લાઈટ ડિનરમાં ભાગ લેનાર તે એકમાત્ર ભારતીય હતા. આ દરમિયાન તેઓ નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને તેમના પત્ની ઉષા વેન્સને પણ મળ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંબાણી દંપતી ટ્રમ્પ પરિવારના અંગત આમંત્રિતો તરીકે શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેશે. જો કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

ભારતીય ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના પરિવારના ટ્રમ્પ પરિવાર સાથે સારા સંબંધો છે. ૨૦૧૭માં જ્યારે ડોનલ્ડ ટ્રમ્પની પુત્રી ઇવાન્કા ટ્રમ્પ ગ્લોબલ એન્ટરપ્રેન્યોરશિપ સમિટ માટે હૈદરાબાદ આવી હતી ત્યારે અંબાણી ત્યાં હાજર હતા. જ્યારે ઈવાન્કા રાષ્ટ્રપતિ ટ્રમ્પની સલાહકાર હતી. ફેબ્રુઆરી ૨૦૨૦માં ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ભારત આવ્યા ત્યારે અંબાણી પણ હાજર હતા.

વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઇડન અને તેમના પત્ની જીલ બાઇડેન, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અને તેમના પતિ જેન્ટલમેન ડગ એમહોફ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા, જ્યોર્જ ડબ્લ્યુ બુશ અને બિલ ક્લિન્ટન પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે.

આ કાર્યક્રમમાં ટેક ઉદ્યોગસાહસિક ઇલોન મસ્ક, અમેઝોનના સ્થાપક જેફ બેઝોસ, એપલના ચીફ એક્ઝિક્યુટિવ્સ ટિમ કૂક અને માર્ક ઝૂકરબર્ગ, ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન, ગૂગલના ચીફ એક્ઝિક્યુટિવ સુંદર પિચાઈ હાજર રહેશે. ■

# બેંગલૂરુમાં કમોસમી વરસાદ

બેંગલૂરુઃ કર્ણાટકના બેંગલૂરુમાં વહેલી સવારે પડેલા વરસાદે લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા. ભારતીય હવામાન વિભાગ(આઇએમડી)એ માત્ર રાજ્યની રાજધાનીમાં જ નહીં પરંતુ દક્ષિણ આંતરિક કર્ણાટક અને મલનાડ પ્રદેશોમાં પણ વરસાદની આગાહી કરી છે. કર્ણાટક કુદરતી આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર(કેએસએનડીએમસી)એ તેના સત્તાવાર એક્સ હેન્ડલ પર વરસાદની ચેતવણી જારી કરતાં જણાવ્યું કે રાજ્યના દક્ષિણી આંતરિક, દરિયાકાંઠાના અને પહાડી જિલ્લાઓમાં છૂટાછવાયો મધ્યમ વરસાદ પડશે. ઉત્તરીય આંતરિક જિલ્લાઓમાં સૂકા પવન ફૂંકાવાની સંભાવના છે. રાજ્યમાં મધ્યમથી ભારે ધુમ્મસ રહેશે અને છૂટોછવાયો વરસાદ પડશે. રવિવારે એમજી રોડ, જયનગર, હેબ્બલ, સુલ્તાનપાલ્યા, આરટી નગર અને આરઆર નગર જેવા વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો. આઇએમડી અનુસાર બેંગલૂરુમાં અણધાર્યો વરસાદ રાજ્યને પ્રભાવિત કરનારી વ્યાપક હવામાન પેટર્નનો ભાગ હતો. જે શ્રીલંકાના પૂર્વ કિનારે અને બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમમાં રચાયેલ ચક્રવાતના કારણે થયો હતો. ■

# ખ્યાતિ હૉસ્પિટલકાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખ્યાતિ હૉસ્પિટલકાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આરોપી કાર્તિક પટેલને રજૂ કરાયો હતો. ક્રાઈમ બ્રાંચ દ્વારા આરોપીને કોર્ટમાં રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માગ કરવામાં આવી હતી. જોકે બન્ને તરફથી દલીલોને સાંભળ્યા બાદ જજ દ્વારા ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આરોપી કાર્તિક પટેલના ૨૮ જાન્યુઆરી સવારે ૧૧ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર થયા હતા.

કાર્તિક પટેલને રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં સરકારી વકીલે ૧૨ જેટલા મુદ્દા રજૂ કરીને રિમાન્ડની માગણી કરી હતી. સરકારી વકીલ દ્વારા કેટલાક મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જે અનુસાર, વિદેશમાં કોણે આરોપીની રહેવાની સગવડ કરી, કોણ મદદ કરતું હતું. એકાઉન્ટ અને મિટિંગોની મિનિટ બૂક, આયુષ્માન સ્કિમમાં મેળવેલી ૧૬ કરોડથી વધુની રકમ ક્યાં ગઇ, પીએમજય યોજનામાં સરકારી અધિકારી સામેલ છે કે નહીં, કઈ કઈ હૉસ્પિટલમાંથી કેટલું કમિશન આપીને દર્દીઓ ખ્યાતિ હૉસ્પિટલમાં લવાતા હતા, પૈસાના વ્યવહારોની ચકાસણી, સંજય પટોલિયા સહિતના આરોપીઓ સાથે બેસાડીને તપાસ કરવાની બાકી હોવા સહિતના મુદ્દા રજૂ કરી રિમાન્ડ માગવામાં આવ્યા હતા. કાર્તિક પટેલની પૂછપરછ દરમિયાન કૌભાંડ મુદ્દે વધુ ખુલાસા થાય તેવી સંભાવના છે.

ખ્યાતિ હૉસ્પિટલમાં હૃદયની ધમનીઓમાં ૩૦થી ૪૦ ટકાનું જ બ્લોકેજ હોય તેમના ખોટા રિપોર્ટ બનાવી ૮૦થી ૯૦ ટકા સુધીનું બ્લોકેજ દર્શાવાતું હોવાનો પર્દાફાશ થયો હતો. વધુ બ્લોકેજ બતાવી સ્ટેન્ટ મૂકી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી રૂપિયા કમાવવાનું ષડ્યંત્ર રચ્યું હોવાની સરકારી પક્ષે અદાલતમાં રજૂઆત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કુખ્યાત થયેલા ખ્યાતિ હૉસ્પિટલકાંડમાં દર્દીઓના બિનજરૂરી ઓપરેશન કરવામાં આવ્યા હતા અને ત્યાર બાદ કેટલાક દર્દીઓનાં મોત થયાં હતાં. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ખ્યાતિ હૉસ્પિટલના સંચાલકો અને તબીબો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ખ્યાતિ ગ્રૂપના ચેરમેન અને ડાયરેક્ટર કાર્તિક પટેલ વિરુદ્ધ પણ ગુનો નોંધાયો હતો. ખ્યાતિ હૉસ્પિટલ હત્યાકાંડ સમયે કાર્તિક પટેલ વિદેશ હતો. તેથી પોલીસ ધરપકડથી બચવા માટે ઓસ્ટ્રેલિયાથી દુબઈ ભાગ્યો હતો. કાર્તિક પટેલ છેલ્લા ૬૫ દિવસથી ફરાર હતો. તેને ૧૭ જાન્યુઆરીના રોજ અમદાવાદ એરપોર્ટ ખાતેથી ઝડપી લેવામાં આવ્યો હતો. ■

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આગામી સપ્તાહમાં જાહેર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની લોકો અને રાજકીય પક્ષોના નેતાઓ કાગડોળે રાહ જોઈ રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં અટકેલી પાલિકા અને પંચાયતોની ચૂંટણી અંગે અટકળોનું બજાર ગરમ છે. આ દરમિયાન સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, આગામી સપ્તાહમાં બુધ કે ગુરુવારના દિવસે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઇ શકે છે. જ્યારે ૧૩ કે ૧૪ ફેબ્રુઆરીના રોજ મતદાન અને ૧૬ ફેબ્રુઆરીના દિવસે પરિણામોની આવવાની શક્યતાઓ છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઇને મહત્ત્વનું અપડેટ સામે આવ્યું છે. માહિતી પ્રમાણે, પાલિકા અને પંચાયતો પર લાંબા સમયથી લંબાઇ રહેલી ચૂંટણીઓ આવતાં સપ્તાહે જાહેર થઇ શકે છે. બુધવારે ગુજરાત સરકારની કેબિનેટ બેઠક મળ્યા બાદ રાજ્ય ચૂંટણી પંચ જાહેર કરી શકે છે. આ માટે મતદાન ૧૩ કે ૧૪ ફેબ્રુઆરીએ અને ૧૬ ફેબ્રુઆરીએ મતગણતરી થઇ શકે છે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરીએ શરૂ થવા જઇ રહ્યું છે, તે પહેલાં આ ચૂંટણી પ્રક્રિયા આટોપી લેવાય તેવી શક્યતા છે. આ માટેનું જાહેરનામું જાન્યુઆરી માસના અંતિમ દિવસોમાં બહાર પડવાનું હોવાથી ફોર્મ ભરવાથી માંડીને મતદાન સુધીમાં ઉમેદવારોને પ્રચાર માટે માંડ દસેક દિવસનો સમય મળશે.

આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઇ લાગુ કરવાની હોવાથી અગાઉ ચૂંટણીઓ લંબાઇ હતી. તે પછી નવેસરથી સીમાંકન અને રોસ્ટર અમલી કરવાનું હોવાથી મુદત વીત્યા બાદ પણ અઢી વર્ષથી આ ચૂંટણીઓ ટળતા પાલિકાઓમાં વહીવટદાર શાસન લદાયું હતું.

જો કે હવે ખેડા અને બનાસકાંઠા એમ બે જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત, ૭૮ નગરપાલિકા બેઠક અને જૂનાગઢ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ ઉપરાંત કેટલીક પાલિકા અને પંચાયતોની પેટા ચૂંટણીઓ યોજાશે. આ અગાઉ બીજી જાન્યુઆરીએ પંચે ચૂંટણીઓ હેઠળ જનારી બેઠકોની યાદી બહાર પાડી હતી. પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ અધિકારીઓની નિમણૂક કરાઈ છે. ■

### મહાકુંભ મેળાના શ્રદ્ધાળુઓની ઉઘાડી લૂંટ

# અમદાવાદથી પ્રયાગરાજનું વિમાન ભાડું ₹ ૫૦ હજારને વટાવી ગયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળાનો આરંભ થયો છે. મહાકુંભ મેળામાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું છે. આ મેળામાં દેશ-વિદેશથી લોકો પહોંચી રહ્યા છે. ત્યારે બસ-ટ્રેન જેવી ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓમાં વધારો કરાયો છે, જો કે બસ-ટ્રેનમાં લોકોના ધસારાના પગલે ઘણાં લોકો વિમાન દ્વારા ત્યાં પહોંચવાનો પ્રયાસ કરે છે. આ દરમિયાન તકનો લાભ લઈને એરલાઇન્સ કંપનીઓ દ્વારા લોકોને લૂંટવાનું શરૂ કરી દેવાયું છે. આ અસામાન્ય ભાવવધારાને કારણે ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ વધતા ભાડાના કારણે પ્રયાગરાજ કુંભ મેળામાં પહોંચવા માટે લોકોને ભારે પરેશાનીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે. કારણ કે સામાન્ય જનતાને આ ભાડું પોસાય તેમ નથી. તેમ છતાં ના છૂટકે મોંઘા ભાડા ભરીને જવું પડી રહ્યું છે. અત્યારે પ્રયાગરાજ જતી તમામ ટ્રેનો પણ હાઉસફૂલ જોવા મળી રહી છે. અને પ્રાઇવેટ વાહનમાં જવા આવવામાં લોકોનો ટાઇમ ઘણો બગડી રહ્યો છે.

અમદાવાદથી પ્રયાગરાજ પ્લેનના ભાડાની વાત કરવામાં આવે તો, હાલમાં વિમાનનું ભાડું અધધધ ૫૦ હજારને પાર પહોંચી ગયું છે, જે સામાન્ય દિવસોમાં ૫ થી ૬ હજાર જેટલું હોય છે. મળતી વિગતો મુજબ એર ઈન્ડિયાનું ભાડું ૫૯,૨૩૪, આકાસા એરનું ભાડું ૩૦,૦૬૬, એલાયન્સ એરનું ભાડું ૪૮,૩૫૧, ઈન્ડિગોનું ભાડું ૪૫,૨૯૪ અને સ્પાઈસ જેટનું ભાડું વધીને રૂ. ૪૦,૭૪૭ એ પહોંચ્યું છે. આમ મહાકુંભના કારણે વિમાનની ટિકિટના દરમાં સામાન્ય દિવસો કરતાં અંદાજે ૭ ગણો વધારો થઈ ગયો છે. ■

# મુખ્ય પ્રધાને અમદાવાદના કાલુપુર અને સાળંગપુર રેલવે ઓવરબ્રિજને ફોરલેન કરવા સહિતનાં કામો માટે ૨૨૦ કરોડ ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કાલુપુર રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ કામગીરી અંતર્ગત ૪૪૦ કરોડના ખર્ચે કાલુપુર અને સાળંગપુર રેલવે ઓવરબ્રિજને ફોર-લેન સહિતના કામો માટે રાજ્ય સરકારના ૫૦ ટકા શેર તરીકે ૨૨૦ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી હતી. અમદાવાદ રેલવે સ્ટેશનના કાયાકલ્પ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષો જૂના કાલુપુર-સાળંગપુર રેલવે ઓવરબ્રિજના ફોર-લેન સહિતના નવીનીકરણના કામો માટે રાજ્ય સરકારના ફાળા તરીકે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ નાણાં ફાળાવ્યાં હતાં.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના અંતર્ગત રેલવે ઓવરબ્રિજ પહોળા કરવા આ રકમ મંજૂર કરી હતી. અમદાવાદ રેલવે સ્ટેશન પર કાલુપુર રેલ્વે ઓવર બ્રિજનું નિર્માણ ૧૦૮ વર્ષ પહેલા ૧૯૧૫માં તથા સાળંગપુર રેલવે ઓવરબ્રિજનું ૮૩ વર્ષ અગાઉ ૧૯૪૦માં નિર્માણ થયું હતું. હાલમાં આ કાલુપુર રેલવે ઓવરબ્રિજ બન્ને તરફ ફૂટપાથ સાથે થ્રી-લેન અને સાળંગપુર રેલવે ઓવરબ્રિજ ટુ-લેન પહોળાઈ ધરાવે છે.

આ પુલોના લાઈફ સ્પાન અને સલામતી તેમજ વધતા જતા ટ્રાફિકના ભારણને ધ્યાને રાખીને બંને પુલ તોડીને નવેસરથી ફોર-લેન કરવાનું રિકન્સ્ટ્રક્શન રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત, રાધનપુર શહેર તથા ભિલોટ માર્ગ પર હયાત રેલવે ક્રોસિંગ એલસી-૧૦૦-૨ઈ પર નવો ઓવરબ્રિજ બનાવવા માટે ૫૨.૮૩ કરોડ રૂપિયા ફાળવ્યા હતાં.

રાધનપુર-ભિલોટ-સુઈગામને જોડતા આ માર્ગ પર મંજૂર ઓવરબ્રિજ બનવાથી નાગરિકોને માલપરિવહન અને મુસાફરી સરળ બનશે. આ ત્રણેય બ્રિજની કામગીરી માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નાણાંકીય સહાય આપવાનો મુખ્યપ્રધાને નિર્ણય કર્યો હતો.

કાલુપુર રેલવે ઓવરબ્રિજ માટે ૧૦૬.૬૭ કરોડ, સારંગપુર રેલ્વે ઓવર બ્રિજ માટે ૧૧૩.૨૫ કરોડ અને રાધનપુર બ્રિજ માટે ૫૨.૮૩ કરોડ મળી કુલ ૨૭૨.૭૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ નિર્ણયથી ફઆ બંને શહેરોમાં કનેક્ટિવિટી સુગમ બનશે, ટ્રાફિકનું ભારણ ઘટશે અને નાગરિકોના સમય શક્તિ અને ઇંધણની બચત થશે. ■

# બનાસકાંઠા જિલ્લાના વિભાજન મુદ્દે દિયોદર ભાજપના જ ધારાસભ્યનો સરકાર સામે ખુલ્લો વિરોધ

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાનું વિભાજનથી સ્થાનિક લોકોમાં રાજ્ય સરકાર સામે ભરોભાર રોષ છે. શિહોરી, દિયોદર, કાંકરેજ અને ધાનેરામાં સ્થાનિકો વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ મુદ્દે દિયોદરના ભાજપના ધારાસભ્ય કેશાજી ચૌહાણે જ ભાજપ સરકાર સામે બાંયો ચડાવી ઓગડ જિલ્લો બનાવવાની માગ કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે, ઓગડજીની ધરતીને ગૌરવ મળે તે જરૂરી છે. હવે જો હું પાછો પડું તો જણનારીનું ધાવણ લાજે. ઓગડ જિલ્લો બનાવવા સરકાર સામે છેલ્લી ઘડી સુધી લડત લડીશું. કેશાજી ચૌહાણે બગાવતી સૂર છેડતાં મામલો વધુ પેચીદો બન્યો છે. હવે સરકારને આ મામલે ફેર વિચારણા કરવી પડે તેવી સ્થિતિ સર્જાઇ છે કેમકે, પાલિકા-પંચાયતની ચૂંટણીમાં ભાજપને બનાસકાંઠાવાસીઓના વિરોધનો સામનો કરવો પડી શકે છે. બનાસકાંઠા જિલ્લાનું વિભાજનનો નિર્ણય રાજ્યની ભાજપ સરકારની દશા બકરું કાઢતાં ઊંટ પેઠુ હોય તેવી થઇ છે.

ધારાસભ્ય કેશાજી ચૌહાણે ઓગડ જિલ્લો બનાવવાની માંગ બુલંદ કરતાં કહ્યું હતું કે, મારા મત વિસ્તારની જનતાની વાત સાંભળવીએ મારું કર્તવ્ય છે. ઓગડ જિલ્લો બનાવવા સરકારમાં પણ રજૂઆત કરવામાં આવી છે. ઓગડજીની આ ધરતી પવિત્ર ધરતી છે. સત્ય કભી પરાજીત નહી હોતા. વિજય માત્ર ઓગડજીની ધરતીનો જ થશે. ઓગડજીની ધરતીને ગૌરવ મળે. હવે જો હું પાછો પડું તો જણનારીનું ધાવણ લાજે.

ખુદ કેશાજી ચૌહાણે જ લોકોને ઓગડ જિલ્લો ન બને ત્યાં સુધી લડત જારી રાખવા અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓગડ જિલ્લો બનાવવાની માંગ તો કૉંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોર પણ કરી ચૂક્યાં છે. હવે ભાજપના ધારાસભ્ય પણ વિપક્ષની ભૂમિકામાં છે ત્યારે સરકાર પણ ચિંતાતુર બની છે. ■

# અમદાવાદમાં રખડતાં ઢોર અંગે છેલ્લા ૧૦ મહિનામાં માત્ર ૧૦૪૯ ફરિયાદ જ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા રખડતા ઢોર અંગે પૉલિસી જાહેર કરવામાં આવી હતી, જે અંતર્ગત છેલ્લા ૧૦ મહિનામાં રખડતા ઢોર અંગેની ૧૦૪૯ ફરિયાદ નોંધાઈ હતી. આ પૉલિસી જાહેર થઈ તે પહેલા દર મહિને ૩૫૦૦થી ચાર હજાર જેટલી ફરિયાદ નોંધાતી હતી.

અમદાવાદમાં વાડજ, ઓઢવ, હેબતપુર અને નરોડા જેવા વિસ્તારોમાં રોડ પર હવે રખડતા ઢોર વધુ પ્રમાણમાં જોવા મળતાં નથી. મહાનગરપાલિકાના કન્ટ્રોલ રૂમ દ્વારા સીસીટીવી ફૂટેજ દ્વારા દિવસમાં માત્ર બે કે ત્રણ ફોટો આપીને રીપોર્ટ કરવામાં આવે છે. આ સીસીટીવી ફૂટેજને કારણે અગાઉ રોજ ૨૫૦થી ૩૦૦ ફરિયાદ નોંધાતી હતી.

જ્યારથી નવી પોલીસી અમલી બની છે ત્યારથી ૧૮ મહિનામાં ૧૬૨૨૮ રખડતા ઢોરને કેપ્ચર કરવામાં આવ્યા છે અને ૧૨૮૪૭ ઢોરોને પાંજરાપોળમાં ખસેડવામાં આવ્યા છે. પૉલિસી પ્રમાણે જો પશુના માલિકો તેમના ઢોરને લાઇસન્સ મેળવ્યા બાદ પણ રખડતા મૂકી દે છે તો તેમના લાયસન્સ રદ કરી દેવામાં આવે છે.

એપ્રિલ ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૫ની વચ્ચે કુલ ૪૭૬૮ જેટલા રખડતા ઢોર અમદાવાદમાં પકડાયા હતાં, જેમાંથી ૩૨ને છોડી મૂકવામાં આવ્યા હતાં, જ્યારે છેલ્લા ૧૦ મહિનામાં ૬૨૬૩ ઢોરોને પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

જેમાં ઢોરોના માલિકો પાસે દંડ પેટે ૨.૩૬ લાખ રૂપિયા વસૂલ કરાયા હતાં. મહાનગર પાલિકાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્ય સરકારે ૨૦૨૩માં ઢોર નિયંત્રણ પૉલિસીને મંજૂર કર્યા બાદ મહાનગરપાલિકાએ તેનો અમલ ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાથી કર્યો હતો.

કુલ ૧૦૭૭ ઢોરોના લાઇસન્સ અમદાવાદ શહેરમાં ઈશ્યુ કરવામાં આવ્યા છે. ■

# રાહુલ ગાંધીને એ ખ્યાલ નથી કે તેમના પિતા, દાદી અને પરદાદાએ સંવિધાન સાથે કેવાં ચેડાં કર્યાં હતાં: જે.પી. નડ્ડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય પ્રધાન જે.પી. નડ્ડાએ સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત અમદાવાદ ખાતે બાપુનગરમાં બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધીને ખ્યાલ નથી કે, તેમના પિતા, દાદી અને પરદાદાએ સંવિધાન સાથે કેવાં ચેડાં કર્યાં છે. કૉંગ્રેસે ૬૫ વર્ષ સુધી દેશમાં શાસન કર્યું છે અને તેના નેતાઓએ સંવિધાનમાં ચેડાં કરીને મૂળભૂત જોગવાઈઓને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

કેન્દ્રીય પ્રધાન જે.પી. નડ્ડાએ નરેન્દ્ર મોદી સરકાર, ભાજપ અને આરએસએસ વિરૂદ્ધની ટિપ્પણીઓમાં ઈન્ડિયન સ્ટેટ શબ્દનો પ્રયોગ કરવા બદલ રાહુલ ગાંધી પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતાં. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા કહે છે કે ઈન્ડિયન સ્ટેટ સામે લડાઈ છે. પણ તેમને ઈતિહાસનું જ્ઞાન નથી. તેઓ માત્ર તેમની સ્પીચ વાંચે છે. રાહુલ ગાંધીએ તાજેતરમાં કહ્યું હતું કે, ભાજપ અને આરએસએસ ભારતની સંસ્થાઓમાં ચેડાં કરે છે જેથી અમે તેમની સામે લડાઈ લડી રહ્યાં છીએ.

કેન્દ્રીય પ્રધાન જે.પી. નડ્ડાએ કહ્યું હતું કે, આપણે જ્યારે ૭૬મો ગણતંત્ર દિવસ ઊજવી રહ્યાં છીએ ત્યારે આપણે જાણવું જોઈએ કે, કોણે સંવિધાન સાથે ચેડાં કર્યા છે અને તેની મૂળભૂત જોગવાઈઓને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. રાહુલ ગાંધી તેમની રેલીઓમાં હાથમાં સંવિધાનની કોપી રાખીને સતત ભાજપ પર પ્રહારો કરે છે, પરંતુ તેમને ખ્યાલ નથી કે, તેમના પિતા, દાદી અને પરદાદાએ સંવિધાન સાથે શું કર્યું છે તેમણે પહેલા આ જાણવું જોઈએ.

બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, સંવિધાન કેટલું પણ સારું હોય પણ જો તેને લાગુ કરવા વાળા ખરાબ છે, તો તે કામયાબ નહિ થાય, અને સંવિધાન કેટલું પણ ખરાબ હોય તેને લાગુ કરવા વાળા સારા હોય તો તે કામયાબ જ થશે. સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા સમગ્ર દેશને એક કરવામાં આવ્યો ત્યારે નહેરુએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીર મારા પર છોડી દો અને પછી ધારા ૩૭૦ બની ગઈ. વડા પ્રધાન મોદી સત્તામાં આવ્યા અને અમિત શાહની રણનીતિને કારણે જમ્મુ-કાશ્મીરમાંથી ૨૦૧૯માં ૩૭૦ની કલમને હટાવવામાં આવી હતી. ઈન્દિરા ગાંધીએ સંવિધાનમાં ચેડા કરી કટોકટી લાદી હતી અને ૧.૩૫ લાખ લોકોને જેલ ભેગા કરી દીધા હતાં. ■

# રાજ્યમાં અલગ ટ્રાફિક ફોર્સ માટેની વ્યવસ્થા કેવી રીતે ગોઠવી શકાય તેનો અહેવાલ રજૂ કરવા હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વડનગર ખાતેથી કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે તાજેતરમાં માર્ગ સલામતિ અભિયાનની શરૂઆત કરાવી હતી. ત્યાર બાદ પોલીસ તંત્રએ લોકોને ટ્રાફિકના નિયમો પાળવા માટે સક્રિયતા દાખવી હતી. બીજી તરફ હાઈ કોર્ટે રાજ્યમાં મોટા શહેરોમાં ટ્રાફિક પોલીસની એક અલગ પ્રકારની શાખા ઊભી કરવા માટે રાજ્ય સરકારને સૂચન કર્યું હતું અને વ્યવસ્થા કેવી રીતે ઉભી કરી શકાય તેનો એક અહેવાલ તૈયાર કરી રજૂ કરવા આદેશ કર્યો હતો.

હાઈ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, રાજ્યમાં નાના અને મોટા શહેરોમાં હેલ્મેટનો અમલ થયો છે કે નહીં તે બાબતે રજિસ્ટ્રાર જનરલને એક રીપોર્ટ સબમિટ કરવા આદેશ કર્યો હતો. તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓએ પણ હેલ્મેટ ફરજિયાત પહેરવું પડશે તેવો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. હાઇ કોર્ટના આ પરિપત્ર બાદ રાજ્ય સરકારના અલગ અલગ વિભાગોએ પણ પોતાના કર્મચારીઓ માટે આવો નિયમ લાગુ કર્યો હતો.

અમદાવાદ શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ, તૂટેલા રસ્તાઓ અને ટ્રાફિકજામની સમસ્યાઓ બાબતે એક સુઓ મોટો પીઆઈએલ ગુજરાત હાઇ કોર્ટમાં ચાલી રહી છે. અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ દ્વારા સરકારી વકીલને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, રાજ્યમાં ટ્રાફિક પોલીસની અલગ કેડર છે કે નહીં ત્યારે સરકારી વકીલ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે બિનહથિયાર ધારી પોલીસ કોન્સ્ટેબલો અને અધિકારીઓને પ્રતિનિયુક્તિ ઉપર ટ્રાફિક શાખામાં મૂકવામાં આવે છે.

કોર્ટે હેલ્મેટના નિયમો ટ્રાફિક મેનેજમેન્ટ અને પોલીસ રિક્રુટમેન્ટ બાબતે અન્ય પીઆઈએલ પણ થઈ હોવાથી તેમાં સરકારી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામા સહિત તમામ કાગળો ભેગા કરીને રજૂ કરવાનો આદેશ કર્યો હતો. રાજ્યમાં અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરવા માટે પણ શકયતાઓ છે કે, નહીં તે બાબતે અહેવાલ રજૂ કરવા હાઇ કોર્ટે સરકારને આદેશ કર્યો હતો. આ બાબતે વધુ સુનાવણી ૧૪ ફેબ્રુઆરીએ હાથ ધરાશે. ■

# શૅરબજારમાં મોટા નફાની લાલચ આપી ઠગતા ત્રણ ઝડપાયા: આરોપીઓનાં ૨૦૦ ખાતાં સામે દેશમાં ૫૫૦ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં શૅરબજારમાં રોકાણ કરવાના બહાને ઠગાઈ કરતી ગૅંગના ત્રણ આરોપીઓની સાયબર ક્રાઈમે ધરપકડ કરી હતી. પોલીસે આ આરોપીઓ પાસેથી ૨૦૦થી બેન્ક એકાઉન્ટ સહિત ૧૧૨ જેટલી ચેકબુક, ૪૮ પાસબુક સહિત ૩૭ લાખથી વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. આરોપીઓ પાસેથી મળેલા બૅન્ક એકાઉન્ટ સામે દેશમાં અલગ અલગ જગ્યાએ ૫૫૦ ફરિયાદો નોંધાઈ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું.

અમદાવાદમાં ૧૯ જાન્યુઆરીએ એક વ્યક્તિએ સાયબર ક્રાઈમમાં પોતાની સાથે ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીને આરોપીઓએ સોશિયલ મીડિયા થકી શૅરબજારના એક ગ્રૂપમાં જોડી દેવાયા હતાં, જેમાં રોકાણ કરવાની ટીપ્સ આપીને મોટા નફાની લાલચ અપાઈ હતી. આરોપીઓએ ફરિયાદીને મોટો નફો બતાવ્યો હતો અને તેમની પાસેથી ૫૯.૦૬ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતાં.

આ કેસ અંગે સાયબર ક્રાઈમે તપાસ આરંભી હતી. જેમાં અમદાવાદના ત્રણ આરોપી પ્રકાશ પરમાર, પ્રિયંક ઠક્કર અને કેવલ ગઢવીની ધરપકડ કરાઈ હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૧૨ મોબાઈલ ફોન, ૪૬ અલગ અલગ બૅન્કની પાસબુક, ૩૩ અલગ અલગ ડેબિટ કાર્ડ, ૧૭ અન્ય પાસબુક, ૩૮ સીમકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ, ૩૭ લાખ રોકડા, કેસ કાઉન્ટિંગ મશીન, સવાઇપ મશીન, લેપટોપ સહિત કુલ ૩૭.૫૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ગુનાના અન્ય આરોપીના ઘરે તપાસ કરતા ત્યાંથી અલગ અલગ બૅન્કની ૧૧૨ જેટલી ચેકબુક, ૪૮ પાસબુક, ૨૮ ક્રેડિટ કાર્ડના કીટ, ૧૧ સીમકાર્ડ, ૮૯ માર્કશીટ, સર્ટિફિકેટ, લેટરપેડ અને ૩ સ્ટેમ્પ મળી આવ્યા હતા. આરોપીઓ પાસેથી કુલ ૨૦૦ જેટલા બેક એકાઉન્ટ મળી આવ્યા હતા, જેની તપાસ કરતા દેશભરમાંથી ડિજિટલ એરેસ્ટ, શૅરબજાર ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને અન્ય ફ્રોડ એક્ટિવિટીની આ એકાઉન્ટ વિરુદ્ધમાં ૫૫૦થી વધારે ફરિયાદ નોંધાયેલી છે જેની તપાસ ચાલુ છે. ■

# ગુજરાતમાં તલોદ અને સુરતમાં સર્જાયેલા ચાર અકસ્માતમાં પાંચ લોકોનાં મોત: બે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. રાજ્યમાં સાબરકાંઠાના તલોદ અને સુરતમાં ચાર ગોઝારા અકસ્માતમાં પાંચ લોકોના મોત નિપજ્યાં હતાં અને બે વ્યક્તિને ગંભીર ઈજાઓ થઈ હતી. તલોદ પોલીસે બંને ઘટનાઓમાં ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સાબરકાંઠાના તલોદમાં એક જ રાતમાં સર્જાયેલા બે અકસ્માતમાં મોપેડ લઈને જઈ રહેલા દંપતીનું અને બાઈક સવાર યુવકનું મોત નિપજ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના તલોદમાં શનિવારે રાત્રે બે અલગ-અલગ સ્થળે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. પ્રથમ અકસ્માત સાંજે વાવડી ચોકડી પાસે થયો, જ્યાં જેનપુરના ખેડૂત મહેન્દ્રસિંહ વખતસિંહ ઝાલા અને તેમનાં પત્ની મનહરબા મોપેડ પર દવાખાને જઈ રહ્યાં હતાં. વાવડીથી જેનપુર તરફ જતી કાર સાથે અકસ્માત થતાં બંનેનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં.

બીજો અકસ્માત સાંજે પાશીના મુવાડા ગામની સીમમાં ડેગમાર તળાવ પાસે થયો. આંત્રોલી પૂજાજીવાસના જિતેન્દ્રસિંહ રણજિતસિંહ પરમાર બાઇક પર ધનસુરાના ધામણિયા ખાતે સાસરી જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. તલોદ પોલીસે બંને ઘટનામાં ફરિયાદ નોંધી છે.

તે ઉપરાંત સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાયણ ગામના ઓવરબ્રિજ પાસે પૂરઝડપે આવી રહેલા ટ્રકના ચાલકે બાઈક પર જઈ રહેલા પરિવારને અડફેટે લીધો હતો.બાઈક પર સવાર સતીશભાઈ નાકરાણીની પત્ની પર ટ્રકનું ટાયર ફરી વળતાં તેઓનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

જ્યારે તેમની દીકરીને ગંભીર ઈજાઓ થતાં તેને હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. પરંતુ ત્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. બાઈકચાલક સતીશભાઈને શરીરે નાની મોટી ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઓલપાડ પોલીસ સમગ્ર ઘટનાને લઇને ડમ્પર ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

તાપીના વાલોડ તાલુકાના બાજીપુરા ગામની સીમમાં નેશનલ હાઇવે પર ઈકો કાર અને પિકઅપ વાહન વચ્ચે થયેલા ભીષણ અકસ્માતમાં ઈકો કારનો ચાલક ગંભીર ઇજાગ્રસ્ત થતાં કારમાં ફસાઈ ગયો હતો.

કારમાં ફસાયેલા ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ટીમે કટર મશીનનો ઉપયોગ કરીને કારનો ભાગ કાપવો પડ્યો હતો. ■

# વડોદરામાં ક્રાઈમ બ્રાંચની ઓળખ આપી યુવકનું અપહરણ કરીને ૧૦ લાખની ખંડણી માગતા ત્રણ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નકલીની ભરમાર વચ્ચે વડોદરા શહેરમાં ક્રાઈમ બ્રાંચની ઓળખ આપીને યુવકનું અપહરણ કરીને ૧૦ લાખની ખંડણી માંગનારા આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો. આ ગુનાની કાર્યવાહી દરમિયાન પોલીસે ત્રણ શખ્સની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા શહેરના કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ગત ૧૭મી જાન્યુઆરીએ અપહરણ, ખંડણી અને ધમકી આપનારા શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી, જેમાં ફરિયાદી આશિક હસન મુલ્લાને આરોપીઓએ ગાંધીનગર ક્રાઈમ બ્રાંચમાંથી આવ્યા હોવાની ઓળખ આપીને માર માર્યો હતો અને તેનું અપહરણ કરીને વડોદરાથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. આ શખ્સોએ ફરિયાદીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગી હતી અને પૈસા નહીં આપે તો મારી નાખવાની ધમકી આપી હતી.

આરોપીઓએ ફરિયાદીના બૅન્ક એકાઉન્ટમાંથી બળજબરીથી ૧.૪૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી દીધા હતાં અને તેનો મોબાઈલ ફોન લઈને ફરિયાદીને રાત્રિના સમયે અમદાવાદ ઉતારી દીધો હતો. આ ઘટનાની તપાસ શરૂ કરી કપુરાઈ પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને પકડવા ટીમ બનાવી હતી. સીસીટીવી અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે ત્રણ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતાં. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈ મૅરથનમય



## ઑફિસના ૪૦ સાથીઓએ પહેલી જ વાર મૅરથનમાં ભાગ લીધો



'અમે ૪૦ જણે પહેલી જ વખત મુંબઈ મૅરથનમાં ભાગ લીધો અને એમાંના અદ્ભુત વાતાવરણથી ખૂબ ખુશ થયા છીએ. જેમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ સાથે અમે બધા સંકળાયેલા છીએ અને આ મૅરથનમાં ભાગ લેવા માટેની પહેલ કરવામાં અમને અનિલજી, શ્રીકાંતજીનો બહુ સારો સાથ મળ્યો છે. રીમા ઠક્કર, પાર્થ પિંપળે વગેરે સાથીઓનો પણ મૅરથન માટે બહુ સારો સપોર્ટ મળ્યો. અમે બધા સરેરાશ ૩૫ વર્ષના છીએ અને અમે ૫.૯ કિલોમીટરની ડ્રીમ રન ૪૨થી ૪૫ મિનિટમાં પૂરી કરી. અમે બધાએ નક્કી કર્યું છે કે આવતા વર્ષે પણ ભાગ લઈશું. એટલું જ નહીં, બીજાને પણ પ્રોત્સાહિત કરીશું.'

**ભાવિન ખોરાસિયા, કાંદિવલી**

## મૅરથનમાં મદદરૂપ થયા



'અમારું મૅડ ફાઉન્ડેશન ખાસ કરીને પાલઘર જિલ્લાના વિક્રમગઢ તાલુકામાં આદિવાસી બાળકોના કલ્યાણ માટે કામ કરે છે. આ તાલુકાની હૉસ્ટેલમાં રહેતાં ૧૧૦ બાળકોને અમે મદદ કરીએ છીએ. અમે ત્રણ-ચાર વર્ષથી મુંબઈ મૅરથનમાં ભાગ લીધો અને એમાં ખૂબ આનંદ મેળવ્યો તેમ જ મૅરથન ખૂબ મદદરૂપ થઈ, પણ આ વખતે શિવાજી પાર્ક ખાતે મુખ્ય મૅરથનમાં ભાગ લેનાર સ્પર્ધકો માટે (તેમના રૂટ પર) સ્ટૉલ પણ રાખ્યો હતો.

**હરેશ શાહ, માટુંગા (વેસ્ટ)**

## અદ્ભુત આનંદ મળ્યો



'ફિટનેસ વિશે અમે બધા ફ્રેન્ડ્સ તેમ જ કલીગ્સ વર્ષોથી ખૂબ સતર્ક છીએ અને થોડાં વર્ષોથી ફિટનેસ જાળવવામાં અમારા માટે મૅરથન બહુ સારું માધ્યમ બની ગયું છે. અમારામાં કેટલાકે અગાઉ મુંબઈ મૅરથનમાં ભાગ લીધો હતો અને થોડા વર્ષથી એ ગ્રૂપમાં વધુ મેમ્બર્સ ઉમેરાતા ગયા છે. અમારે વધુ મિત્રોને પ્રોત્સાહિત કરીને મૅરથન માટે ગ્રૂપ મોટું કરવું છે. રનિંગ-જૉગિંગનો મને ખૂબ શોખ છે જ, ક્રિકેટ પણ મારું પૅશન છે. ફરી ફિટનેસની વાત કરું તો સમય મળે ત્યારે હું મારી મોટી ઑફિસમાં પણ થોડું ચાલી લઉં છું. જૈન છું એટલે ડાયટની બાબતમાં પરફેક્શન સારું જ રહેવાનું. બાકી, મુંબઈ મૅરથનમાં અમે બધાએ અદ્ભુત આનંદ મેળવ્યો.'

**પ્રતીક શાહ, કાંદિવલી**

## મારી દીકરી પ્રેરણા બની



ગયા વર્ષે મારી દીકરીએ મૅરથનમાં ભાગ લીધો હતો અને એ જોઇને મને પણ પ્રેરણા મળી. એટલે જ મેં આ વર્ષે મૅરથનમાં દોડવાનું નક્કી કર્યું હતું. અહીંનું વાતાવરણ એટલું બધું સકારાત્મક છે કે તમારા પગ આપમેળે જ દોડવા માટે તૈયાર થઇ જાય. મૅરથનની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી હતી અને સ્વયંસેવકો સારી રીતે ધ્યાન આપતા હતા. અમે હેલ્થ કોન્શિયસ છીએ અને અમે દરરોજ યોગા અને વોક કરવાની સાથે કસરત પણ કરીએ છીએ. આજની પેઢી હજી એટલી આગળ નથી આવી, પણ ધીરે ધીરે તેઓ પણ હેલ્થ અંગે ધ્યાન આપી રહી છે. કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ ખાસ પ્રકારનું ધ્યાન રાખવાની જરૂર છે.

**મીનલ પઠાણ, ખારઘર**


## છેલ્લાં ત્રણ વર્ષથી સ્પર્ધામાં ભાગ લઉં છું



ગયા વર્ષે હું ફર્સ્ટ આવી હતી અને મને મેડલ મળ્યો હતો. જોકે હું છેલ્લાં ૩ વર્ષથી મૅરથન સ્પર્ધામાં ભાગ લઇ રહી છું. મને મારા પરિવારનો હંમેશાં સહકાર સાંપડ્યો છે. મૅરથનમાં ભાગ લેવાનું કારણ એ છે કે અહીં તમામ પ્રકારની વ્યવસ્થા હોય છે. પાણી કે એનર્જી ડ્રિન્ક આસાનીથી દરેક ઠેકાણે મળી જતાં હોય છે. આથી કોઇ પણ પ્રકારની તકલીફ થવાનો સંભવ નથી રહેતો. ફિટનેસનું ધ્યાન રાખવું પડતું હોય છે. ઓવરઓલ મૅરથન સ્પર્ધામાં ભાગ લેવાનો અનુભવ સારો રહ્યો.

**મનીષા સંઘવી, બ્રીચ કૅન્ડી**

## દર વર્ષે ભાગ લઉં છું...



હું રોટરી ક્લબનો સભ્ય છું અને અમારા ક્લબના ઘણા સભ્યોએ આમાં ભાગ લીધો છે. ડ્રીમ રન એક ફન ઈવેન્ટ છે. મૅરથનમાં દોડવાથી તમારી કેટલી ક્ષમતા છે એ પણ ખબર પડે છે. ફિટનેસ અંગે જાગૃતિ હોય તો તમે આવી કોઇ પણ સ્પર્ધામાં ભાગ લઇ શકો છો.

આ માટે હું દરરોજ યોગ અને વોક કરતો હોઉં છું. આજની યુવા પેઢી પણ હેલ્થ માટે ખૂબ જ કોન્શિયસ છે.

મૅરથનમાં મોટા ભાગે યુવાનો દોડતા જોવા મળતા હોય છે. હું દર વર્ષે ભાગ લઉં છું અને આવતા વર્ષે પણ લઇશ.

**અતુલ શાહ, મલબાર હિલ**

## બનાવટી આક્ષેપો અને ખોટા કેસોનો શિકાર થતાં પુરુષોની મદદે...




'છેડતીના તથા બળાત્કારના બનાવટી આક્ષેપોનો શિકાર બનતા પુરુષો તેમ જ છૂટાછેડા તથા બાળકની કસ્ટડી મેળવવા સંબંધિત કેસોમાં ખોટી રીતે પરેશાન થતા પુરુષો અને પરિવારોને અમારી સંસ્થા 'વાસ્તવ ફાઉન્ડેશન' વિનામૂલ્યે કાનૂની વિષયક યોગ્ય માર્ગદર્શન આપે છે અને આવા ગંભીર કેસોમાં (કાયદાની આંટીઘૂંટીથી બચીને, વકીલોની ખોટી સલાહથી બચીને) શું અને કેવી રીતે ઉકેલ લાવી શકાય એ સમજાવીએ છીએ. 'બનાવટી આક્ષેપોથી ડરો નહીં, કાનૂન મુજબ આગળ વધો' એવા સંદેશ સાથે અમે પત્નીની કે સ્ત્રીઓની ખોટી હેરાનગતિથી પરેશાન પુરુષોને સલાહ આપીએ છીએ. દર રવિવારે બોરીવલી, મુલુંડ, વાશીમાં બે કલાક અમે મીટિંગ રાખીએ છીએ જેમાં આવા જટિલ કેસોમાં અમે ગાઇડન્સ આપીએ છીએ. અમારા ૩૦૦ મેમ્બર્સમાંથી ૧૦૦ જણે ડ્રીમ રનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**મંથન પટેલ, કાંદિવલી**

## ધરતીમાતાની રક્ષા માટે ઉકેલ બતાવતી થીમ

'હું અને મારી પત્ની મિત્તલ છેલ્લાં ૧૫ વર્ષથી અમારા ૨૦ વર્ષીય જોડિયા પુત્રો અક્ષય તથા લક્ષ્ય સાથે મુંબઈ મૅરથનમાં અન્યો માટે પ્રેરક બની શકે એવી વિવિધ થીમ સાથે ભાગ લઈ રહ્યા છીએ. આ વખતે પગ્લોબલ વૉર્મિંગ ક્લાઇમેટ ચેન્જ' વિશેની જાગૃતિ અમારી મુખ્ય થીમ હતી. ઠેર-ઠેર વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે જે અટકવું જોઈએ. આ મૅરથનમાં લોકો માટે અમારો મુખ્ય સંદેશ એ હતો કે આપણી ધરતીમાતાને બચાવવી હોય તો ત્રણ ઉપાય અત્યંત જરૂરી છેઃ પ્રદૂષણ ઘટાડવા બને એટલા જાહેરજનતા માટેનાં




વાહનોનો ઉપયોગ કરો, તમારા ઘરમાં તેમ જ વર્ક પ્લેસમાં વધુને વધુ ઊર્જા બચાવો અને બને એટલા વધુ વૃક્ષોની વાવણી કરો અને આપણી પૃથ્વીને ગ્લોબલ વૉર્મિંગથી બચાવો. દર વર્ષે અમે સપરિવાર મુંબઈ મૅરથનમાં ભાગ લઈએ છીએ અને એમાં મારી બહેન ખ્યાતિ, બહેનના પુત્ર સ્મિત તથા પુત્રી તનિશાનો પણ સમાવેશ હોય છે.'

**મિતેન શાહ, ગ્રાન્ટ રોડ (વેસ્ટ)**

## કન્ટીન્યુટી ઈઝ ધ કીઃ હિતેશ ગુટકા




હું છેલ્લા પંદર વર્ષથી મેરેથોન દોડી રહ્યો છું અને આ મારી ૩૨૫મી વૈશ્વિક મેરેથોન છે. હું ન્યૂયોર્ક, શિકાગો, ફૂકેટ સહિત આખી દુનિયામાં મેરેથોનમાં સહભાગી થયો છું. મારા મતે આયોજન અને વ્યવસ્થાને દયાનમાં રાખીને મુંબઈ મેરેથોન દુનિયાના ટોપ ટેનમાં આવી શકે છે. હું દોડતો હતો ત્યારે ૨૦-૨૫ કિલોમીટર દોડ્યા પછી જોયું તો દિપ્તી ભાટિયા (૨૫) ઐશ્વર્યા (૨૫) અને પ્રફુલ્લ ગડા (૫૦) મેરેથોન છોડવાનો વિચાર કરી રહ્યા હતા, તેમણે મને જોયો અને મારી ૬૪ વર્ષની ઉંમર છતાં દોડી રહ્યો હોવાથી તેઓ મારી સાથે વાત કરવા લાગ્યા, મેં તેમને હતાશા ખંખેરીને દોડતા રહેવા પ્રોત્સાહન આપ્યું હતું અને મારી સાથે અડધા દોડતા અડધા ઝડપી ચાલીને બાકીનું અંતર પૂરું કરાવ્યું હતું.

**-હિતેશ ગુટકા, પ્રભાદેવી**

## હિન્દુ મરણ

મોરબી નિવાસી હાલ રાજકોટ કનૈયાલાલ ઝવેરચંદભાઇ કારીયાના પુત્ર નવીનભાઇ (ઉં. વ. ૬૫) તા. ૧૯-૧-૨૫ના અવસાન પામેલ છે. તે સતિષભાઇ, મુકેશભાઇ, કપિલાબેન, જ્યોત્સનાબેનના ભાઇ. સાગર અને રીચાના પિતા. તથા જેઠાલાલ માણેકલાલ પૂજારાના જમાઇ. તથા રાજુભાઇના બનેવીનું બેસણું તથા સાદડી તા. ૨૦-૧-૨૫ના ઓમકારેશ્વર મહાદેવ મંદિર, શ્રીજીપાર્ક શેરી નં. ૨, પતાશા હોટલની સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે સાંજે ૪થી ૫.

સ્વ. મણીબેન નરશીદાસ સવાણી સ્વ. તા. ૧૮-૧-૨૫ના શનિવાર. બેસણું તા. ૨૦-૧-૨૫ના સોમવારે સવારે ૮.૩૦થી ૧૦. ઠે. ઉમાભવન, માતૃશ્રી જેઠીબેન ગોરધનભાઇ ગોવાણી, જે. કે. ચોક યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. રાજેન્દ્રભાઇ નરશીભાઇ સવાણી, રૂપલબેન રાજેન્દ્રભાઇ સવાણી, જેનીલ રાજેન્દ્રભાઇ સવાણી, મૈત્રી જેનીલભાઇ સવાણી. પ્રિયંકા ઋષીકુમાર ડઢાણીયા.

**કપોળ**

ડુંગર નિવાસી હાલ કાંદિવલી જેઠાલાલ વ્રજલાલ મહેતાના ધર્મપત્ની અ. સૌ. વીણાબેન (ઉં. વ. ૭૧) શનિવાર, તા. ૧૮-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વિરેન, ઉત્સવ, મમતા, ધારા કેતન મહેતા, મનીષા પ્રજ્ઞેશ કાણકિયાના માતુશ્રી. પિયર પક્ષે જમરાળાવાળા (કિલ્લા પારડી) સ્વ. મંગળાબેન રમણીકલાલ ગોપાલજી મહેતાની દીકરી. સ્વ. ડો. રાજેન્દ્રભાઇ તથા બીપીનભાઇ જશવંતરાય મહેતા, સ્વ. કંચનબેન પારેખ, સ્વ. રમાબેન પારેખ, અ. સૌ. ઉષાબેન શેઠના બહેન. સ્વ. પ્રતાપભાઇના ભાઇના પત્ની. સ્વ. હીરાબેન, સ્વ. સવિતાબેન, ગં. સ્વ. પ્રભાબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

મહેન્દ્ર (ઉં. વ. ૭૭) સ્વ. લક્ષ્મીબાઇ કરસનદાસ આશર માંડવીવાલાનાં પુત્ર. સ્વ. કસ્તુરબાઇ કેશવજી આશરનાં જમાઇ. મીના (પુનીતા)નાં પતિ. ચી. બૈજુનાં પિતાશ્રી. સ્વ. પ્રતીક્ષા કરસનદાસ પોરેચા, સ્વ. ચંદ્રસેન, સ્વ. હેમલતા જમનાદાસ ટોપરાણી, સ્વ. ભગવાનદાસ, નલીનભાઇ, સ્વ. દેવયાની મહેન્દ્ર વેદ, અ. સૌ. પદમીની ચંદ્રકુમાર દુતિયા, કુ. ચારૂલતાના ભાઇ, શુક્રવાર તા. ૧૭-૧-૨૫ના શ્રીનાચરણ પામ્યા છે. પ્રાર્થનાસભ સોમવાર, તા. ૨૦-૧-૨૫ના ગુરૂહરીકિશન હાઇસ્કૂલ, નોર્થ એવેન્યુ, રાજેશ ખન્ના ગાર્ડન પાસે, સાંતાક્રુઝ (વેસ્ટ), સાંજે ૬થી ૭.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ભાવનગર નિવાસી હાલ વિલે પાર્લે મુંબઇ, રમેશભાઇ કાંતિલાલ શાહ (૯૨વર્ષ) તે સ્વ. મધુકાન્તા બેનના પતિ. મુકેશ, ભરત અને પારુલ કમલેશ અજમેરાના પિતા. ભાવના તથા પૂર્વીના સસરા. તે એકતા આશય મહેતા, કુનાલ, પ્રણાલી અનીશ મિસ્ત્રી, સિદ્ધાર્થના દાદાજી. તે વરુણ, જતનના નાનાજી. તે સ્વ. નલિનીબેન જસવંતરાઈ મોદી અને ઇલાબેન તરૂણભાઈ શાહના ભાઇ ૧૮/૧/૨૫ શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા ૨૦/૧/૨૫ સોમવારે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન હોલ, ચંદન સિનેમા પાછળ, જેઆર મ્હાત્રે માર્ગ, જેવીપીડી સ્કીમ, મુંબઈ ૪૦૦૦૪૯ મધ્યે સાંજના ૫ થી ૭ માં રાખેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

મહુવા નિવાસી હાલ મીરારોડ સ્વ. નટવરલાલ વલ્લભદાસ મોદી તથા સ્વ. દમયંતીબેનના પુત્ર ઘનશ્યામભાઈ (ઉં. વ. ૬૨) તે ૧૮/૧/૨૫ ના અક્ષરનિવાસી પામેલ છે. તે ગીતાબેનના પતિ. હરિકૃષ્ણ તથા ઉપાસનાના પિતા. જાગૃતિબેન તથા રિષભકુમારના સસરા. જસાપરાવાળા હાલ દહિસરના ગં.સ્વ. રમાબેન ભાઈશંકર પંડ્યાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૦/૧/૨૫ ના ૪ થી ૬ કલાકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, પહેલે માળે, સેક્ટર ૧૦, શાંતિ નગર, મીરારોડ ઈસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

પેસી શાવકશા સીધવા તે મરહુમ જોલી પેસી સીધવાના ખાવીંદ. તે મરહુમો શાવકશા તથા બાનબાઇના દીકરા. તે કર્યોમર્ઝ ને બીનાયફર વીસ્પી પટેલના બાવાજી. તે હુતોકસી ને વીસ્પીના સસરા. તે હવોવી દાદાચાનજી ને મરહુમ પરવેઝ સીધવાના ભાઇ. તે મરહુમો પુટલીબાઇ ને સોરાબજી ચોકસીના જમાઇ. તે ફારાહ પટેલના મમાવા સસરા. તે સમાપરા પટેલના મોટા પપ્પા. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૪૦૨, દીના બિલ્ડિંગ, ૪થો માળ, ૫૩, મહર્ષિ કર્વે રોડ, મરીન લાઇન્સ, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે કરાની અગિયારી, ખુશરૂ બાગ, કોલાબા.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી વોરા મણીલાલ ડુંગરશીના પુત્ર સ્વ. ઇન્દ્રવદનભાઇના ધર્મપત્ની સરલાબેન (સેજલબેન) (ઉં. વ. ૭૩) તે રવિવાર તા. ૧૯-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. કલ્પેશ, માનસી, દિશાના મમ્મી. તે શીતલ, નિલેશકુમાર, દિશાંતકુમારના સાસુ. સ્વ. હિંમતભાઇ, જયસુખભાઇ, સ્વ. હીરાબેન મહેતા, કમળાબેન દોશી, સરલાબેન શાહ, ઉર્મિલાબેન દોશીના ભાભી. તે દલીચંદ નાગરદાસ શાહ ટાણાવાળાના પુત્રી. તે સ્વ. કિશોરભાઇ, અરવિંદભાઇ, હરેશભાઇ, અરુણાબેન વિરેન્દ્રકુમારના બહેન. સાદડી ૪થી ૬, તા. ૨૦-૧-૨૫ના. ઠે. એ,૧૦૦૪ મણિભદ્ર ટાવર, સિલ્વર પાર્ક, જૈન મંદિર રોડ, શિવા સલોનની બાજુમાં, સર્વોદય પાર્શ્વનાથ નગર, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પીપરાળા હાલે લાકડીયાના અ.સૌ. ચંપાબેન કાનજી નિસર (ઉં. વ. ૭૩) તા. ૧૬-૦૧-૨૫ના સાગારી સંથારા સાથે અવસાન પામેલ છે. સ્વ. લખમીબેન રામજી રાજાના પુત્રવધૂ. જિતેન્દ્ર, ચેતન, ચંદ્રેશના માતુશ્રી. સ્વ. તેજાંબેન, માનુંબેન હાથીરામ આણંદજી ગડાના દીકરી. લખમીબેન રતનશી શાહ, અમૃતબેન દેવશી છાડવા, અ.સૌ. જવેરબેન કિરણ છેડાના બેન. પ્રાર્થના સ્થળઃ શ્રી વ.સ્થા. જૈ.શ્રા.સં.સં.કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ) સમયઃ ૧૦.૩૦ થી ૧૨. પ્રાર્થના બાદ બરવિધિ રાખેલ છે. નિવાસ : ચેતન નિસર, અલોકા હાઇટસ બીલ્ડીંગ, ફ્લેટ નં. ૯૦૩, જ્ઞાન મંદિર રોડ, દાદર (પશ્ચિમ) મું. ૨૮.

બિદડા ખાખરીયો ફરીયોના હિરાવતી દેઢિયા (ઉં. વ. ૯૪) ૧૮-૧ના સમાધી મરણ પામ્યા છે. કુંવરબાઇ ટોકરશીના પુત્રવધુ. હિરજી (કાકુવેલા)ના પત્ની. પ્રદીપ, મુકેશ, ભરત, જયંત, પ્રિતી, જયશ્રીના માતુશ્રી. ભાનુમતી પાસુ ખિયંસી ફુરીયાના પુત્રી. રમીલા, હસમુખના બેન. પ્રાર્થના રાખેલ નથી. એ. કોકીલા દેઢીયા, ૩ આકાશ દીપ, જૈન મંદિર રોડ, વિરાર (વે.) ૩૦૩.

લાખાપરના નાનજી મોણશી ગાલા (ઉં. વ. ૯૩) ૧૭-૧ ના અવસાન પામ્યા છે. વેલબાઈ મોણશી વેલજીના પુત્ર. મીનાબેનના પતિ. વિનોદ, અરવિંદ, પ્રવિણના પિતા. હંસરાજ મોણશી, વડાલા પાનબાઈ ભવાનજીના ભાઈ. કુંદરોડી બુધ્ધીબાઈ માલસી કાનજીના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુ હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. અરવિંદ ગાલાઃ ૨૦૧, રોઝબીન એંકલેવ, સ્ટે. રોડ, ભાયંદર (વે.) ૧૦૧.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મુલુંડ સ્વ. રાયચંદ વેલચંદ શાહના સુપુત્ર ચંદ્રકાન્તભાઇ (ઉં. વ. ૬૯) શનિવાર, તા. ૧૮-૧-૨૫ના પાલીતાણા મુકામે અરિહંતશરણ પામ્યા છે. તે રંજનબેનના પતિ. સ્વ. રજનીકાંતભાઇ, કોકીલાબેન હિતેન્દ્રકુમાર, પ્રતિભાબેન જિતેન્દ્રકુમારના ભાઇ. સ્વ. પ્રજ્ઞાબેન અને સરયુબેનના દેર. અભિ, ભાવિશા, અમીષા, નેહાના પિતા. સોનેશકુમાર, મિલનકુમાર, અમિતકુમારના સસરા. સાસરા પક્ષે વલ્લભીપુરવાળા સેવંતીલાલ ભગવાનદાસ દોશીના જમાઇ. બન્ને પક્ષની સાદડી સોમવાર, તા. ૨૦-૧-૨૫ના બપોરે ૩થી ૫. ઠે : ૭૦૩, આકૃતિ આશ્વી અપાર્ટમેન્ટ, એસ. એન. રોડ, તાંબેનગર, મોરબીવાળા સ્વીટ માર્ટની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

# પુણે-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શિવશાહી બસ આગમાં ખાખ

### ડ્રાઈવરની સતર્કતાને કારણે ૧૨ પ્રવાસીનો જીવ બચ્યો

મુંબઈઃ પુણે-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શિવશાહી બસ રવિવારે આગની લપેટમાં આવી ગઇ હતી. પુણેથી મુંબઈ આવી રહેલી આ બસમાં સવારે નવ વાગ્યે અચાનક જ આગ લાગવાની ઘટના બની હતી. ડ્રાઈવરની સતર્કતાને કારણે બસમાં પ્રવાસ કરી રહેલા ૧૨ જણનો આબાદ બચાવ થયો હતો. બસમાં લાગેલી આગને કારણે મુંબઈ તરફ આવતો ટ્રાફિક જૅમ થયો હતો.

નસીબજોગ આ અકસ્માતમાં કોઇ જાનહાનિ થઇ નહોતી. ઘટના બાદ થોડા સમય માટે ટ્રાફિક જૅમ થયો હતો. અગ્નિશમન દળે બર્નિંગ બસને તાત્કાલિક બુઝાવી દીધી હતી. અડધા કલાક બાદ ટ્રાફિક પણ પૂર્વવત થઇ ગયો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું. પુણે-મુંબઈ માર્ગ પર વાહનોની આગ લાગવાની ઘટના વધી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

# 'બેસ્ટ'ના વીજ ગ્રાહકોને આંચકો, અદાણી - ટાટાના વપરાશકારોને રાહત

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમના ૧૦ લાખ ૫૦ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર છે, કારણ કે તેણે આગામી પાંચ વર્ષ (૨૦૨૫-૨૬થી ૨૦૨૯-૩૦) માટે વીજ દરમાં વધારો કરવાની દરખાસ્ત કરી છે. દરમિયાન અદાણી ઇલેક્ટ્રિસિટી મુંબઇ લિમિટેડ (એઇએમએલ)ના ૨૯ લાખ ગ્રાહકો અને ટાટા પાવરના ૭.૫ લાખ ગ્રાહકોને આ જ સમયગાળા માટે તેમના વીજ દરમાં વર્ષ-દર-વર્ષ ઘટાડાનો લાભ મળવાનો છે. 'બેસ્ટ' મુંબઈના શહેરમાં કફ પરેડથી સાયન/માહિમ સુધીના ૧૦ લાખ ૫૦ હજાર ગ્રાહકોને વીજળી પૂરી પાડે છે. મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (એમઇઆરસી)ને સુપરત કરવામાં આવેલી તેની બહુ-વર્ષીય ટેરિફ દરખાસ્ત અનુસાર બેસ્ટ આર્થિક રીતે સૌથી નબળા ગ્રાહકો માટે દર વધારવા માગે છે. ગરીબી રેખાની નીચે (૦-૧૦૦ યુનિટ) અને ૧૦૧-૩૦૦ યુનિટ કેટેગરીના ટેરિફ હાલના ₹૧.૮૭ અને ₹૫.૪૬ પ્રતિ યુનિટના દર વધારી ૨૦૨૫-૨૬માં અનુક્રમે ₹૨ અને ₹૫.૫૫ પ્રતિ યુનિટ થશે. આર્થિક રીતે નબળા વર્ગો માટે વીજળી મોંઘી કરવા માગતું 'બેસ્ટ' વધુ વીજ વપરાશકરો માટેના દરમાં નજીવો ઘટાડો સૂચવ્યો છે. ૩૦૧-૫૦૦ યુનિટનો ઉપયોગ કરતા ગ્રાહકોને ૨૦૨૫-૨૬માં પ્રતિ યુનિટ ₹૯.૪૬થી સહેજ ઘટીને ₹૯.૪૫ સુધીનો ઘટાડો જોવા મળશે, જ્યારે ૫૦૦ યુનિટથી વધુનો વપરાશ કરનારાઓ વર્તમાન ₹૧૧.૭૩ને બદલે ₹૧૧.૫૫ પ્રતિ યુનિટ ચૂકવશે.

# બીડમાં કાગડાઓનું મરવાનું કારણ બર્ડ ફ્લૂ હતું

મુંબઈઃ બે દિવસ પહેલાં રહસ્યમય રીતે ૫૧ કાગડા મૃત અવસ્થામાં મળી આવ્યા હોવા અંગે તેઓનાં મૃત્યુ બર્ડ ફ્લુને કારણે થયાં હોવાનું સામે આવ્યું હતું. સત્તાવાળાઓએ રોગના ફેલાવાને રોકવા માટે નિવારક પગલાં લેવાનું શરૂ કર્યું છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ભોપાલ વેટરનરી લેબોરેટરીના અહેવાલમાં જાણવા મળ્યું છે કે ઉદગીર શહેરમાં કાગડાઓ એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (એચ-૫એન-૧)થી મૃત્યુ પામ્યા છે, એવું પશુપાલન વિભાગના ડેપ્યુટી કમિશનર ડો. શ્રીધર શિંદેએ જણાવ્યું હતું. શનિવારે ઉદગીર શહેરમાં ૫૧ જેટલા કાગડા મૃત અવસ્થામાં મળી આવ્યા હતા.

## નવમા પાનાનું ચાલુ

### હું નથી અભિમન્યુ

ગુનેગારોને ફાંસી આપવાની માગણી કરી હતી.

'ગુનાની કોઈ જાતિ કે ધર્મ હોતો નથી પરંતુ આ ઘટનાને કારણે એક સમુદાયને જાણી જોઈને નિશાન બનાવવામાં આવી રહ્યો છે, એવો દાવો મુંડેએ કર્યો હતો.

આ હત્યામાં એક જાતિનો ખૂણો પણ ઉમેરવામાં આવ્યો છે કારણ કે મોટાભાગના આરોપીઓ વણજારી સમુદાયના છે, મુંડે પોતે પણ વણજારી સમાજના છે, જ્યારે મૃતક દેશમુખ મરાઠા હતા.

મુંડેએ પવારનો તેમના સમર્થન બદલ આભાર માન્યો અને કહ્યું કે બાદમાં આ માટે ખલનાયક તરીકે લેબલ કરવામાં આવી રહ્યું છે.

મુંડેએ કહ્યું કે તેમણે ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન તત્કાલીન ભાજપ-શિવસેના સરકાર (દેવેન્દ્ર ફડણવીસની) વિરુદ્ધ અનેક ઝુંબેશ ચલાવી હતી.

મુંડેએ દાવો કર્યો કે નવમી ડિસેમ્બરે સરપંચ દેશમુખની હત્યા બાદ મીડિયા ટ્રાયલ તેમજ સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવતા બીડમાં સામાજિક વાતાવરણ સંવેદનશીલ બની ગયું છે. (પીટીઆઈ)

### શપથ ન લેવાનું કહેવામાં આવ્યું હોવા છતાં...

શિર્ડીમાં એનસીપીના નવ-સંકલ્પ શિબિર - ૨૦૨૫ કાર્યક્રમમાં બોલતા, રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન ધનંજય મુંડેએ ૨૦૧૯માં વહેલી સવારે યોજાયેલા શપથ ગ્રહણ સમારોહ અંગે એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. મુંડેએ કહ્યું હતું કે, જ્યારથી હું એનસીપીમાં જોડાયો છું, ત્યારથી હું અજિત પવારને નેતા તરીકે ટેકો આપું છું.

ઘણી વાર, અજિત પવારને ખલનાયક તરીકે દર્શાવવાના પ્રયાસો થયા. મેં ૨૦૧૪થી ૨૦૧૯ સુધી વિપક્ષના નેતા તરીકે સેવા આપી. પક્ષના પતન દરમિયાન, તેમણે ચાર યાત્રાઓમાં ભાગ લીધો, જેમાં હલ્લાબોલ, પરિવર્તન, શિવ-સ્વરાજ્ય અને અન્યનો સમાવેશ થાય છે, અને સમગ્ર મહારાષ્ટ્રને મંત્રમુગ્ધ કરી દીધું.

મેં ૨૦૧૯માં કહ્યું હતું કે સવારના શપથ ન લો. તેમણે એ શપથ લીધા પણ સજા મને મળી હતી.

ધનંજય મુંડેએ કહ્યું, મેં સામાજિક ન્યાય પ્રધાન તરીકે સારું કામ કર્યું હતું, તે સમય દરમિયાન ઘણા ક્રાંતિકારી નિર્ણયો લેવામાં આવ્યા, જેમ કે ગામડાઓ અને વસાહતોના જાતિ આધારિત નામ બદલવા અને શેરડી કામદાર કલ્યાણ નિગમની સ્થાપના. હું કૃષિ પ્રધાન હતો જેણે એક વર્ષમાં ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનો પાક વીમો મેળવ્યો હતો. જોકે, તેની ટીકા પણ થઈ હતી. 'જે લોકો અર્ધસત્ય બોલીને મને બદનામ કરે છે તેઓ આ વિશે વાત કરતા નથી.'

### ખરાબ છબી ધરાવતા

સ્થાન નથી. કોઈ ગેરવર્તણૂંક ન થવી જોઈએ. જે લોકો ખોટું કરે છે તેમને હાંકી કાઢવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

'દરેક પ્રધાનના કાર્યાલયમાં તબીબી સહાય સેલ હશે. અમે એક અરજી તૈયાર કરી રહ્યા છીએ. આવતા મહિને દરેક જિલ્લામાં આરોગ્ય રાજદૂતોની નિમણૂક કરવામાં આવે. અમે વચનોને અમલમાં મૂકવા માટે એક સેલ પણ બનાવીશું જે એનસીપી અને પ્રધાનોના કાર્યાલયોમાંથી કાર્ય કરશે,' એમ તેમણે ઉમેર્યું હતું. પવારે કહ્યું કે એનસીપી ગણેશ ઉત્સવ સુધીમાં દરેક મતવિસ્તારમાં ઓછામાં ઓછું એક ચૂંટણી વચન પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે.

### વિપક્ષો નરેટિવ ન બનાવે

કર્યા વગર કામે રાખ્યો હતો. આ પ્રકરણે તેમના પર પણ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે આ કેસમાં બધી કડીઓ શોધી લીધી છે. તેને જાણકારી નહોતી કે આ કોઈ અભિનેતાનું ઘર છે. તેને કોઈએ એટલું કહ્યું હતું કે અહીં બધા શ્રીમંતો રહે છે. આથી તે ચોરી કરવા માટે ત્યાં ગયો હતો, એમ અજિત પવારે કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રની કાયદો અને વ્યવસ્થા સારી રાખવા માટે સરકાર પ્રયાસ કરી રહી છે. વિધાનસભા ચૂંટણી પછી વિપક્ષ પાસે કોઈ મુદ્દો બચ્યો ન હોવાથી તેઓ નવો મુદ્દો મળતાંની સાથે જ ફેક નરેટિવ સેટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### માત્ર પચીસ હજાર

વ્યાપક નેટવર્ક બહાર આવ્યું છે. ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ મેળવવાનો, બનાવટી ઓળખ મેળવવાનો અને રોજગારી શોધવાનો ખર્ચ માત્ર પચીસ હજાર રૂપિયા હતો. તપાસમાં એ બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો કે ઘૂસણખોરી માટે પસંદ કરવામાં આવેલા માર્ગ કેટલો જોખમી છે એના આધારે એજન્ટ દ્વારા લેવામાં આવતી ફીનો આંકડો નક્કી થતો હતો.

### પત્નીના ત્રાસથી

હૉસ્પિટલમાં લઈ જવાયો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે ભરતના મોબાઈલ ફોનમાંથી વીડિયો મળ્યો હતો, જેમાં ભરતે પત્ની પર આક્ષેપો કર્યા છે. પત્નીના ત્રાસથી કંટાળીને તેણે જીવન ટૂંકાવ્યું હોવાની ફરિયાદ ભરતના ભાઈ મનસુખે કરી હતી. ફરિયાદને આધારે પોલીસે પત્ની વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# ધર્મતેજ

# વિજ્ઞાનના સદુપયોગ ને દુરુપયોગ વચ્ચે પૃથ્વી વેદના અનુભવે છે

## મહાપુરુષના સંગનું મહત્ત્વ

મનન
હેમંત વાળા
feedback@bombay samachar.com



**નારદ-સૂત્રમાં** જણાવ્યું છે કે મહત્સઙ્ગસ્તુદુર્લભોઽગમ્યોઽમોઘશ્ચ અર્થાત્ મહાપુરુષોનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે. નારદ મુનિ દ્વારા કથિત આ શાસ્ત્રમાં નારદ મુનિ દ્વારા કરાયેલી આ વાત મુખ્યત્વે ભક્ત માટે હોઈ શકે, પરંતુ મહાપુરુષના નિર્ધારણનો વ્યાપ વિશાળ છે. મહાપુરુષ એટલે એવી વ્યક્તિ કે જેના સંગથી અતિ મુશ્કેલ જણાતો અગમ તરફનો પ્રવાસ પણ સરળ બની રહે અને અંતિમ લક્ષ્ય સુધી પહોંચવું સંભવી શકે.

મહાપુરુષ એટલે એવી વ્યક્તિ કે જે પુરુષ તરીકેની સામાન્ય નબળાઈઓથી મુક્ત હોય. જે વ્યક્તિ ષટ્ રિપુની અસરથી મુક્ત હોય, વિવેકસભર હોય, જેના વ્યવહારમાં સંયમ જળવાતો હોય, જે સ્થિતપ્રજ્ઞ પણ હોય અને ગુણાતીત પણ હોય, ભક્તને હોય તે પ્રમાણેની તેને ઈશ્વરમાં શ્રદ્ધા હોય અને યોગી સમાન તે નિર્વિકલ્પતામાં સ્થિત હોય, દુનિયાના પ્રપંચથી જે દૂર હોય, માયા અને મમતાથી જે મુક્ત હોય, હું અને મારું જેવી બાબતો જેને સ્પર્શતી ન હોય, જેમણે આત્મસાક્ષાત્કાર કર્યો હોય, પોતાના ગુરુદેવની જેના પર અપાર કૃપા હોય, સાક્ષીભાવે માત્ર નિમિત્ત કર્મ કરવાનો જેમનો ધર્મ હોય, કોઈ પણ જાતના લગાવ વગર જે મુમુક્ષુ બનીને જીવન વ્યતીત કરતી હોય અને જેમનો આ અંતિમ જન્મ હોય - અને છતાં પણ પ્રકૃતિની ઇચ્છા હોય તો ફરીથી અવતરિત થવાની જેમની તૈયારી હોય, તે વ્યક્તિ મહાપુરુષ.

સંગ એટલે સાંનિધ્ય. સંગ એટલે અસર કરી શકે તેવી સ્થિતિ. સંગમાં જે તે બાબતનું પ્રભુત્વ સ્થપાયેલું રહે, ક્યાંક વ્યક્તિગત બાબતો બિન-અસરકારક બની રહે, પ્રભુત્વ સ્થાપી શકે તેવી બાહ્ય બાબતોની હયાતી જે પ્રમાણમાં નબળી વ્યક્તિને કાબૂમાં કરી શકે તેવી બાબત. સંગ, કુસંગ પણ હોઈ શકે અને સત્સંગ પણ. સ્વાભાવિક છે કે જ્યારે મહાપુરુષ સાથેના સંગની વાત થતી હોય ત્યારે સત્સંગનો ઉલ્લેખ થાય. સત્સંગને કારણે તે મહાપુરુષની હકારાત્મક બાબતોની અસર સચોટતાથી, યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં અસર કરે. તે મહાપુરુષની સાત્ત્વિકતા, ધાર્મિકતા, આધ્યાત્મિકતા, સત્યપરાયણતા કે દિવ્યતા કંઈક છાપ છોડી જાય. સંગને કારણે જ આ બધું સંભવી શકે.

દુર્લભ એટલે જે સહેલાઈથી પ્રાપ્ત ન થઈ શકે તેવી ઘટના. દેહધારી માટે ઘણી બાબતો દુર્લભ છે. તે ઇચ્છા પ્રમાણે જન્મ ધારણ નથી કરી શકતો અને મૃત્યુ માટે પણ અનિશ્ચિતતા હોય છે. સ્મૃતિ અને વિસ્મૃતિ પરનું નિયંત્રણ પણ તેના માટે દુર્લભ છે. તે પોતાના જ કામ - ક્રોધ - લોભને કાબૂમાં નથી કરી શકતો. સૂચિ તો ઘણી લાંબી છે. દુર્લભ બાબતો ઘણી છે, પણ તે બધામાં મહાપુરુષના સંગને અહીં દુર્લભ ગણાવાયો છે. ઘણી બધી બાબતો માટે પૂર્વજન્મના સંસ્કારો જરૂરી બની રહે. અમુક પ્રકારની પ્રાપ્તિમાં અવરોધ તરીકે આગળનાં કર્મોનાં લેખાંજોખાં વચ્ચે આવે. તેથી જ કહેવાયું છે કે મનુષ્ય દુર્લભ છે. તેમાં પણ ધર્મ અને સત્ય પર આસ્થા રાખનાર માનવી વધુ દુર્લભ છે. આ દિશામાં પ્રયત્ન કરનાર વ્યક્તિ તેનાથી પણ વધુ દુર્લભ છે. આ માર્ગ પર ચાલીને અંતિમ સ્થાને પહોંચનાર અતિ દુર્લભ છે. મહાપુરુષનો સંગ એટલે આ દુર્લભની પ્રાપ્તિની સંભાવના.

સામાન્ય સમજ પ્રમાણે કહીએ તો અગમ્ય એટલે જેની ગતિ સમજી ન શકાય તેવી ઘટના. અગમ્ય એટલે એવી પરિસ્થિતિ કે જે બાબતે જરા પણ જ્ઞાન ન હોય. અગમ્ય એટલે સાવ જ અંધકાર-યુક્ત સ્થિતિ. જ્યાં બુદ્ધિ પહોંચી ન શકે, મન તથા ઇન્દ્રિયોનો જ્યાં પ્રવેશ ન હોય, ત્યાં જવા માટે કોઈ પણ રસ્તા માટે કોઈ પણ ખાતરી ન આપી શકાય, જ્યાં પહોંચવા માટે કશે જ પહોંચવાની જરૂરિયાત ન હોય, જે હોવા માટે માત્ર શ્રદ્ધા હોય - તે અને તેવી પૂર્ણ, સાત્ત્વિક, ન્યાયુક્ત, સત્ય આધારિત સ્થિતિ એટલે અગમ્ય. આવી સ્થિતિ કે સ્થાન સુધી પહોંચવામાં એ જ મદદ કરી શકે કે જે અગમ્યમાં પ્રવેશી ચૂક્યું હોય અને તે છે મહાપુરુષ, સદ્ગુરુ, સંત મહાત્મા, જ્ઞાનયુક્ત યોગી, પરમ ભક્ત - પૂર્ણતાને અનુભવી ચૂકેલ વ્યક્તિત્વ. આ સર્વેનો સમન્વય એટલે નારદ મુનિ દ્વારા દર્શાવાયેલ મહાપુરુષ.

અમોઘ એટલે એવી બાબત કે જે ક્યારેય નિષ્ફળ ન જાય. અમોઘ એટલે એવું શસ્ત્ર કે જે પરિણામ લાવે જ. અમોઘ હંમેશા પરિણામલક્ષી હોય. અમોઘ એક પ્રકારની ખાતરી છે, એક પ્રકારનો વિશ્વાસ છે. સત્ય અમોઘ છે, ધર્મ અમોઘ છે. શ્રીરામનું બાણ, શ્રીકૃષ્ણનું સુદર્શન, શિવજીનું પિનાક, ઉપનિષદનું જ્ઞાન, સાંખ્ય દર્શનના સિદ્ધાંત, યોગશાસ્ત્રની ક્રિયા, વેદોનું તાત્પર્ય, ગીતાનો સંદેશ, ગુરુદેવનો આશીર્વાદ, કુળદેવીની મમતા, ઇષ્ટદેવની પ્રસાદી અને મહાપુરુષનો સત્સંગ - આ અને આવી બાબતો પૂર્ણતાને પામવા માટે અમોઘ ગણાય. આ જ જીવનનું લક્ષ્ય છે અને આ જ તે લક્ષ્ય સિદ્ધ કરવાનું સાધન.

નારદ મુનિ અહીં સરળતાથી મુક્તિનો માર્ગ બતાવી દે છે. ■

માનસ મંથન

મોરારિબાપુ
feedback@
bombaysamachar.com



देखि सेतु अति सुंदर रचना। बिहसी कृपानिधि बोले बचना।।
मम कृत सेतु जो दरसनु करिही। सो बिनु श्रम भवसागर तरिही।।

**ભગવાન** રામેશ્વરની અવર્ણનીય કરુણાથી ફરી એકવાર વર્ષો પછી રામેશ્વરની આ ઉત્તમ ધરણીમાં, આ પરમધામમાં નવ દિવસ રામકથાનું આયોજન થયું અને આજથી આપણે એના શ્રી ગણેશ કરી રહ્યા છીએ.એવી પાવન પળોમાં ભગવાન રામેશ્વરની વંદના કરીને, માં ભગવતી દેવીને પ્રણામ કરીને, વિશ્વનાથ મહાદેવને પ્રણામ કરીને, અહીંની રામકાલીન અને એ પૂર્વેની સમસ્ત ચેતના અને પ્રણામ કરીને કથાનો આરંભ થઈ રહ્યો છે. આપ સૌનું સ્વાગત છે.

હું બપોરે વિચારી રહ્યો હતો કે અહીં ક્યાં વિષય પર શિવ-અભિષેક કરીએ? ભગવાન મહાદેવ એ ‘રામચરિત માનસ’ ને ગંગા કહી છે. અને તમે એ તો સ્વીકારશો જ કે ગંગા વિશે શિવથી વધારે તો બીજું કોણ જાણતું હશે? ગંગા વિશે શિવથી વધારે ઓથોરિટી તમે કોને ગણશો? તો હવે શિવ તત્ત્વોને કેન્દ્રમાં રાખી કથા કહીશ કદાચ વર્ષો પહેલા અહીં એક કથા ‘માનસ-સેતુ બંધ’ વિષય પર થઈ છે. આ કથામાં આપણે ‘માનસ-સેતુની’ સાત્ત્વિક તાત્ત્વિક ચર્ચા કરીશું. કારણ કે આજે સમગ્ર વિશ્વને ભગવાન વિશ્વનાથ દ્વારા જે સેતુ રચાયો છે એ સેતુની નિતાંત જરૂર છે. આખરે રામકથા શું કહેવા માંગે છે? માણસનો અર્થ હૃદય છે. માનસનો અર્થ મન પણ છે. રસખાનની બોલીમાં કહું તો માણસનો એક અર્થ માણસ. તો માણસ એટલે માણસ અથવા તો માનવ. માનવ-માનવ વચ્ચે સેતુ ખૂબ જ આવશ્યક છે. માનસ એટલે જો મન કહીએ તો મન અને મનની વચ્ચે સેતુ ખૂબ જ આવશ્યક છે. માનસ એટલે હૃદય; તો હૃદય-હૃદયની વચ્ચે પણ સેતુ થવો વિશ્વ માટે અત્યંત આવશ્યક છે.

તુલસીએ માનસમાં એક સેતુનું નામ લખ્યું છે ભિન્નસેતુ. રામેશ્વરમની આ ભૂમિ પર આપણા ભારતના રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ સાહેબ થઈ ગયા; જેઓ આ ભૂમિના પુત્ર છે. તેઓ ‘મિસાઈલ મેન’ હતા.. પરંતુ એમની મિસાઈલ શાંતિની મિસાઈલ હતી. આજે ભાઈ-ભાઈ ભિન્નસેતુ થતા જાય છે. પતિ-પત્ની ભિન્નસેતુ થતા જાય છે. બાપ-દીકરો ભિન્નસેતુ થતાં જાય છે. ધર્મ-ધર્મ, જાતી-જાતી ભિન્નસેતુ થતાં જાય છે. ખબર નહિ શું થઈ ગયું છે આ જગતને! એક બાજુ સંવેદનશીલ વિજ્ઞાન આ પૃથ્વીને બહુ જ સુંદર બનાવવાની કોશિશમાં છે અને બીજી તરફ સંવેદનહીન વિજ્ઞાન એ જ સુંદરતાને નષ્ટ- ભ્રષ્ટ કરવા મથી રહ્યું છે! એવી વખતે હૃદયનો સેતુ, મનનો સેતુ, માનવ માનવ વચ્ચેનો સેતુ અત્યંત જરૂરી છે. આવો મેસેજ લઈ ‘માનસ’ આવે છે.

રામ છે પ્રણવ, પ્રણવ છે સેતુ. રામ અમૃત છે. રામનામ અમૃત છે.

धन्यास्ते कृतिन: पिबन्ति सततं शीरामनामामृतम्।

આ પ્રસંગ, ‘માનસ રામેશ્વરમ્’ થી બહુ વિચારજો, હું આપને પ્રાર્થના કરું છું કે પરિવારમાં પણ અમૃત ત્યારે નીકળશે જ્યારે તમે રામનામથી સેતુ બનાવશો. એકબીજાને Control કરવામાં ડટ્યા રહેશો તો અમૃત નહીં નીકળે, જ્વાળાઓ ભડકશે, उठी उदधि उर अंतरज्वाला। જો મંથનથી તમે પરિવારમાં-આપના પરિવારથી, તમારી પોતાની જાતથી શરૂઆત કરો, મંથનથી કદાચ અમૃત નીકળી ગયું તો પણ તકરારનું મૂળ હશે, લડાવશે, કાપાકાપી કરાવશે. મંથનથી પ્રક્રિયા પછી અમૃત મળ્યું એને વહેંચવામાં પ્રભુથી પણ ભેદ થઈ ગયો છે, પંક્તિભેદ-અમૃત એકને વારુણિ એ પંક્તિભેદ, અહીં વધુ આપવું, અહીં ઓછું આપવું એ કર્મને કારણે હરિને યુગે યુગે અવતરવું પડશે. મારાં યુવાન ભાઈ-બહેનો, જે સેતુબંધ કરશે તેને અમૃતની પ્રાપ્તિ થશે. દેવ અને દાનવો સ્વાર્થને લઈ એકઠા થયા હતા અને સમુદ્ર મંથન કર્યું હતું પણ વિષ નીકળ્યું! અમૃત નીકળ્યું તો તે ઝગડાનું કારણ બન્યું. અમૃતે વેર કરાવી દીધું. મારી સમજમાં તો જે અમૃત નીકળ્યું તે વિષ બનીને જ નીકળ્યું કારણ કે તેણે વેરઝેર ઊભું કર્યું. અમૃત મળે ત્યાગથી. પરિવારમાં પણ તમે જ્યારે રામનામથી સેતુ બનાવશો ત્યારે અમૃત પ્રાપ્ત થશે. એકબીજાને કંટ્રોલ કરવામાં પડ્યા રહેશો તો અમૃત નહીં નીકળે. પરિવારમાં તમે ત્યાગથી સેતુ કરો. એકબીજા વચ્ચે સેતુ નિર્માણ કરો. સાસુ વહુને મથે, અમૃત નહીં નીકળે. વહુ સાસુને મથે, વિષ નીકળશે. ભાઈ-ભાઈને મથશે તો અમૃત નહીં વિષ નીકળશે. પરિવારમાં તો સતત બધા એકબીજાને ઝેર પિવડાવવાની ચેષ્ઠામાં પડ્યા છે! કટુ વચન બોલવા એ ઝેર છે. પરિવારમાં જો કોઈ શંકર નીકળે તો વાત જુદી છે, નહિતર એ વિષ કોણ પીશે? તમારી સ્વભાવની જડતા છોડીને સરળ ચિત્ત થઈને રહો ત્યારે સેતુરૂપી અમૃતની પ્રાપ્તિ થશે. દરેક જગ્યાએ સેતુ હોવો જોઈએ. ભાઈ-ભાઈ વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, સાસુ ને વહુની વચ્ચે, નાનાભાઈ ને મોટાભાઈની વચ્ચે, ગુરુ-શિષ્ય વચ્ચે, વક્તા અને શ્રોતાની વચ્ચે, દરેક જગ્યાએ સેતુબંધ બનવો જોઈએ અને એ થશે ત્યાગથી. અમૃતત્વ ત્યાગથી મળશે.

હું આપને સેતુબંધના આધાર પર કહી રહ્યો હતો, દરેક જગ્યાએ સેતુ હોવો જોઈએ. ભાઈ ભાઈની વચ્ચે, પતિ પત્ની વચ્ચે, સાસુ વહુની વચ્ચે, નાનાં ભાઈ મોટા ભાઈ વચ્ચે, દેરાણી જેઠાણીની વચ્ચે, વક્તા શ્રોતાની વચ્ચે,મિત્ર મિત્ર,ગુરુ શિષ્યની વચ્ચે સેતુબંધ હોવો જોઈએ. ગુરુ અને શિષ્યની વચ્ચે પણ શ્રદ્ધા અને કરુણાનો સેતુ હોય,અહીંથી તમે શ્રદ્ધા લઈને જાઓ સેતુ પરથી,આ બાજુથી ગુરુ કરુણા લઈને આવે,એ સેતુ પર બંને ચાલે. શિષ્ય ચાલે છે શ્રદ્ધા લઈને, ગુરુ અનુભૂતિઓ અને કરુણા લઈને તમારી પાસે આવે અને વચ્ચે બંનેનું મિલન થઈ જાય છે. તેથી સેતુ નિર્માણ કરો. સેતુબંધ કરો, સેતુબંધ બનાવવા માટે ભગવાને પહેલાં પૂજા નથી કરી, શિવની સ્થાપના કરી છે. જો સેતુબંધ કરશો તો રેતીમાંથી પણ શિવલિંગ નીકળશે. એકવાર માણસ જીવનમાં સેતુબંધ કરી લે તો રેતીમાંથી પણ તેના જીવનમાં શિવ સ્થાપના થઈ જાય છે. સામાન્ય વસ્તુથી પણ ભગવાનની અનુભૂતિ થવા માંડે છે.

(સંકલન : જયદેવ માંકડ)■

## ગજેન્દ્રમોક્ષ

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombay samachar.com



ગજેન્દ્રમોક્ષની કથા ‘શ્રીમદ્ભાગવત’ અને ‘મહાભારત’ એમ બંને ગ્રંથોમાં છે. ગજેન્દ્રમોક્ષની કથા એક અધ્યાત્મપ્રેરક કથા છે. કથાનું બાહ્ય સ્વરૂપ આ પ્રમાણે છેઃ

ક્ષીરસાગરમાં ત્રિકૂટ નામનો એક પર્વત છે. આ પર્વતને ત્રણ શિખરો છેઃ એક શિખર ચાંદીનું, બીજું સોનાનું અને ત્રીજું લોઢાનું છે. આ ત્રિકૂટ પર્વતની તળેટીમાં ગાઢ જંગલ છે. આ જંગલમાં અનેકવિધ પ્રાણીઓ વસે છે. જંગલની વચ્ચે એક વિશાળ સરોવર છે.

એક વાર એક મહાન હાથી (ગજેન્દ્ર) પોતાના વિશાળ જૂથ સાથે તે સરોવરમાં પાણી પીવા માટે આવ્યો. પાણી પીવા માટે આ ગજેન્દ્ર ક્રીડાર્થે સરોવરમાં પ્રવેશ્યો. ગજેન્દ્ર પોતાની હાથણીઓ તથા બચ્ચાંઓ સાથે ક્રીડામાં વ્યસ્ત હતો તે વખતે સરોવરમાં વસતા એક મહાન ગ્રાહે (મગરમચ્છે) હાથીનો પગ પકડ્યો. ગ્રાહ જોરપૂર્વક ગજેન્દ્રને ઊંડા પાણીમાં ખેંચવા લાગ્યો. બંને વચ્ચે મહાન વિગ્રહ શરૂ થયો. ગજેન્દ્ર ગ્રાહની પકડમાંથી છૂટીને બહાર આવવા માટે માટે પ્રચંડ પુરુષાર્થ કરવા લાગ્યો, પરંતુ પાણીમાં ગજેન્દ્ર કરતાં ગ્રાહનું બળ વધુ હોય છે, તેથી ગ્રાહ ગજેન્દ્રને વધુ ને વધુ ઊંડા પાણીમાં ખેંચી ગયો. હાથણીઓએ ગજેન્દ્રને ગ્રાહની પકડમાંથી છોડાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ પણ કશું કરી શકી નહીં. ગજેન્દ્રનું બળ ઘટવા માંડ્યું અને ગ્રાહનું બળ વધવા લાગ્યું.

ગજેન્દ્ર અને ગ્રાહનું આ તૂમુલ યુદ્ધ એક હજાર વર્ષ સુધી ચાલ્યું. અતુલ પ્રયત્ન કરવા છતાં ગજેન્દ્ર ગ્રાહની પકડમાંથી છૂટી શકયો નહીં. ગજેન્દ્રને ખાતરી થઈ ગઈ કે હવે પોતાના પુરુષાર્થથી છૂટી શકાય તેમ નથી.

જ્યારે કોઈ ઉપાય ન રહ્યો ત્યારે ગજેન્દ્રને ભગવાનનું સ્મરણ થયું. ગજેન્દ્રે આર્તભાવે ભગવાનને પ્રાર્થના કરી. ગજેન્દ્રની આ પ્રાર્થના તે જ પ્રખ્યાત ‘ગજેન્દ્રમોક્ષસ્તોત્ર’ ગણાય છે. ગજેન્દ્રની પ્રાર્થના સાંભળીને ભગવાન વિષ્ણુ ગરુડ પર બેસીને પધારે છે. પાણીમાં નાક સુધી ડૂબી ગયેલા ગજેન્દ્ર સામે ગરુડ પર બિરાજેલા ભગવાન વિષ્ણુનું દર્શન કરે છે. પાણીમાં ઊગેલાં કમળોમાંથી એક કમળ સૂંઢ વડે પકડીને તેનાથી ગજેન્દ્ર ભગવાવની પૂજા કરે છે.

ગજેન્દ્રની પ્રાર્થના અને પૂજાથી પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ પોતાના ચક્રથી ગ્રાહનું મસ્તક કાપી નાખે છે અને ગજેન્દ્રનો ઉદ્ધાર કરે છે.

પોતાના પુરુષાર્થ અને પોતાનાં સ્વજનોની સહાયથી પણ ગજેન્દ્ર છૂટી શકયો નહીં. આખરે ભગવાનની કૃપાથી ગજેન્દ્ર ગ્રાહકની પકડમાંથી મુક્ત થાય છે.

આ કથા સ્પષ્ટ રીતે એક અધ્યાત્મપરક કથા જ છે. આ કથાનો અધ્યાત્મપરક અર્થ સમજવા માટેઆપણે નીચેના પ્રશ્નોના ઉત્તરો મેળવવા જોઈએઃ

૧. ત્રિકૂટ પર્વત એટલે શું? જંગલ એટલે શું? જંગલની વચ્ચે ત્રિકૂટ પર્વત પર જે સરોવર છે તેનો અર્થ શો છે?

૨. ગજેન્દ્ર અને તેનું યૂથ એટલે શું?

૩. ગ્રાહ એટલે શું?

૪. ગજેન્દ્ર અને ગ્રાહનું યુદ્ધ એટલે શું?

૫. ગજેન્દ્રમોક્ષનો અર્થ શો છે?

૬. આ કથાનો આધ્યાત્મિક સંદેશ શો છે?

હવે આપણે ક્રમશઃ આ પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો અને એ રીતે આ કથાનો આધ્યાત્મિક અર્થ સમજવાનો પ્રયત્ન કરીએ.

૧. ત્રિકૂટ પર્વત એટલે શું? જંગલ એટલે શું?

જંગલની વચ્ચે ત્રિકૂટ પર્વત પર જે સરોવર છે તેથો અર્થ શો?

ત્રિકૂટ પર્વત એટલે આ જગત. ત્રિકૂટ પર્વતનાં ત્રણ શિખરો છે તેનો અર્થ એ છે કે આ જગત ત્રિગુણાત્મક છે. ત્રણ શિખરો દ્વારા ત્રણ ગુણો સૂચિત થાય છે. ચાંદીનું શિખર તે સત્ત્વગુણ છે, સોનાનું શિખર તે રજોગુણ છે અને લોઢાનું શિખર તે તમોગુણ છે. આમ, ત્રણ ગુણોથી બનેલું આ જગત છે તેને જ કથામાં ત્રિકૂટ પર્વત કહ્યું છે.

આ ત્રિકૂટ પર્વતની તળેટીમાં ઘોર જંગલ છે તે જ ભવાટવી છે. આ સંસારરૂપી જંગલ છે તેને જ ત્રિકૂટ પર્વતનું જંગલ કહે છે. જંગલમાં અનેકવિધ પ્રાણીઓ વસે છે. આ પ્રાણીઓ એટલે સંસારમાં રમમાણ જીવો. આ જંગલની વચ્ચે એક સરોવર છે. આ સરોવર તે માયારૂપી સરોવરમાં પડ્યા પછી બહાર નીકળવું અતિ કઠિન છે. માયા અતિ વિકટ છે. આ અતિ વિકટ માયાને જ અહીં ત્રિકૂટ પર્વત પરના જંગલ વચ્ચેનું સરોવર કહ્યું છે.

૨. ગજેન્દ્ર અને તેનું યૂથ એટલે શું?

ગજેન્દ્ર એટલે જીવ. આ ગજેન્દ્રરૂપી જીવ ત્રિગુણાત્મક જગતરૂપી ભવાટવીમાં વસે છે. આ ગજેન્દ્ર યૂથ એટલે જીવનાં સંગાસંબંધી. જીવ આ ભવાટવીમાં એકલો નથી. ભવાટવીમાં અનેક અન્ય જીવો પણ હોય છે. જંગલમાં વસતાં અન્ય પ્રાણીઓ તે જ આ અન્ય જીવો છે. ગજેન્દ્રનું યૂથ તે જીવના સાથી જીવો, અર્થાત્ ઋણાનુબંધથી જીવ સાથે સંલગ્ન અન્ય જીવો.

૩. ગ્રાહ એટલે શું?

ગ્રાહ એટલે અજ્ઞાન. અજ્ઞાનજ જીવને બાંધે છે, જીવને ઊંડા પાણીમાં ખેંચી જાય છે. માયારૂપી સરોવરમાં અજ્ઞાનરૂપી ગ્રાહ વસે છે. જીવ માયામાં ઊંડો ઊતરતો જાય છે, માયામાં ફસાતો જાય છે તેનું કારણ અજ્ઞાન છે. માયારૂપી સરોવરમાંથી જીવ બહાર નીકળી શકતો નથી તેનું કારણ શું છે? કોણ તેને માયામાં રમમાણ કરી રાખે છે? અજ્ઞાન જ બંધનનું કારણ છે. અજ્ઞાનના બંધનને કારણે જ જીવ માયામાં ફસાયેલો રહે છે.

ગજેન્દ્ર બળવાન હોવા છતા માયારૂપી સરોવરમાંથી બહાર નીકળી શકયો નહીં, કારણ કે અજ્ઞાન તેને ખેંચી રાખે છે.

અજ્ઞાન એટલે શું? અજ્ઞાન એટલે પોતાના સ્વરૂપનું અજ્ઞાન. પોતાના સ્વરૂપના અજ્ઞાનને કારણે જ જીવ બંધાય છે અને બદ્ધ રહે છે.

ગજેન્દ્રરૂપી જીવ માયારૂપી સરોવરમાં પાણી પીવા આવે છે, અર્થાત્ માયાનો ભોગ માણે છે, માયાનું આસ્વાદ કરે છે, એટલું જ નહીં, પણ માયામાં ઊતરે છે, સરોવરમાં ઊંડે જાય છે અને તે જ ક્ષણે અજ્ઞાનરૂપી ગ્રાહ તેને ગ્રસી જાય છે - પકડી લે છે.

૪. ગજેન્દ્ર અને ગ્રાહનું યુદ્ધ એટલે શું?

ગજેન્દ્ર એટલે જીવ અને ગ્રાહ એટલે અજ્ઞાન. જીવ અજ્ઞાનથી બદ્ધ થાય છે, અજ્ઞાનને કારણે જ માયામાં ફસાય છે. જીવ મૂલતઃ મુક્ત જ છે, પરંતુ અજ્ઞાનને કારણે તે બદ્ધ બને છે, માયાબદ્ધ બને છે. પોતાના સ્વતંત્ર - મુક્ત સ્વરૂપને પામ્યા વિના જીવને યથાર્થ શાંતિ મળી શકે નહીં, તેથી જીવ પોતાની મુક્તિ માટે પ્રયત્નશીલ રહે જ છે, પરંતુ અજ્ઞાન અને અજ્ઞાનરૂપિણી માયામાંથી મુક્ત થવું સરળ નથી, તેથી જ ભગવાન શ્રીકૃષ્ણે ‘ગીતા’માં કહ્યું છેઃ ‘‘मम माया दुरत्यया।’’ ‘મારી માયાનો પાર પામવો મુશ્કેલ છે.’’

તેથી તે પ્રયત્ન ફળતો નથી. જ્યારે જીવ ભગવાનની શરણાગતિ સ્વીકારે છે ત્યારે તેનો અહંકાર શાંત થાય છે અને અહંકાર શાંત થતાં જ પરમાત્માની કૃપા તેની ચેતનામાં અવતરે છે. પરમાત્માની કૃપાનું સામર્થ્ય અમોઘ છે. પરમાત્માની અમોઘ શક્તિ અજ્ઞાનના બંધનને છેદી નાખે છે અને જીવ મુક્ત થાય છે.

ગજેન્દ્રમોક્ષની કથાનો આવો અધ્યાત્મસંદેશ છે.

જે જીવ પોતાની મુક્તિ માટે પરમાત્માની કૃપાની યાચના કરશે, પરમાત્માનું શરણ સ્વીકારશે તેને પરમાત્મા અવશ્ય સહાય કરશે. ભગવાને પોતે જ ‘ગીતા’માં માનવજાતને તેનું વચન આપ્યું છે. ભગવાન માત્ર ગજેન્દ્ર જ નથી, તેઓ તો સૌના છે.

જે માયાપતિને શરણે જાય છે તે માયારૂપી સાગરને તરી જાય છે - આ અધ્યાત્મપથનું સર્વોચ્ચ સત્ય છે અને આ જ ગજેન્દ્રમોક્ષની કથાનો અધ્યાત્મ સંદેશ છે.

જેમને કાન હોય તેઓ સાંભળે! ■

ચિંતન

# નિરાકાર

હેમુ ભીખુ
feedback@bombay samachar.com



નિરાકાર એ પ્રકારની ઘટના છે જેમાં આકારનું નિર્ધારણ પ્રચલિત ક્ષેત્રમાં નથી કરાયું. આ એ આકાર છે જેને હજુ સુધી નામ નથી આપી શકાયું. અહીં છે અને નથી એ બંનેની એકસાથે વાત થાય છે. નિરાકાર છે, પણ તેની ઓળખ નથી, નિરાકાર છે પણ તેનું રૂપ નથી, નિરાકાર છે, પણ તે મન-બુદ્ધિ-ઇંદ્રિયની પહોંચની બહાર છે. છતાં પણ તેની ઓળખ તો થઈ ચૂકી છે, તેની અરૂપતા સમજાઈ ચૂકી છે, તેની પ્રતીતિ અનુભવાઈ ચૂકી છે.

તે તર્કથી પર છે છતાં પણ વિચારોની પ્રક્રિયાથી તેને ઓળખી શકાય છે. તે બુદ્ધિગમ્ય સમજના વિસ્તારની બહાર છે છતાં પણ તે નિરાકારને સમજી શકાય છે. અસ્તિત્વના ક્ષેત્રથી પર છે છતાં પણ તેનું અસ્તિત્વ છે. તે સમય અને સ્થળના બંધનથી બાધિત નથી સાથે સાથે તે સર્વત્ર અને સદાય છે. શ્રદ્ધાનો વિષય હોવા છતાં તે વાસ્તવિકતા છે. તે અપ્રાપ્ય હોવા છતાં નિરાકારને પામી શકાય છે. કેટલાક લોકો નિરાકારને કલ્પના ગણે છે, પણ વાસ્તવમાં તે હકીકત છે.

અંધકાર નિમ્નતર માત્રામાં રહેલી પ્રકાશની સ્થિતિ છે - અંધકાર પ્રકાશની એક ચોક્કસ માત્રા છે. પ્રકાશના માપ માટે એકમ નિર્ધારિત થયો છે અંધકારના માપ માટે નહીં. જો અંધકારનું સ્વતંત્ર અસ્તિત્વ હોત તો તેના માપનો પણ એક એકમ નિર્ધારિત કરવામાં આવ્યો હોત. પ્રકાશનું અલ્પપણું એટલે અંધારું. ઠંડી પણ ઉષ્ણતામાનની એક માત્રા નિર્ધારિત કરે છે. સ્વાદ ન હોવો તે પણ એક પ્રકારનો સ્વાદ છે. અનિયમિતતા પણ એક પ્રકારની નિયમિતતા સ્થાપિત કરે છે. જીવનની શૂન્યતા એટલે મૃત્યુ. ચૈતન્યની લગભગ ગેરહાજરી એટલે જડતા. ધર્મનો અભાવ એટલે અધર્મ અને વિવેકનો અભાવ એટલે વિવેક-હીનતા. આકારનો અભાવ એટલે નિરાકાર. નેતિ નેતિ જેવી જ પ્રક્રિયાથી બધા જ આકારનો જ્યારે છેદ ઉડાડી દેવામાં આવે ત્યારે જે આકાર વધે તે નિરાકાર.

અભાવ પણ એક રીતે ચોક્કસ પ્રકારના ભાવનું સમર્થન છે. નિરાશા એ આશાના અભાવની પ્રતીતિ છે. સવિકલ્પમાં વિકલ્પની હાજરી છે તો નિર્વિકલ્પમાં વિકલ્પની ગેરહાજરી છે - બંને ધારણા વિકલ્પ આધારિત જ છે. કેટલીક બાબતોની અસંભવિતતા હોઈ શકે - અર્થાત્ અસંભવિતતા પણ સંભવ છે. આંખ સામે ન હોવું - પ્રત્યક્ષ ન હોવું તે પણ આંખની જ પ્રતીતિ છે. કોઈ પણ બાબતનું ન હોવું તે તેનાથી વિપરીત હોવાપણાનો અભાવ માત્ર છે. આ બધી મનની સૃષ્ટિ છે. નિરાકાર પણ નિર્ધારિત ન થઈ શકે તેવા આકારની સમજ છે.

નિરાકાર પાછળ આકારનું નિષેધ છે. નિરાકાર એટલે જે નિર્ધારિત ન થઈ શકે એવો આકાર. કોઈ પણ અન્ય આકાર પર આંગળી મૂકી તેને નિરાકાર સાથે સરખાવી ના શકાય. નિરાકારનો નિર્ધારિત આકાર ન હોવાથી તેમાં વિકૃતિ સંભવ નથી. નિરાકારની ધારણા પ્રમાણે તેમાં વધઘટ પણ સંભવ નથી. નિરાકારની સ્થિતિમાં કોઈ પણ પ્રકારનું મિશ્રણ કે અલગાવ પણ શક્ય ન બને. નિરાકાર અમાપ રહે, અખંડ રહે, નિર્વિકાર રહે, નિર્વિકલ્પ રહે - જેને કારણે તે નિત્ય બની રહે. અન્ય દરેક પ્રકારના આકાર પર સમય અને પરિસ્થિતિનો માર પડી શકે; નિરાકાર તેનાથી પર હોય અને તેથી જ ઈશ્વરને નિરાકાર કહેવાય છે.

હવાનો આકાર નથી, પણ જ્યારે તે કોઈ પાત્રની અંદર હોય ત્યારે તેટલી હવા તે આકાર ધારણ કરી લે છે, પણ તેનાથી કંઈ સમગ્ર હોવાનો આકાર સૂચિત ન થઈ શકે. ઈશ્વરના નિરાકાર અને સાકાર સ્વરૂપ વચ્ચેનો સંબંધ કંઈક આ પ્રકારનો છે. ગીતામાં જ જણાવ્યા પ્રમાણે, વ્યક્તિ જે કોઈ સ્વરૂપે ઈશ્વરની આરાધના કરે ઈશ્વર તે સ્વરૂપ માટેની શ્રદ્ધાને દૃઢ કરે. અર્થાત્ સાકારની આરાધનામાં આકાર ઘણા હોઈ શકે. જેવું પાત્ર, હવા તેઓ આકાર ધારણ કરે. જેવી શ્રદ્ધા, જેવી રુચિ ઈશ્વર તેવો સાકાર ધારણ કરે - પણ અંતે તો તે અચિંત્ય નિરાકાર હોય - સમગ્ર હવા સમાનતાથી સર્વત્ર હયાત હોય. નિરાકારનો આકાર શ્રદ્ધા મુજબ સ્થાપિત થાય. આવો આકાર પ્રાપ્ત થતાં નામ-રંગ-રૂપ પણ જોડાઈ જાય, પણ અંતે તો હેમનું હેમ હોયે - અંતે તો નિરાકારતા જ સ્થાપિત રહે.

ગણિતની ભાષામાં અનંત એ એક કલ્પના છે, હકીકત નથી. અનંતનો આંકડો ક્યારેય લખી ન શકાય. અનંતની માત્રા માત્ર વૈચારિક છે, તે અસ્તિત્વમાં ન આવે એવી ઘટના છે. ગણિતની જ પરિભાષા પ્રમાણે જેનું અસ્તિત્વ શક્ય ન હોય તેને ''શૂન્ય'' કહેવાય. તે સમજ પ્રમાણે અનંત શૂન્ય છે, પણ શૂન્ય અનંત નથી. આજ તર્કને શ્રદ્ધાપૂર્વક નિરાકાર-સાકારના સમીકરણ સાથે જોડવામાં આવે તો તેમ કહી શકાય કે નિરાકાર સાકાર છે, પરંતુ સાકાર તે અર્થમાં નિરાકાર નથી. પરિસ્થિતિ રસપ્રદ છે, જટિલ નથી.

ગીતામાં કહેવામાં આવ્યું છે કે દેહધારી દ્વારા અવ્યક્ત, નિર્ગુણ, નિરાકાર સ્વરૂપની સાધના વધુ કષ્ટદાયક રહે છે - માનવી માટે અવ્યક્તની ગતિ મુશ્કેલ છે. અવ્યક્ત પર ચિત્તનું સંધાન મુશ્કેલ છે. અવ્યક્તની પ્રકૃતિ પણ અવ્યક્ત રહેતી હોવાથી ધ્યાન ટેકવવા માટે કોઈ આધાર નથી મળતો. અવ્યક્તની ઓળખ બંધાતી ન હોવાથી, એક વાર અવ્યક્તની પ્રતીતિ થાય તોપણ તે પ્રતીતિ અવ્યક્તની જ છે, તેવો વિશ્વાસ બેસતાં વાર લાગે છે. માનવી જ્યારે સામે દેખાય તેને જ સત્ય તરીકે સ્વીકારવા તૈયાર હોય ત્યારે અવ્યક્તની ગતિ મુશ્કેલ તો બને જ. નિરાકારની ઉપાસના, આથી જ, સૌથી કઠિન કહેવાય છે - કોઈ વિરલા જ તે માર્ગે જઈ શકે.

નિરાકારને શુદ્ધ-અશુદ્ધ, પવિત્ર-અપવિત્ર, સત્ય-અસત્ય જેવા દ્વંદ્વ થકી પણ ન સમજી શકાય. નિરાકારમાં - અવ્યક્તમાં તો એક રીતે જોતાં સત્યનો પણ છેદ ઊડી જાય છે, કારણ કે સત્ય સમજી શકાય તેવી ઘટના છે અને તેટલા જ માટે ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયું હશે કે હું સત્ય છું અને અસત્ય પણ છું. વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોતાં જણાશે કે નિરાકારને કોઈ પણ પ્રકારનું શીર્ષક આપી શકાતું નથી. જેમ તે આકારથી પર છે તેમ દરેક શબ્દ અને તેના અર્થથી પણ પર છે. એટલા જ માટે નિરાકારની સમજ સ્થાપવા માટે અસંખ્ય શબ્દો પ્રયોજાય છે - કોઈ એક શબ્દ કે શબ્દ-સમૂહથી તેની ઓળખ બાંધવી અશક્ય છે - અસંભવ છે.

વ્યવહારુ વાત કરીએ તો, નિરાકારની ધારણા સમાજને ખંડિત થતી અટકાવી શકે. અહીં દરેક વ્યક્તિ પોતાના આકાર પ્રત્યે અપાર શ્રદ્ધા રાખી શકે, પણ વ્યક્તિ કે સમાજનો જે તે વર્ગને કોઈ આકાર માટે અતિશય જોડાણ અનુભવે ત્યારે અન્ય શ્રદ્ધાની અસ્વિકૃતિનો ભાવ પ્રબળ પણ બને અને ક્યાંક તે શ્રદ્ધાની બાદબાકી કરવા માટે પ્રયત્ન પણ જોવા મળે. સંસાર માટે આ અનિચ્છનીય ઘટના કહી શકાય. સાથે સાથે જો આવું તીવ્ર જોડાણ નિરાકારતા માટે હોય તો તે પણ એટલું જ જોખમી ગણાય. નિરાકારની ધારણા સામાજિક સુહૃદયતા લાવી શકે, જો તેને તે રીતે આલેખવામાં આવે તો. નિરાકારને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજનાર વ્યક્તિ ક્યારેય અન્યનો વિરોધ ન કરી શકે.

નિરાકાર છે તેથી તેનાં વિવિધ સાકાર સ્વરૂપ સંભવી શકે છે. નિરાકાર છે તેથી તે બાધિત નથી. નિરાકાર છે તેથી તે સ્વતંત્ર છે - કોઈ પણ પ્રકારની પરિસ્થિતિ સાથે તેની તાદાત્મયતા નથી. નિરાકાર હોવાને કારણે તે અપાર સંભાવનાઓથી ભરપૂર છે. તેને હજાર નામ આપી શકાય છે. દૃશ્ય જગતમાં તે સૂક્ષ્મ સ્વરૂપે સર્વત્ર હાજર હોવા છતાં તે દૃશ્યમાન નથી. સૃષ્ટિના દરેક કણમાં તેની હાજરીની સાક્ષી હોવા છતાં તે બધાથી પર છે. કોઈ પણ પ્રકારની ભૌતિક, સૂક્ષ્મ કે કારણ સૃષ્ટિમાં તેનું નિર્ધારણ થઈ શકતું નથી. સાચા જ અર્થમાં નિરાકારતા તેનો આકાર છે. ■

શિવ રહસ્ય

# દેવરાજ ઇંદ્રની કુરૂપતા દૂર કરો, જેથી એ ફરી સ્વર્ગની ગાદી સંભાળી શકે

ભરત પટેલ
feedback@bombay samachar.com



(ગતાંકથી ચાલુ)

દેવગુરુ બૃહસ્પતિ કૈલાસ પહોંચે છે અને ભગવાન શિવને અરજ કરે છે કે, 'દુકાળ અને અનાવૃષ્ટિથી પૃથ્વીવાસીઓ ત્રસ્ત છે, દેવરાજ ઇંદ્રને દોષમાફી આપી મુક્ત કરો જેથી સ્વર્ગનું સંચાલન વ્યવસ્થિત પાર પાડી શકાય.' તેમને સમજાવતાં ભગવાન શિવ કહે છે, 'પ્રાયશ્ચિત અને તપસ્યા પૂર્ણ કર્યા વગર કોઈ પણ દેવ દોષમુક્ત થઈ શકે નહીં, તમારે સ્વર્ગના સિંહાસન પર એવા પુણ્યાત્માને બેસાડવા પડશે.' તેવો પુણ્યશાળી આત્મા કોણ છે તેવું પુછાતાં ભગવાન શિવ તેમને કહે છે કે, 'કુરુવંશી મહારાજા નહુશ, તેમની પાસે જઈ તેમને સ્વર્ગાધિપતિ બનવા વિનંતી કરશો તો તેઓ તૈયાર થશે.' દેવગુરુ બૃહસ્પતિની વિનંતીને માન આપી કુરુવંશી રાજા નહુશ સ્વર્ગલોક આવી રાજગાદી સંભાળી લે છે. પ્રખર શિવભક્ત અને કુરુવંશી રાજા નહુશ દેવરાજ ઇંદ્રની ગાદી સંભાળ્યા બાદ તેઓ પણ ધર્મપથથી વિમુખ થાય છે અને તેઓ દેવી સચિના આકર્ષણમાં બંધાઈ જાય છે. દેવરાજ નહુશ દેવી સચિ પાસે પહોંચે છે ને કહે છે, 'હું દેવરાજ નહુશ તમને મારી પત્ની બનાવવા ઉત્સુક છું. શું મારી દરખાસ્ત તમે સ્વીકારશો?' દેવી સચિ ફક્ત દેવરાજ ઇંદ્રને જ પોતાના સ્વામી માનતાં હોવાથી દેવી સચિ દેવરાજ નહુશ સામે એક શરત મૂકે છે કે જો તમે મારા નિવાસે તમારા મહેલથી પાલખીમાં આવો, પણ એ પાલખી સપ્તઋષિઓએ ઊંચકેલી હોવી જોઈએ.' દેવરાજ નહુશના આદેશ પર સપ્તઋષિ પાલખીની વ્યવસ્થા કરે છે અને તેમને બેસાડી દેવી સચિના નિવાસસ્થાને લઈ જવા પ્રસ્થાન કરે છે. અધીરા દેવરાજ નહુશ ક્રોધિત થઈ કહે છે, 'તમે બહુ ધીમે ધીમે ચાલો છો, હે સપ્તઋષિઓ હું તમને આદેશ આપું છુ કે સર્પ ગતિથી ચાલો, નહીં તો હું તમને દંડિત કરીશ.' આટલું સાંભળતા જ ક્રોધિત ઋષિ વશિષ્ઠ શ્રાપ આપતાં દેવરાજ નહુશ સર્પ બની જાય છે અને પાતાળલોકમાં નિવાસ કરે છે.

* * *

ફરી સ્વર્ગ તેના રાજા વગર નિરસ થઈ જાય છે. ભગવાન શિવની આજ્ઞાથી દેવરાજ ઇંદ્ર માનસરોવરમાં એક મોટા કમળની નાળમાં સમાઈ શકે તેટલું શરીર કૃષ કરી નાળમાં બેસી આરાધના કરે છે. દેવરાજ ઇંદ્રની આરાધનાનો સ્વર વૈકુંઠલોક અને બ્રહ્મલોક સુધી પહોંચે છે.

* * *

માતા સરસ્વતીઃ 'સ્વામી આ સ્વર તો દેવરાજ ઇંદ્રનો છે, તેમની આરાધના હવે પૂર્ણ થશે એવું લાગી રહ્યું છે.

બ્રહ્મદેવઃ 'હા દેવી, દેવરાજ ઇંદ્રની આરાધના તો હવે પૂર્ણ થઈ જવી જોઇએ, પણ ભગવાન શિવ પોતે આરાધના કરી રહ્યા હોવાથી તેઓ દેવરાજ ઇંદ્રનો સ્વર સાંભળી રહ્યા નથી.'

માતા સરસ્વતીઃ 'સ્વર્ગ દેવરાજ વગર નિરસ છે અને પૃથ્વીવાસીઓ અસુરગણોના આતંકથી ત્રસ્ત છે. બ્રહ્મદેવ તમારે આગેવાની લઈ ભગવાન શિવની કૃપાથી દેવરાજ ઇંદ્રને ફરી સ્વર્ગના સિંહાસન પર આરૂઢ કરવા જોઈએ.

બ્રહ્મદેવ અને માતા સરસ્વતી તુરંત વૈકુંઠલોક પહોંચે છે.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'બ્રહ્મદેવ અને દેવી સરસ્વતી બંને એકસાથે વૈકુંઠલોક ખાતે પધાર્યાં, નક્કી કોઈ આયોજન લાગે છે.'

બ્રહ્મદેવઃ 'ભગવાન શ્રીહરિ વિષ્ણુ તમે તો અંતર્યામી છો, તમને ખબર જ છે કે દેવરાજ ઇંદ્ર માનસરોવર ખાતે એક મોટા કમળની નાળમાં સમાઈ શકે તેટલું શરીર કૃષ કરી નાળમાં બેસી આરાધના કરી રહ્યા છે જુઓ તેમનો સ્વર અહીં પણ ગુંજી રહ્યો છે, હવે સમય થઈ ગયો છે ભગવાન શિવે તેમને વરદાન આપવું જોઈએ.

* * *

માતા સરસ્વતી, બ્રહ્મદેવ, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ કૈલાસ પહોંચે છે. તેમને જોઈ શિવગણો તેમનો જયજયકાર કરવા માંડે છે. એ સ્વરથી ભગવાન શિવની આરાધનામાં ખલેલ પડતાં ભગવાન શિવ ક્રોધિત થાય છે. માતા સરસ્વતી, બ્રહ્મદેવ, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુને તેમની સમક્ષ ઊભેલાં જોઈ ભગવાન શિવનો ક્રોધ શાંત થાય છે.

બ્રહ્મદેવઃ 'અહીંથી અમારા લોક સુધી દેવરાજ ઇંદ્રની આરાધનાનો સ્વર ગુંજતાં અમે આપને વિનંતી કરીએ છીએ કે દેવરાજ ઇંદ્રને વરદાન આપી તેમની કુરૂપતા દૂર કરો, જેથી તેઓ ફરી સ્વર્ગની ગાદી સંભાળી શકે.

ભગવાન શિવઃ 'અવશ્ય.'

ત્રિદેવ-ત્રિદેવીઓ સાથે માનસરોવર પહોંચે છે.

ભગવાન શિવઃ 'દેવરાજ ઇંદ્ર આંખ ખોલો, જુઓ સ્વર્ગ તમારી આગેવાનીની પ્રતીક્ષા કરી રહ્યું છે.'

ભગવાન શિવનો સ્વર સંભળાતાં દેવરાજ ઇંદ્ર જુએ છે કે તેમની કુરૂપતા દૂર થઈ ગઈ છે અને તેમની સમક્ષ ત્રિદેવ-દેવીઓ સાથે હાજર છે. દેવરાજ ઇંદ્ર ત્રિદેવ અને દેવીઓના આશીર્વાદ લઈ સ્વર્ગલોક તરફ પ્રયાણ કરે છે. સ્વર્ગ પહોંચતાં જ દેવી સચિ તિલકથી તેમનું સ્વાગત કરે છે અને અન્ય દેવગણ તેમનો જયજયકાર કરે છે.

* * *

સમયનું વહેણ આગળ વધી રહ્યું છે. પૃથ્વીલોક, બ્રહ્મલોક, વૈકુંઠલોક અને સ્વર્ગલોકમાં દેવતાઓ પ્રસન્નતાથી નિવાસ કરતા હોય છે. એક દિવસ પૃથ્વીલોકથી 'ઓમ બ્રહ્મદેવતાય નમઃ'નો સ્વર બ્રહ્મલોક, સ્વર્ગલોક અને વૈકુંઠલોક સુધી પહોંચવા માંડે છે. આવો સ્વર સંભળાતાં દેવતાઓમાં ભયની લાગણી પ્રસરી જાય છે, બધા એકબીજાને પૂછવા માંડે છે કે આ સ્વર કોનો છે.

* * *

માતા સરસ્વતીઃ 'સ્વામી આ કોઈ અસુર તમારી આરાધના કરી રહ્યો છે. એ કોણ છે? અને તેનો સ્વર અહીં સુધી ગુંજવા લાગ્યો છે એટલે હવે તમારે વરદાન આપવું પડશે.'

બ્રહ્મદેવઃ 'અવશ્ય દેવી, હું તુરંત પૃથ્વીલોક જઈ રહ્યો છું, દુર્ગમાસુરને વરદાન તો આપવું જ પડશે.

* * *

બ્રહ્મદેવઃ 'દુર્ગમાસુર, માગો તમને શું જોઇએ છે?'

દુર્ગમાસુરઃ પરમપિતા જો તમે વરદાન જ આપવા માગતા હો તો એવું વરદાન આપો કે, 'કોઈ પણ દેવતાનાં અસ્ત્ર કે શસ્ત્ર કે તેઓ મારો વધ નહીં કરી શકે.'

બ્રહ્મદેવઃ 'તથાસ્તુ'

* * *

બ્રહ્મદેવનું વરદાન મળતાં જ ગેલમાં આવી જાય છે અને પૃથ્વીવાસીઓ પર અત્યાચાર કરવાની શરૂઆત કરે છે. એ સાંભળીને જ દેવગણો કંપિત થવા લાગ્યા. દુર્ગમાસુર બળથી ચારેય વેદનો સ્વામી બની ગયો. વેદોના અદૃશ્ય થવાથી પૃથ્વીલોક પર વૈદિક ક્રિયાઓ નષ્ટ થવા લાગી. એ સમયે બ્રાહ્મણો અને દેવતાઓ પણ દુરાચારી થઈ ગયા. કોઈ જગ્યાએ ન તો દાન દેવાય છે, નથી અત્યંત ઉગ્ર તપ થતું. ન યજ્ઞ થતા હતા કે ન હોમ-હવન. આનું પરિણામ એ આવ્યું કે પૃથ્વી પર ઘણાં વરસો સુધી વરસાદ જ ન પડયો. ત્રણે લોકમાં હાહાકાર મચી ગયો. બધા દુઃખી થઈ ગયા. બધાને ભૂખ-તરસનું કષ્ટ સતાવવા લાગ્યું. કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રો પણ જળરહિત થઈ સુકાઈ ગયાં. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

# સંતવાણીમાં જંગમ તીરથ

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



તીર્થ કોને કહેવાય? પવિત્ર નદીનો ઘાટ કે સંગમ. ઋષિઓ દ્વારા સેવાયેલું જળ અને ગુને તીર્થ કહેવાય. તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોના ઈષ્ટ-આરાધ્ય દેવ દેવીઓનાં મંદિરો, મઠ, હવેલી, આશ્રમ, ધર્મસ્થાનકો, સંતસ્થાનકો - કૈલાશથી કન્યાકુમારી, ઓખાથી આસામ... હિમાલયથી રામેશ્વર, શૈવ ધર્મમાં- દ્વાદશ જ્યોતિર્લિંગ, વૈષ્ણવ પરંપરામાં - દ્વારિકાથી જગન્નાથપૂરી અને શાક્ત સંપ્રદાયમાં-બાવન શાક્તપીઠોને તીર્થ તરીકેનું સ્થાન-માન અપાયું છે.

જ્યાં જવાથી મન અને શરીર પવિત્ર બને, આપણો આત્મા દિવ્ય તત્ત્વ તરફ આકર્ષાય. કોઈ અગમ્યની અનુભૂતિ જે સ્થળે જવાથી થાય તેવું સ્થાન તે તીર્થ. 'તીર્થ' એટલે પવિત્ર ને સુંદર સ્થાન. સંસ્કૃત સાહિત્યમાં 'તીર્થ' શબ્દના; તરી જવા માટેનું સુગમ સ્થાન. ઘાટ, આરો, ઓવારા વગેરે અર્થો અપાયા છે. પ્રાચીન સમયમાં સાગર, સરિતા, સરોવર, વાવ, કૂવા, તળાવ, કુંડ વગેરે જળાશયોને કાંઠે જ તીર્થો રહેતાં એટલે આવાં પવિત્ર સ્થળો વિશે 'તીર્થસ્થાન' શબ્દ પ્રચલિત બની ગયો છે. અને વાત પણ ખરી છે. સંસાર સાગરને પાર કરવા માટે જે સ્થાન વિશેષ સહાયક બની શકે એવું હોય, સુગમ હોય, માર્ગદર્શકરૂપ હોય તેને આપણે 'તીર્થસ્થળ' કહી શકીએ.

આપણાં શાસ્ત્રો-પુરાણોમાં પ્રાચીન તીર્થસ્થાનો વિશે માહાત્મ્યો દર્શાવવાની પરંપરા ખૂબ જૂના સમયથી ચાલી આવી છે. ધર્મગ્રંથોમાં આવાં સ્થળો વિશે અપાયેલું માહાત્મ્ય લોકસમુદાયને યાત્રા-પ્રવાસ માટે માર્ગદર્શન રૂપ થઈ પડે એ રીતે ધર્મ અને અધ્યાત્મના રંગે રંગીને રજૂ કરવામાં આવતું. ભારતની ચારે દિશાઓમાં આવેલાં પુરાણ પ્રસિદ્ધ પવિત્ર સ્થાનોનો મહિમા અને ચારધામ, સાત પવિત્ર નદીઓ, પાંચ સરોવરો, પાંચ પિતૃતીર્થ, સાત મોક્ષપુરીઓ, બાર જ્યોતિર્લિંગ, સાત પર્વત, ચૌદ પ્રયાગ, એકાવન શક્તિપીઠો, ચાર મઠ, ચોરાસી બેઠકો વગેરે સ્થળો વિશેનું માહાત્મ્ય આપણા ધર્મગ્રંથોમાં ખાસ્સો એવો ભાગ રોકે છે. આપણે ત્યાં એક જ તીર્થસ્થાનકમાં અનેક ધર્મ-પંથ-સંપ્રદાય કે ફાંટાનાં ધર્મસ્થાનકો સાવ અડોઅડ ઊભાં હોય એવું જોવા મળે છે. અને એ કારણે તમામ જાતિ-કોમ કે વર્ણના લોકો જુદા-જુદા ધર્મ-પંથો વિશે માહિતગાર બને છે. સંતોની જગ્યાઓમાં નાત-જાતના ભેદભાવ વિના જીવમાત્રને પ્રવેશ તથા રહેવા-જમવાની સગવડ મળે છે, આ કારણે સમગ્ર દેશમાં એક પ્રકારની ભાવનાત્મક એકતા સર્જવાનું કાર્ય આ તીર્થસ્થળો-યાત્રા ધામો કરતાં હોય એવું લાગે છે. નાના મોટા એક એક યાત્રાધામ પાછળ ઇતિહાસના લાંબા પટને વિસ્તરતી પૌરાણિક કથાઓ, દંતકથાઓ અને લોકમાન્યતાઓની સુવિશાળ પરંપરા આજ સુધી જીવંત રહી શકી છે. તેનું ખરું શ્રેય ભારતની ખાસ કરીને સૌરાષ્ટ્રની સંતસંસ્કૃતિને ફાળે જાય છે. 'સાધુ તો ચલતા ભલા' ની નેમ રાખીને આપણા ઋષિ-મુનિ-ભક્તોએ ઠેકઠેકાણે અધ્યાત્મ ચિંતનની મશાલો ચેતાવી છે.

પણ આપણા લોકસંતો દ્વારા આપણી સંતપરંપરામાં તો એમ ગવાતું રહે છે કે- 'અડસઠ તીરથ સંતને ચરણે..' બૌદ્ધ સિદ્ધ સરહપ્પાએ ગાયું છેઃ 'કિન્તહ તિત્થ તપોવણ જાઈ, મોકરવ કિ-લબ્ભઈ પાણી ન્હાઈ..' (તીરથયાત્રા કરવાથી, તપોવનમાં તપ કરવાથી કે જળમાં સ્નાન કરવાથી શું મોક્ષ મળી જાય છે?)

અગિયારમી સદીના જૈન મુનિ રામસિંહ કહે છેઃ 'તિત્થઈ તિત્થ ભમેહિ વઢ ધોયઉ ચમ્મુ જલેણ એહુ મણુ કિમ ધોએસિ તું હું મઈલઉ પાવમલેણ..' (અરે મૂરખ! તીરથનાં તીરથ તું ભમ્યો, ચામડાની કાયાને પવિત્ર જળથી સ્નાન કરાવતો રહ્યો પણ તારી અંદરના પાપોથી મલિન થયેલા મનને કેવી રીતે પવિત્ર કરીશ? કેમ ધોઈશ?..)

નાથ સિદ્ધ ગોરખનાથજી તો એમ ગાતા રહે કે- 'દેવળ જાત્રા સુંનિ જાત્રા, તીરથ જાત્રા પાણી, અતીત જાત્રા સુફળ જાત્રા, બોલે અમરિત વાંણી..' (મંદિરોની યાત્રા તો શૂન્ય હોય છે, એનાથી કશું જ પ્રાપ્ત ન થાય, અને તીર્થયાત્રાઓ હોય પાણી જેવી. ભૂતકાળની યાત્રા જ- જનમોજનમની સાધનાની સ્મૃતિની યાત્રા જ સફળ યાત્રા કહેવાય. જે અમૃત વાણીને જન્મ આપે છે.)

કબીર સાહેબ આ બહારની યાત્રા વિશે શું કહે છે?

*'મનમેં મૈલા તીરથ નહાવે,*
*તિનિ વૈકુંઠ ન જાનાં..'*
*'મન મથુરા, દિલ દ્વારકા,*
*કાયા કાશી જાણ, દસમા દુવારા દેહુ રા,*
*તા મેં જ્યોતિ પિછાંણ...'*
*'મથુરા જાવૈ દ્વારકા,*
*ભાવે જાવે જગન્નાથ,*
*સાધ સંગતિ હરિ ભજન બિન,*
*કછૂ ન આવૈ હાથ...'*
*ચરણદાસજીએ ગાયું છે:*
*'ઘટમેં તીરથ ક્યોં ન નહાવો?*
*ઈત ઉત ડોલો પથિક બનેહી*
*ભરમિ ભરમિ ક્યોં જનમ ગંવાવો ?*
*ઘટમેં...*
*ગોમતી કરમ સુકારથ કીજે,*
*અધરમ મેલ છુટાવો,*
*શીલ સરોવર હિત કરી ન્હૈયે, કામ અગિનકી તપન બુઝાવો...*
*રેવા સોઈ ક્ષમાકો જાનૌ,*
*તા મેં ગોતા લીજે*
*તનમેં ક્રોધ રહન નહીં પાવૈ,*
*ઈસી પૂજા ચિત્ત દૈ કીજૈ*
*સત જમુના, સંતોષ સરસતી,*
*ગંગા ધીરજ ધારૌ*
*જૂઠ પટકિ નિર્લોભ હોય કરી,*
*સબહી બોજા સિરસૂં ડારો*
*દયા તીરથ કર્મનાશા કહિયે,*
*પરસૈ બદલા જાવે*
*ચરણદાસ શુકદેવ કહત હૈ ચોરાશીમેં ફિર નહીં આવે...'*

*ગણપતરામ નામના સંતકવિ કહે છે :*
*'તન તરવેણીમાં તીરથ મોટું,*
*નિરમળ મન જે ન્હાય*
*પ્રાગ પાંદડે પોઢ્યા પરિબ્રહ્મ,*
*દેવનાં દરશન થાય...'*

આપણે ત્યાં લોકભજનિકો તો કાયમ ગાતા રહે છે-

ઘટમાં ગંગા ઘટમાં કાશી, ઘટમાં ગોકુળિયું ગામ, મારે નથી જાવું તીરથધામ...


અડસઠ તીરથ સંતના ચરણે, ગંગા જમુના રેવા...આનંદ મંગલ કરૂં આરતી, હરિ ગુરુ સંતની સેવા... ■

પ્રકરણઃ ૧૭



# ચહેરા મહોરા

**ઓહ.. સહરાના રણમાં મીઠી વીરડી જેવો એ જ તો હતો તેનો પ્રથમ પ્રેમ.. કિશોરાવસ્થામાં પાંગરેલો નિઃસ્વાર્થ પ્રેમ... કાળે બધું એકસાથે ઝૂંટવી લીધું હતું. ક્યાં હશે અત્યારે શિવાની?**



**પ્રફુલ્લ કાનાબાર**

અચાનક એને નંદગીરીનો ધીમો અવાજ સંભળાયો.. સોહમ અવાજ ન થાય તે રીતે પથારીમાંથી ઊભો થઈને પગથિયાં પાસે આવીને ઊભો રહ્યો અને અવાજ તરફ એણે કાન માંડયા...

નંદગીરી ધીમા સ્વરે ભોલુને કહી રહ્યા હતાઃ

'ભોલુ, એ તો મને પણ ખબર છે કે ગામમાં ત્રણ રિક્ષાવાળા રહે છે.'

'બાપુ, મારો આશય તો એટલો જ છે કે એ ગરીબ રિક્ષાવાળાને સવાર-સવારમાં અમદાવાદ રેલવે સ્ટેશન સુધીની લાંબી વર્દી મળી જાય.'

'હા, એ તો સમજી ગયો, પણ મને લાગે છે કે આપણે એવું ન કરવું જોઈએ.'

'કેમ?' ભોલુએ નિર્દોષભાવે પૂછયું.

'ગામનો રિક્ષાવાળો હોય તો આટલા લાંબા રસ્તે એની સાથે સોહમને રસ્તામાં બિલકુલ વાતચીત ન થાય તેવું ન બને. નાહકની આખા ગામને ખબર પડે કે આ અજાણ્યો મહેમાન આપણી ઘરે રાત રોકાયો હતો.' નંદગીરીએ અવાજ વધુ ધીમો કરીને કહ્યું.

'સમજી ગયો બાપુ.' ભોલુએ પોતાની ભૂલ સ્વીકારતાં કહ્યું.

'પેલું.. મોબાઈલ પરથી ટૅક્સીને બોલાવવાને શું કહે છે?' નંદગીરીએ પૂછયું.

'ઉબર.' ભોલુએ તરત જવાબ આપ્યો.

'હા બસ. એને બોલાવી લે. સવારે પોણા છ વાગ્યાનું કહેજે. અજાણ્યો ડ્રાઈવર હોય એ જ સારું.. નાહકનો ચંચૂપાત ન થાય.'

બંને વચ્ચેનો સંવાદ સાંભળીને સોહમને તરત ખ્યાલ આવી ગયો કે નંદગીરી 'ઉબર'નો આગ્રહ એટલા માટે રાખી રહ્યા હતા કે જો અજાણ્યો ડ્રાઈવર હોય તો તે રસ્તામાં સોહમ વિષે કાંઈ જ માહિતી મેળવી ન શકે. એકાએક સોહમના મનમાં ચમકારો થયો. તેણે નંદગીરીનું સૂચન બીજી રીતે વિચાર્યું. જો ગામનો જ રિક્ષાવાળો હોય તો સોહમ પણ તેની પાસેથી રસ્તામાં વાતચીત કરીને નંદગીરી વિષે વધુ માહિતી જાણી જ શકે ને? સતત પોતાના હાથમાં જ બાજી રાખતા નંદગીરીના મનમાં આ ડર પણ હોય જ ને?

થોડી વાર બાદ નંદગીરી અને સોહમનો અવાજ સંભળાતો બંધ થયો. સોહમે ખાટલા પર લંબાવ્યું. જેલમાંથી છૂટ્યાને હજુ બાર કલાક જ થયા હતા ત્યાં તેના જીવનમાં કેટલો બધો બદલાવ આવી ગયો હતો? જેને ઓળખતો પણ નહોતો તેવા તદ્દન અજાણ્યા નંદગીરી પર ભરોસો રાખીને આવતી કાલે બિલકુલ અજાણી જગ્યાએ જવાનું હતું. સોહમને એકાએક યાદ આવ્યું કે નંદગીરીએ વાપીની ટિકિટ તો કઢાવી આપી, પણ ત્યાં ઊતરીને ક્યાં જવાનું છે એ તો કહ્યું જ નથી. નંદગીરીએ હાથમાં પકડેલી બાજીમાંથી આ પાનું તો ઊતરવું જ રહ્યું. સવારે ઊઠીને પહેલું કામ નંદગીરી પાસેથી એ સરનામું લેવાનું જ કરવું પડશે.

જીવનમાં ક્યારેય વગર વિચાર્યે ડગલું પણ ન ભરનાર સોહમ માત્ર ધનવાન બનવાની લાલસાને કારણે એવી બ્લાઇન્ડ ગેમમાં કૂદી પડયો હતો કે કાલે શું થશે તેની અટકળ પણ થઈ શકે તેમ નહોતી. તેની આસપાસ એક એવું ધુમ્મસ રચાઈ ગયું હતું જેની આરપાર જોવાની વાત તો દૂર.. પરંતુ એક ડગલું આગળનું પણ જોઈ શકાતું નહોતું. આવી પરિસ્થિતિમાં જ ધુમ્મસને પેલે પાર જવાનું હતું.

સોહમને યાદ આવ્યું કે સ્કૂલમાં પંડ્યાસાહેબ સાહસ વિશેનો પાઠ ભણાવતા ત્યારે કોઈ પણ માણસે આંધળૂકિયાં ન કરવાં જોઈએ તેમ કાયમ બોલતા. સોહમને એ ઉંમરે તો આંધળૂકિયાં એટલે શું એની ખબર નહોતી, પણ આજે ખબર પડતી હતી. તે વિચારી રહ્યો.. એ એવું કોઈ સાહસ તો નહોતો કરી રહ્યો ને જે પાછળથી આંધળૂકિયું સાબિત થાય?

દરેક સાહસમાં સફળતા મળે જ એ જરૂરી તો નથી જ. જે સાહસમાં નિષ્ફળતા મળે એને જ આંધળૂકિયું સાહસ કહેવાતું હશે? જે હોય એ પણ.. સાહસ વગર સિદ્ધિ નથી એ વાત પણ એ જ પાઠમાં ભણવામાં આવતી હતી ને? સોહમે મન મનાવ્યું. કોઈ પણ સાહસ કરવા માટે પાયાનો ગુણ એટલે હિંમત. સતત તેર વર્ષ જેલમાં રહીને સોહમમાં હિંમતનો ગુણ ગજબનો ખીલ્યો હતો. વળી આ આખી બાજીમાં તેને ગુમાવવાનું કાંઈ જ નહોતું. હા, જોખમ કેટલું હતું તેનો અંદાજ નહોતો, પણ જોખમ લીધા વગર રાતોરાત ધનવાન થવાય પણ કેવી રીતે?

વહેલી સવારે કૂકડો બોલ્યો કે તરત સોહમ ઊઠીને ફ્રેશ થઈ ગયો. ભોલુએ લાવેલાં નવાં કપડાં પહેરી લીધાં. ફળિયામાં બેઠેલા નંદગીરી પાસે જઈને તેણે મુદ્દાની વાત કરી.

'મહારાજ, આપને મુઝે વાપી કા એડ્રેસ નહી દિયા.'

'વહાં તુમકો લેને કોઈ ન કોઈ જરૂર આયેગા.' નંદગીરીએ ઠંડકથી કહ્યું.

'ઔર ન આયા તો?' સોહમે પહેલી વાર દલીલ કરી.

'તો યેહ મોબાઈલ કિસ કામ કા હૈ? ભોલુને કલ તુમ્હે ઉસકા નંબર નહી દિયા ક્યા?' નંદગીરીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું.

સોહમે જોયું કે ફોનની મેમરી સાવ ખાલી હતી. આખરે નંદગીરીએ ભોલુને જગાડ્યો.

'ભોલુ, તુને ઇસે તેરા નંબર નહી દિયા?'

'ઓહ, ભૂલી ગયો, બાપુ..' ભોલુએ આંખો ચોળતાં ચોળતાં સોહમને મિસ કોલ કર્યો. એ જ વખતે સોહમને એ નંબર સેવ કરતાં પણ શિખવાડયું.

સવારે રેલવે સ્ટેશને જતી વખતે ટૅક્સી અમદાવાદની હદમાં દાખલ થઈ ત્યારે સોહમ બારીની બહાર શહેરની બદલાયેલી સિકલને જોઈ રહ્યો. ગઈકાલે સવારે સાબરમતી જેલમાંથી છૂટીને તો એ સીધો અડાલજ જતો રહ્યો હતો. શહેરમાં આવ્યો જ ક્યાં હતો?

ચારે બાજુ ઊંચાં ઊંચાં બિલ્ડિંગો જોઈને સોહમ આભો બની ગયો. સોહમને લાગ્યું કે આ તેર વર્ષમાં અમદાવાદ ઘણું બદલાઈ ગયું છે. સમય સઘળું બદલી નાખે છે. શહેરોને પણ અને માણસોને પણ... છતાંય અંદરખાને કાંઈક તો એવું રહી જ જાય છે, જે જડ નથી પણ એવી જડ છે કે જે માણસને જમીનથી જોડી રાખે છે. અડીખમ રાખે છે. આ એ જ શહેર છે, જેણે તેને ગરીબી સિવાય કાંઈ જ આપ્યું નહોતું. બાકી રહી ગયું હોય એમ તેર વર્ષનો જેલવાસ પણ આ જ શહેરમાં ભોગવવાનું નિયતિએ લખી નાખ્યું હતું. પારાવાર મુશ્કેલીઓ વચ્ચે આ શહેરમાં એવું તો શું હતું જે અત્યારે આંખ ભીંજવી રહ્યું છે? ઓહ.. સહરાના રણમાં મીઠી વીરડી જેવો એ જ તો હતો તેનો પ્રથમ પ્રેમ.. કિશોરાવસ્થામાં પાંગરેલો નિઃસ્વાર્થ પ્રેમ. યુવાનીમાં પગ મૂકતાં જ એ પ્રેમનો તેને કેટલો મોટો ટેકો હતો? કાળે બધું એકસાથે ઝૂંટવી લીધું હતું. ક્યાં હશે અત્યારે શિવાની? અમદાવાદમાં જ હશે? શિવાનીએ તેની સાથે એક જ ઝાટકે છેડો ફાડી નાખ્યો હતો. સોહમે એ વખતે પારાવાર દર્દ અનુભવ્યું હતું છતાં અત્યારે આ શહેરની માટીની મહેક જ તેની યાદ અપાવી રહી છે કે શું?



કાળુપુર રેલવે સ્ટેશને ટૅક્સી ઊભી રહી. સોહમે મોબાઈલમાં સમય જોયો. પોણા સાત વાગ્યા હતા. પ્રીપેડ ટૅક્સી છોડીને સોહમ હાથમાં એટેચી સાથે ચાર નંબરના પ્લૅટફૉર્મ પર લગભગ દોડતો 'ગુજરાત એક્સપ્રેસ'ના એસ-સેવન ડબ્બા પાસે પહોંચી ગયો. પ્લૅટફૉર્મની ડિજિટલ ઘડિયાળમાં ક્ષણોના મણકા સરી રહ્યા હતા. પ્લૅટફૉર્મ પરના કોલાહલ વચ્ચે ટ્રેન ઊપડવાની તૈયારી હતી. બહાર ચિપકાવેલા ચાર્ટમાં સોહમે પોતાનું નામ કન્ફર્મ કર્યું. સોહમે તેની સીટ પર બેઠા બાદ હાશકારો અનુભવ્યો. બારીમાંથી દસની નોટ આપીને ફેરિયા પાસેથી પેપર કપમાં ચા લીધી. હજુ તો પહેલી ચુસકી લીધી ત્યાં જ ટ્રેન હળવા આંચકા સાથે ઊપડી. ટ્રેન જેમ જેમ પ્લૅટફૉર્મની બહાર નીકળી રહી હતી તેમ તેમ પ્લૅટફૉર્મ પરનો કોલાહલ જાણે કે શાંત પડી રહ્યો હતો. અમદાવાદ સ્ટેશનની સાથે ઘણું બધું છૂટી રહ્યું હતું!

સુરત સ્ટેશને ટ્રેન ઊભી રહી એટલે સોહમે ભરપૂર નાસ્તો કરી લીધો. તેણે શર્ટના ઉપલા ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને ચેક કર્યો. હાલકડોલક થતા ડબ્બામાં નિદ્રા અને તંદ્રા વચ્ચે ઝોલાં ખાતો સોહમ વિચારી રહ્યો.. હવે તેની જિંદગી પણ આ મોબાઈલ ફોનની જેમ બિલકુલ બ્લેન્ક જ છે ને? જેમ જેમ પાત્રોનો પ્રવેશ થશે તેમ તેમ નવા નંબર એડ થતા જશે! જુગારીઓ કેટલીક વાર તીનપત્તીમાં બ્લાઇન્ડ રમતા હોય છે. સોહમ તો કોઈકે બિછાવેલી શતરંજની ચાલ પર જીવનને દાવ પર લગાવીને બ્લાઇન્ડ ગેમ રમવા નીકળી પડેલો નરબંકો!

(ક્રમશઃ)■



---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| સબરીમાલા | તમિલનાડુ |
| બોધ ગયા | રાજસ્થાન |
| પુષ્કર | ઉતરાખંડ |
| કેદારનાથ | બિહાર |
| રામેશ્વરમ | કેરળ |

## ઓળખાણ પડી?



તમિલનાડુની સાંસ્કૃતિક રાજધાની તરીકે જાણીતા અને વિશિષ્ટ શૈલીનાં મંદિરો ધરાવતા શહેરની ઓળખાણ પડી?

અ) રાજપલાયમ બ) સેલમ ક) તિરુચિરાપલ્લી ડ) મદુરાઈ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ફ | ળા | ૨ દે | શ | | ૩ છં | ૪ ટ | ૫ કા | વ | |
| ત | | શા | | ૬ નિ | | ૬-અ કો | મ | | ૭ દ |
| ૮ ન | ચા | વ | | ૯ રં | ગ | રા | ગ | | મ |
| દે | | ૧૦ ર | ૧૧ મ | ત | | | ૧૨ રો | ૧૩ જ | ડી |
| ૧૪ વા | ત | | ૧૫ હા | ર | જી | ૧૬ ત | | ગ | |
| ળિ | | ૧૭ ભા | વ | | | ૧૮ મ | ૧૯ તાં | ત | ૨૦ ર |
| ૨૧ યો | ૨૨ ગ | | ૨૩ ત | ૨૪ દુ | ૨૫ પ | રાં | ત | | સી |
| | ૨૬ પ | ૨૭ ટ | | ૨૮ ધા | ર | | ણો | | |
| ૨૮-અ ગ્લા | | ૨૯ પ | ૩૦ રા | ળ | | ૩૧ ચા | | ૩૨ આ | ૩૩ હ |
| ૩૪ નિ | રં | કુ | શ | | ૩૫ તા | ર | ણ | હા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| | | | | ૭ | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | | |
| ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | ૧૫ | |
| | ૧૬ | ૧૭ | | | ૧૮ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | | | ૨૨ | | ૨૩ | | | |
| | | | ૨૪ | | | ૨૫ | | | ૨૬ |
| ૨૭ | | ૨૮ | | | ૨૯ | | | ૩૦ | |
| | | ૩૧ | ૩૨ | | | | ૩૩ | | |
| | | ૩૪ | | | ૩૫ | | | | |

**આડી ચાવી**

૧. શક્તિ વધારનાર (૫)
૪. ઉપજ આવે એવી (જમીન) (૪)
૭. દિવસે નહીં, પણ --- (૨)
૯. હવા (૩)
૧૧. તૂટે નહીં તેવું (૪)
૧૨. ધનુષ્યની જોડે હોય (૨)
૧૩. વરસાદની રાહ જોતું પંખી (૩)
૧૪. ઘોડાની એક પ્રકારની ચાલ (૩)
૧૬. તારો (૩)
૧૮. દિવસ (૨)
૨૦. --- થવું એટલે દેખાવું (૨)
૨૧. --- થેરાપી એટલે સુગંધીથી સારવાર (૩)
૨૨. ટમટમવું તે, ઉતાવળ (૫)
૨૪. રાંધવાનું મોટું તપેલું (૨)
૨૫. ઝેર (૨)
૨૭. ગામડિયો, અણઘડ (૩)
૨૯. --- મારવો એટલે નુકસાન પહોંચાડવું (૨)
૩૦. લાખ ચડાવેલું માટલું (૨)
૩૧. ફરી ફરી (૪)
૩૪. હલકટ (૨)
૩૫. કકલાણ, ઘોંઘાટ (૫)

**ઊભી ચાવી**

૧. ઈંદ્ર
૨. ભાર, બોજ (૩)
૩. કારીગરી, બનાવટ, જાદુ (૪)
૫. --- કિંમત એટલે મૂળ કિંમત (૪)
૬. ઉદ્ધતપણું (૪)
૮. ઝડપથી ચાલવું તે (હિન્દી) (૫)
૧૦. ભવિષ્યવાણી (૪)
૧૩. કુંભારનું સાધન (૨)
૧૫. વરસાદના છાંટા (૩)
૧૭. લક્ષ્મી, પત્ની (૨)
૧૯. નરોમાં શ્રેષ્ઠ (૪)
૨૧. અવગણવું તે (૫)
૨૨. નળમાંથી પાણી --- ટપકે (૨)
૨૩. એક જંતુ (૨)
૨૬. પાસું, પડખું (૪)
૨૮. પ્રવાહ, વહેણ, ધાર (૩)
૨૯. મારનાર (૩)
૩૨. થોડું, તુચ્છ, જરા (૨)
૩૩. પવિત્ર (૨)

## ગુજરાત મોરી મોરી રે

રાજા કુમારપાળ દ્વારા તીર્થંકર અજિતનાથના સન્માનમાં પહાડ પર બાંધવામાં આવેલું તારંગા તીર્થ કયા જિલ્લામાં છે?

અ) મહેસાણા બ) કચ્છ
ક) દ્વારકા ડ) સાબરકાંઠા

## માતૃભાષાની મહેક

ફણસ ઝાડ પરથી તોડવા પહેલા જ એનો સ્વાદ માણી લીધો એ કેવી વાત થઈ. મનુષ્ય જીવનમાં અતિશયોક્તિ પણ અનેક ઠેકાણે જોવા મળે છે. ગુજરાતીમાં અતિશયોક્તિ અલંકાર છે જ. ઝાકળના બિંદુમાં જોયો ગંગાનો જલરાશિ અને મેં રોઈને ભર્યા છે એ રણ મને ગમે છે એનું ઉત્તમ ઉદાહરણ છે.

## સુડોકુ-૭૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | ૭ | | | | | |
| ૨ | | ૬ | ૮ | | | | | |
| | ૯ | | | ૩ | | | | ૧ |
| | ૮ | ૯ | | | | | ૪ | |
| | | | | ૫ | | | | |
| | ૪ | | | | | ૬ | ૩ | |
| ૬ | | | | ૧ | | | ૫ | |
| | | | | | ૫ | ૧ | | ૭ |
| | | | | | ૭ | | ૨ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૭ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ |
| ૮ | ૨ | ૫ | ૩ | ૭ | ૧ | ૯ | ૬ | ૪ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૪ | ૨ | ૩ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ |
| ૨ | ૫ | ૭ | ૧ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૮ |

## ઈર્શાદ

ઘેલી માથે બેડલું મરકટ કોટે હાર,
જુગારી પાસે નાણું ટકે કેટલી વાર.

– લોક રચના

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

બહુ જ જાણીતી કહેવત 'દાતણ વેચે દળદર ન જાય'માં દળદરનો અર્થ જણાવો.

અ) હળદર બ) ગરીબી ક) ગંદકી ડ) હોશિયારી

## માઈન્ડ ગેમ

મહાભારતના શૂરવીર યોદ્ધા અભિમન્યુના પુત્રનું નામ જણાવો. યુદ્ધની સમાપ્તિ પછી સિંહાસન પર બિરાજ્યા હતા.

અ) બર્બરિક બ) ધૃષ્ટકેતુ
ક) પરીક્ષિત ડ) પ્રદ્યુમ્ન

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Aid | મદદ |
| Aim | તાકવું |
| Ail | બીમાર |
| Ace | એક્કો |
| Axe | કુહાડી |

ગુજરાત મોરી મોરી રે
પાટણ

ઓળખાણ પડી?
રામદેવપીર


માઈન્ડ ગેમ
કૃપાચાર્ય

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઘાસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ધીરેન ઉદેશી (૫) ગીતા ઉદેશી (૬) પ્રતિમા પમાણી (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) વિભા મહેશ્વરી (૧૦) ડો. પ્રકાશ કટકિયા (૧૧) ભારતી પ્રકાશ કટકિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) અશોક સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેશ દોશી (૨૩) સુરેખા દેસાઈ (૨૪) કિશોર બી. સંઘરાજકા (૨૫) અંજુ ટોલિયા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૯) પ્રવીણ વોરા (૩૦) હર્ષા મહેતા (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) રમેશ દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) નિતિન બજરિયા

# મૅરથન મૅજિકઃ મુંબઈ આખું પરોઢિયે જ જાગી ગયું, એશિયાની સર્વશ્રેષ્ઠ રેસની ૨૦મી સીઝનમાં ૬૨,૦૦૦ રનર્સ દોડ્યા





ટાટા મુંબઈ મૅરથનની ૨૦મી સીઝનનો ગઈ કાલે પરોઢિયે પાંચ વાગ્યાના ઠંડા વાતાવરણમાં રોમાંચક આરંભ થયો હતો. એશિયાની આ સર્વશ્રેષ્ઠ મૅરથનમાં કુલ ૬૨,૦૦૦ જેટલા રનર્સે ભાગ લીધો હતો. મૅરથન સીએસટીથી રેસ શરૂ થઈ હતી અને દર વખતની જેમ હજારો ભારતીયોની વચ્ચે વિદેશોના જેમાં ખાસ કરીને આફ્રિકાના દેશોના દોડવીરો છવાઈ ગયા હતા. ૪૨.૧૯૫ કિલોમીટરની મુખ્ય મૅરથનમાં પુરુષોના વર્ગમાં પહેલા તમામ છ ઍથ્લીટ આફ્રિકાના હતા. મહિલાઓમાં પહેલા ૧૫માંથી ૧૪ સ્થાનમાં આફ્રિકન રનર્સનું પ્રભુત્વ હતું. બાંદરા સી-લિન્ક પણ દેશ-વિદેશના હજારો ઍથ્લીટોથી ધમધમી ઉઠ્યો હતો. સૌથી વધુ ૨૫,૦૦૦થી વધુ લોકોએ ડ્રીમ રનમાં ભાગ લીધો હતો. વિધાનસભ્ય છગન ભુજબળ, મુંબઈ પોલીસના સ્પેશિયલ કમિશનર દેવેન ભારતી, ભૂતપૂર્વ બીએમસી કમિશનર ઈકબાલ સિંહ ચહલ તેમ જ અમૃતા ફડણવીસે મૅરથનને ફ્લૅગ-ઑફ કરી હતી. ઍક્ટર્સ નેહા ધુપિયા તેમ જ રાહુલ બોઝે પણ મૅરથનમાં ભાગ લીધો હતો. (અમય ખરાડે)

## મૅરથનના રનર્સ અને ડૅશિંગ દિવ્યાંગો





### ટાટા મુંબઈ મૅરથનને મળ્યા નવા વિદેશી ચૅમ્પિયનો

## ગુજરાતની નિરમા ઠાકોર ફરી વિજેતા, સોનિકા પરમાર બીજા નંબરે

### પાટણની નિરમા કહે છે, 'શૂઝમાં થોડી તકલીફ થઈ, પરંતુ સંકલ્પશક્તિ અને ઈશ્વરમાં રહેલી શ્રદ્ધાએ ફરી જિતાડી'

મુંબઈઃ ટાટા મુંબઈ મૅરથન (ટીએમએમ)ને પુરુષ અને મહિલા, બન્ને વર્ગમાં નવા ચૅમ્પિયન મળ્યા છે. ટીએમએમનું આ ૨૦મું વર્ષ છે અને એમાં ગઈ કાલે ૪૨.૧૯૫ કિલોમીટરની મુખ્ય દોડ (ફુલ મૅરથન)માં પુરુષ વર્ગનું ટાઇટલ પૂર્વ આફ્રિકાના એરીટ્રીયા નામના સાવ અજાણ્યા અને ટચૂકડા દેશના રનર બેર્હાન ટેસ્ફેએ જીતી લીધું હતું. મહિલાઓની ફુલ મૅરથન કેન્યાની જૉય્સ ચેપ્કેમોઇ ટેલે જીતી લીધી હતી. હજારો મુંબઈકર એશિયાની નંબર-વન તેમ જ વિશ્વની આ પ્રતિષ્ઠિત મૅરથનમાં દોડ્યા હતા અને હજારો લોકોએ શહેરના વિવિધ માર્ગો પરથી તેમ જ ઇમારતોમાંથી એ પ્રત્યક્ષ નિહાળી હતી. ભારતીયોમાં અનિશ થાપા પુરુષોમાં અને ગુજરાતની નિરમાબેન ઠાકોરે મહિલાઓની રનર્સમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. નિરમાબેન ૨૦૨૪માં પણ જીતી હોવાથી તેણે ભારતીય મહિલાઓમાં પ્રથમ સ્થાન ડિફેન્ડ કર્યું છે. સોનિકા પરમાર બીજા નંબરે અને સોનમ ત્રીજા નંબરે રહી હતી.

મેન્સ કૅટેગરીના વિજેતાને ૫૦,૦૦૦ ડૉલર (અંદાજે ૪૪ લાખ રૂપિયા) અને વિમેન્સ કૅટેગરીની વિજેતાને ૫૦,૦૦૦ ડૉલર (૪૪ લાખ રૂપિયા)નું પ્રથમ મળ્યું હતું. બીજા નંબરે આવનાર વિજેતાને ૨૫,૦૦૦ ડૉલર અને ત્રીજા નંબરના વિજેતાને ૧૫,૦૦૦ ડૉલરનું ઇનામ મળ્યું હતું.

નવાઈની વાત એ છે કે બન્ને વર્ગનાં ડિફેન્ડિંગ ચૅમ્પિયનો ઇથોપિયાનાં લેમી બેર્હાનુ તથા ઍબરાશ પહેલા ત્રણ સ્થાનમાં પણ નહોતાં આવી શક્યાં. ખાસ કરીને લેમી મુંબઈ મૅરથનમાં વિજેતાપદની હૅટ-ટ્રિક નોંધાવવામાં નિષ્ફળ ગયો હતો.

પુરુષોના ચૅમ્પિયન ટેસ્ફેએ ૪૨.૧૯૫ કિલોમીટરનું અંતર બે કલાક, ૧૧ મિનિટ, ૪૪ સેકન્ડના સૌથી ઓછા સમયમાં પૂરું કરીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. તેનું આ પહેલું જ ફુલ મૅરથન ટાઇટલ છે. ટાટા મુંબઈ મૅરથન વર્લ્ડ ઍથ્લેટિક્સ ગોલ્ડ લૅબલ રોડ રેસ તરીકે ઓળખાય છે. નવાઈની વાત એ છે કે એરીટ્રીયા દેશનો જ દોડવીર મેર્હાવી કેસેટે (૨:૧૧:૫૦) બીજા નંબરે આવ્યો હતો, જ્યારે ઇથોપિયાનો ટેસ્ફાયે ડેમેકે (૨:૧૧:૫૬) ત્રીજા સ્થાને રહ્યો હતો.

મહિલાઓની ફુલ મૅરથન જીતનાર કેન્યાની જૉય્સ ટેલેએ ૪૨.૧૯૫ કિલોમીટરનું અંતર બે કલાક, ૨૪ મિનિટ, ૫૬ સેકન્ડના બેસ્ટ ટાઇમિંગ સાથે જીતી લીધું હતું. બાહરિનની શિટાયે એશેટ (૨:૨૫:૨૯) બીજા નંબરે અને ઇથોપિયાની મેડિના ડેમે આર્મિનો (૨:૨૭:૫૮) ત્રીજા નંબરે આવી હતી.

પાટણ તાલુકાના હાજીપુરની નિરમાબેન ઠાકોરે ૪૨.૧૯૫ કિલોમીટરનું અંતર બે કલાક, ૫૦ મિનિટ, છ સેકન્ડમાં પૂરું કર્યું હતું. જોકે ગયા વર્ષે તેણે આ દોડ ૨:૪૭:૧૧ના ટાઇમિંગ સાથે પૂરી કરી હોવાથી આ વખતે તેણે ત્રણ મિનિટ જેટલો વધુ સમય લીધો હતો. નિરમાબેને સોનિકાને ૪૯ સેકન્ડથી હરાવી હતી અને એકંદરે ૧૬મા સ્થાને રહ્યા બાદ (મૅરથનના અંત બાદ) પત્રકારોને કહ્યું હતું કે 'ગયા વર્ષની જેમ હું આ વખતે સારું પર્ફોર્મ ન કરી શકી, કારણકે ગયા વર્ષનું ટાઇમિંગ મારું બેસ્ટ હતું. જોકે આ વખતે મને જે અનુભવ મળ્યો એ મારી દૃષ્ટિએ બહુમૂલ્ય છે. મેં શરૂઆત રાબેતામુજબની ઝડપ સાથે કરી હતી અને પહેલા ૧૨ કિલોમીટર ગ્રૂપ સાથે જ રહી હતી અને ત્યાર પછી અમે (આગળ-પાછળ) અલગ પડવા લાગ્યા હતા. ૩૮ કિલોમીટરનું અંતર થયું હશે ત્યારે મને શૂઝમાં થોડી તકલીફ થઈ, પરંતુ સંકલ્પશક્તિ અને ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા હોવાથી હું અગ્રેસર રહી હતી અને છેવટે જીતી ગઈ.'

પુરુષોમાં ફુલ મૅરથનમાં પહેલા સ્થાને આવનાર અનિશ થાપાએ આ મુખ્ય રેસ ૨:૧૭:૨૩ના ટાઇમિંગમાં પૂરી કરી હતી. માન સિંહ (૨:૧૭:૩૭) બીજા ક્રમે અને ગોપી થોનાકલ (૨:૧૯:૫૯) ત્રીજા ક્રમે આવ્યો હતો. ■





ફુલ મૅરથનમાં ચૅમ્પિયન પુરુષો બેર્હાન ટેસ્ફે, મેર્હાવી કેસેટે, ટેસ્ફાયે ડેમેકે તેમ જ ચૅમ્પિયન મહિલાઓ જૉય્સ ટેલે, શિટાયે એશેટ, મેડિના ડેમે આર્મિનો.






ફુલ મૅરથનમાં વિજેતા ભારતીય પુરુષો અનિશ થાપા, માન સિંહ, ગોપી થોનાકલ તેમ જ વિજેતા મહિલાઓ નિરમાબેન ઠાકોર, સોનિકા પરમાર, સોનમ. (અમય ખરાડે)





હાફ મૅરથનમાં વિજેતા પુરુષો સાવન બારવાલ, હરમનજોત તથા કાર્તિક કરકેરા તેમ જ વિજેતા મહિલાઓ સ્ટૅન્ઝિન ડોલ્કર, સ્કાર્મા લાન્ઝે તથા તાશી લૅડન.

## સૌપ્રથમ ખો-ખો વર્લ્ડ કપમાં ભારતીય મહિલા ટીમ ચૅમ્પિયન




નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં ભારતની મહિલા ટીમ સૌથી પહેલા ખો-ખો વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બની છે. આજે ફાઇનલમાં ભારતીય ટીમે નેપાળને ૭૮-૪૦થી હરાવ્યું હતું. નેપાળની સરખામણીમાં ભારતીય ખેલાડીઓ ઝડપ, વ્યૂહરચના અને ચપળતાની બાબતમાં ચડિયાતી પુરવાર થઈ હતી. એ રીતે, ભારતે આસાનીથી વિજય મેળવી લીધો હતો.

ભારતીય કૅપ્ટન પ્રિયંકા ઇન્ગળે તેના સર્વશ્રેષ્ઠ ફૉર્મમાં હતી. તેના નામે વારંવાર ટચ પૉઇન્ટ લખાયા હતા. નેપાળની બી. સમઝાનાએ પ્રિયંકાને ફાઇનલની બહાર કરી હતી, પણ એ તબક્કે બી. ચૈત્રાએ જવાબદારી સંભાળી હતી અને ભારતીય ટીમને મુસીબતમાંથી ઉગારી લીધી હતી. ચૈત્રા ખાસ કરીને ડ્રીમ રન નામના રાઉન્ડમાં છવાઈ ગઈ હતી અને તેને કારણે જ ભારતીય ટીમનો સ્કોર ૭૮ સુધી પહોંચી શક્યો હતો અને ભારત સૌપ્રથમ ખો-ખો વર્લ્ડ કપનું વિજેતા બન્યું હતું.

ગ્રૂપ સ્ટેજમાં ભારતે સાઉથ કોરિયા, ઇરાન, મલયેશિયાને હરાવ્યા બાદ ક્વૉર્ટરમાં બાંગ્લાદેશને અને સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકા સામે જ્વલંત વિજય મેળવ્યો હતો. ■

## ઢાકાની અદાલતે બહાર પાડેલા વૉરન્ટમાં કહ્યું, 'ક્રિકેટર શાકિબની ધરપકડ કરો'

ઢાકાઃ બે બૅન્ક ચેક બાઉન્સ થવાના કિસ્સામાં ઢાકાની ઍડિશનલ ચીફ મેટ્રોઅદાલતે બાંગ્લાદેશના ઑલરાઉન્ડર અને દેશના ભૂતપૂર્વ શાસક પક્ષ અવામી લીગના સંસદસભ્ય શાકિબ અલ હસનની ધરપકડ કરવા માટે વૉરન્ટ બહાર પાડ્યું છે.

ગયા વર્ષે બાંગ્લાદેશમાં રાજકીય ક્રાંતિ થયા પછી શાકિબ દેશમાં પાછો નથી આવ્યો. પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના દેશ છોડી જવા મજબૂર થયા એને પગલે શાકિબના જાનનું જોખમ પણ વધી ગયું છે.

અદાલતે જણાવ્યું હતું કે શાકિબ કે જે એક કૃષિ વિષયક કંપનીનો ચૅરમૅન પણ છે તે બે બાઉન્સ થયેલા ચેકને લગતા કેસમાં અદાલતમાં હાજર થવામાં નિષ્ફળ ગયો છે.

બાંગ્લાદેશના ગ્રેટેસ્ટ-એવર ક્રિકેટર તરીકે ઓળખાતો શાકિબ છેલ્લી મૅચ ગયા વર્ષે કાનપુરમાં ભારત સામેની ટેસ્ટમાં રમ્યો હતો. ચૅમ્પિયન્સ ટ્રોફી તેની અંતિમ ટૂર્નામેન્ટ બની રહેશે એવી સંભાવના છે. ■

## બે હજારથી વધુ દોડવીરોને તબીબી સહાયઃ ૨૬ હૉસ્પિટલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેરેથોનમાં રવિવારે ૬૨,૦૦૦થી વધુ દોડવીરો સહભાગી થયા હતા, જેમાંથી બે હજારથી વધુ લોકોને તબીબી સહાય આપવાની ફરજ પડી હતી, જ્યારે ૨૬ને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

મુંબઈ મેરેથોન સાથે સંકળાયેલા તબીબોએ આપેલી માહિતી મુજબવ ૬૨,૦૦૦ દોડવીરોમાંથી ૨,૦૧૮ (૩.૩ ટકા)ને તબીબી સહાયની જરૂર પડી હતી. જે સરખામણીની દૃષ્ટિએ ઘણી સારી સ્થિતિ કહી શકાય. આમાંથી પંચાવન ટકા લોકોને નજીવા મુદ્દા જેમ કે સ્નાયુ ખેંચાઈ જવો, પગ દુખાવો, નજીવા ઘા-ઘસરકા, ડિહાઈડ્રેશન જેવી ફરિયાદો હતી. જ્યારે મોટી ફરિયાદોમાં હૃદયરોગનો હુમલો, અંધારા છવાઈ જવા, બેભાન થઈ જવું, બ્લીડીંગ થવું, ગંભીર પ્રકારનું ડિહાઈડ્રેશન અને ફ્રેક્ચરનો સમાવેશ થાય છે. ૨૬ લોકોને હોસ્પિટલમાં લઈ જવા પડ્યા હતા, જેમાંથી પંદરને બોમ્બે હોસ્પિટલમાં, પાંચને લીલાવતીમાં, બેને પોદાર હોસ્પિટલ, ત્રણને જસલોક હોસ્પિટલ અને એકને સૈફીમાં લઈ જવામાં આવ્યા હતા. આમાંથી સોળ દર્દીને મોડી રાત સુધીમાં રજા આપવામાં આવી હતી. બાકીના અત્યારે સારવાર હેઠળ છે. ■

## મનુ ભાકરના પરિવાર પર તૂટી પડ્યો દુઃખનો ડુંગર, મામા-નાનીનું અકસ્માતમાં થયું મૃત્યુ

નવી દિલ્હીઃ ખેલરત્ન પુરસ્કાર વિજેતા શૂટર મનુ ભાકરના પરિવાર પર દુઃખનો ડુંગર તૂટી પડ્યો છે. મનુ ભાકરના નાની અને મામાનું અકસ્માતમાં મૃત્યુ થયું છે. હરિયાણાના મહેન્દ્રગઢ બાયપાસ રોડ પર સ્કૂટી તથા બ્રેઝા કારની ટક્કર થઈ હતી જેમાં મનુ ભાકરના મામા અને નાનીનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. દુર્ઘટના બાદ કારચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.

ભારતીય શૂટર મનુ ભાકરના મામા અને નાની સ્કૂટી પર ગઈ કાલે સવારે ૯ કલાક આસપાસ ચરખી દાદરીમાં મહેન્દ્રગઢ બાયપાસ નજીકથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે ધસમસતી આવેલી કારે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને ઉછળીને રોડ પર પટકાયાં હતાં અને સ્થળ પર જ મૃત્યુ થયું હતું. હજી બે જ દિવસ પહેલા મનુ ભાકરને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના શુભહસ્તે ખેલરત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મનુ ભાકર સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. મનુ ભાકરે એક ઓલિમ્પિકમાં ૨ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ સિદ્ધિ તેણે ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં મેળવી હતી. ■



# સૈફ પર હુમલો આંતરરાષ્ટ્રીય કાવતરું હોઈ શકે

## કોર્ટમાં આરોપીની રિમાન્ડ માગતી વખતે પોલીસ તરફથી કરાઇ રજૂઆત





**મેન્ગ્રોવ્સમાંથી પકડાયોઃ** સૈફ અલી ખાન પર હુમલો કરનાર આરોપી મોહંમદ શરીફુલ ઇસ્લામ થાણે ઘોડબંદર રોડ પરના લેબર કેમ્પની પાછળ આવેલા મેન્ગ્રોવ્સમાંથી પકડાયો હતો. (અમય ખરાડે)

મુંબઈઃ બાંદ્રા પશ્ચિમમાં મળસકે અભિનેતા સૈફ અલી ખાનના ઘરમાં ચોરીને ઇરાદે ઘૂસ્યા બાદ સૈફ પર છરીથી હુમલાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીના રિમાન્ડ માગતી વખતે પોલીસે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે સૈફ પર હુમલો આંતરરાષ્ટ્રીય કાવતરું હોઇ શકે છે.

પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે આરોપી બાંગ્લાદેશી નાગરિક છે અને તેના કૃત્ય પાછળનો ચોક્કસ હેતુ શોધવાની જરૂર છે. પોલીસે એમ પણ કહ્યું હતું કે આ કેસ સાથે કોઇ આંતરરાષ્ટ્રીય કાવતરું જોડાયેલું છે કે નહીં તે શોધવાની જરૂર છે.

રેકોર્ડ પરના દસ્તાવેજોનો અભ્યાસ કર્યા બાદ પોલીસની દલીલ સ્વીકારતાં કોર્ટે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કાવતરાની ફરિયાદ પક્ષની રજૂઆત ‘અશક્ય’ કહી શકાય નહીં. કોર્ટે બાદમાં આરોપી મોહંમદ શરીફુલ ઇસ્લામ શેહઝાદને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસે જણાવ્યું હતું કે સૈફ પર હુમલાના કેસમાં પકડાયેલો મોહંમદ શરીફુલ ઇસ્લામ ભારતમાં ગેરકાયદે ઘૂસ્યો હતો અને તેણે પોતાનું નામ બદલીને બિજોય દાસ રાખ્યું હતું.

ઉલ્લેખનીય છે કે બાંદ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ ઇમારતમાં રહેતા સૈફના ઘરમાં ગુરુવારે મળસકે આરોપી ઘૂસ્યો હતો અને તેણે સૈફ પર છરીના છ ઘા ઝીંક્યા હતા. સૈફની કરોડરજ્જુમાં છરીનો ટુકડો ખૂંપી ગયો હતો, જે સર્જરી કરીને કાઢવામાં આવ્યો હતો. ■

# પત્નીના ત્રાસથી કંટાળી કચ્છી વેપારીએ ટ્રેન સામે પડતું મૂક્યું

## જોગેશ્વરી સ્ટેશન નજીક બની ઘટનાઃ પત્ની વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પત્નીના કથિત ત્રાસથી કંટાળી ઘાટકોપરના કચ્છી વેપારીએ જોગેશ્વરી સ્ટેશન પાસે ટ્રેન સામે પડતું મૂકીને જીવન ટૂંકાવ્યું હતું. વેપારીના મોબાઈલ ફોનમાંથી એક વીડિયો મળી આવ્યો હતો, જેમાં આત્મહત્યા પહેલાં વેપારીએ પત્ની વિરુદ્ધ આક્ષેપો કર્યા હતા. પોલીસે વેપારીની પત્ની વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અંધેરી જીઆરપીના સિનિયર ઈન્સ્પેક્ટર નીતિન લોંઢેએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારની રાતે ૮.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. મૃતકની ઓળખ ભરત નાનજી રાવરિયા (૩૮) તરીકે થઈ હતી. ભરતે ચર્ચગેટ જતી ટ્રેન સામે પડતું મૂકી કથિત આત્મહત્યા કરી હતી.

મળતી માહિતી અનુસાર અધોઈ ગામનો અને હાલમાં ઘાટકોપરમાં રહેતો ભરત સ્ટેશનરીની દુકાન ધરાવતો હતો. પત્ની રિંકલ સાથે તેને છેલ્લા થોડા સમયથી બનતું નહોતું. તાજેતરમાં પત્ની સાથે થયેલી રકઝક પછી તે જોગેશ્વરીમાં ભાઈને ઘેર રહેવા આવ્યો હતો. ગુરુવારની રાતે ભરત જોગેશ્વરી સ્ટેશને પહોંચ્યો હતો. પછી ચર્ચગેટ જતી ટ્રેનને જોઈ પાટા પર સૂઈ ગયો હતો. મોટરમૅને તેને પાટા પર સૂતો જોયો હતો, જેને આધારે તેણે આત્મહત્યા કરી હોવાની ખાતરી થઈ હતી. ટ્રેન ફરી વળવાને કારણે ભરતે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. બનાવની જાણ થતાં અંધેરી જીઆરપીના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે

(જુઓ પાનું ૪) ▶▶

# હાં મૈંને હી કિયા!



મુંબઈઃ સૈફ અલી ખાન પર હુમલા બાદ દિવસ-રાત એક કરનારી પોલીસના હાથમાં જ્યારે આરોપી લાગ્યો ત્યારે તેણે તરત કબૂલાત કરતાં કહ્યું હતું કે ‘હાં મૈંને હી કિયા!’ સૈફ પર હુમલા પછી પોલીસને તેની બિલ્ડિંગમાંથી સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ મળ્યાં હતાં, જેમાં આરોપીની તસવીર સ્પષ્ટ નજરે પડતી હતી. ફૂટેજને આધારે પોલીસે આરોપીનું પગેરું મેળવવા માટે સેંકડો સીસીટીવીનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજને આધારે પોલીસે ભૂલથી બે યુવાનને તાબામાં સુધ્ધાં લીધા હતા, જેમના ચહેરા શકમંદ સાથે મેળ ખાતા હતા. આખરે હુમલાખોર ઘોડબંદર રોડ પર હોવાની માહિતી પોલીસે મેળવી હતી. મુંબઈ અને થાણે પોલીસના લગભગ ૧૦૦ અધિકારીએ લેબર કૅમ્પ પરિસરમાં શોધ હાથ ધરી આરોપી શરીફુલને પકડી પાડ્યો હતો. પકડાયા બાદ પોલીસે પૂછતાં તેણે ગુનો કબૂલી લીધો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# લેબર કોન્ટ્રેક્ટર અને યુપીઆઇ પેમેન્ટને કારણે આરોપી પકડાયો

મુંબઈઃ મળસકે ઘરમાં ઘૂસીને સૈફ અલી ખાન પર હુમલો કર્યા બાદ ફરાર થયેલો આરોપી મોહંમદ શરીફુલ ઇસ્લામ યુપીઆઇ પેમેન્ટ અને લેબર કોન્ટ્રેક્ટરને કારણે પોલીસને હાથમાં ઝડપાઇ ગયો હતો, એમ અધિકારીએ કહ્યું હતું. સૈફ અલી ખાન પર થયેલા હુમલા બાદ આરોપીને પકડવા પોલીસની ૩૦ જેટલી ટીમ તૈયાર કરાઇ હતી. તપાસ દરમિયાન આરોપી દાદર રેલવે સ્ટેશન પર ત્રણ વાર જોવા મળ્યો હતો અને તે વરલી કોલીવાડા ગયો હતો. પોલીસે ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં આરોપી લેબર કોન્ટ્રેક્ટર પાસે ગયો હતો, એવું જાણવા મળ્યું હતું.

પોલીસે ત્યાર બાદ લેબર કોન્ટ્રેક્ટરને શોધી કાઢ્યો હતો, જેણે આરોપીની તમામ માહિતી પોલીસને આપી હતી. તેના નિર્દેશ પ્રમાણે પોલીસે આરોપીને થાણેમાં જંગલ વિસ્તારમાં લેબર કેમ્પ ખાતેથી શોધી કાઢ્યો હતો.


પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર સૈફ પર હુમલો કર્યા બાદ આરોપી દાદર ખાતે મોબાઇલની દુકાનમાં ગયો હતો, જ્યાં તેણે ઇયરફોન્સ ખરીદવા ગયો હતો, જ્યાં તેણે યુપીઆઇ પેમેન્ટ કર્યું હતું. એ દુકાનના સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. આ યુપીઆઇ પેમેન્ટ આરોપીને શોધવા માટે પગેરું બન્યું હતું. આરોપી અગાઉ થાણેમાં હોટેલમાં કામ કરતો હતો, એવું તપાસમાં જણાયું હતું. ■

## સૈફ પર હુમલા બાદ આરોપી બસ સ્ટોપ પર સૂઈ ગયો

સૈફ પર હુમલા બાદ આરોપી શરીફુલ બાન્દ્રાના જ એક બસ સ્ટોપ પર સૂઈ ગયો હતો, એવું પોલીસ તપાસમાં જણાયું હતું. પશ્ચિમ બાંગ્લાદેશના ઝાલોકાઠી જિલ્લાના રાજાબરિયા ગામનો શરીફુલ છ મહિના પહેલાં મુંબઈ આવ્યો હતો. નોકરી ન હોવાથી તે ચોરીને ઇરાદે સૈફના ફ્લૅટમાં ઘૂસ્યો હતો. અભિનેતા પર હુમલો કર્યા બાદ સવારે સાત વાગ્યે બાન્દ્રા પશ્ચિમમાં પટવર્ધન ગાર્ડન નજીકના બસ સ્ટોપ પર સૂતેલો આરોપી સીસીટીવી કૅમેરામાં ઝડપાયો હતો. ત્યાંથી તે દાદર અને પછી વરલી ગયો હતો. ■

## કોણ બને આરોપીનો વકીલ?: બે લોયર વચ્ચે કોર્ટમાં જામી

મુંબઈઃ સૈફ અલી ખાન પર હુમલો કરનાર બાંગ્લાદેશી આરોપીને રવિવારે અદાલતમાં હાજર કરવામાં આવ્યો ત્યારે ખરો ડ્રામા થયો હતો બે વકીલો વચ્ચે. આ બંને વકીલો વચ્ચે આરોપીનું પ્રતિનિધિત્વ કરવા માટે હોડ બકી હતી. અંતે જજે મધ્યસ્થી કરવી પડી હતી અને તેમણે બંનેને આરોપીનું પ્રતિનિધિત્વ કરવાની મંજૂરી આપી હતી. ભારે પોલીસ હાજરી વચ્ચે શરીફુલને બપોરે બાંદ્રાની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. કોર્ટે તેને પૂછ્યું કે શું તેમને પોલીસ સામે કોઈ ફરિયાદ છે જેનો શરીફુલે નકારાત્મક જવાબ આપ્યો. ત્યારબાદ તેમને કોર્ટરૂમના પાછળના ભાગમાં આરોપીઓ માટે બનાવાયેલ બોક્સમાં લઈ જવામાં આવ્યા. આ જ વખતે એક વકીલ આરોપી વતી હાજર થવાનો દાવો કરવા આગળ આવ્યો. જોકે, વકિલાતનામા પર આરોપીની સહી લે તે પહેલાં જ દૃશ્ય નાટકીય બની ગયું. બીજો એક વકીલ આરોપી બોક્સ તરફ દોડી ગયો અને તેના વકિલાતનામા પર પર શહેઝાદની સહી લઈ લીધી હતી. (પીટીઆઈ)



**વરલીના આ ઘરમાં રહ્યો હતો હુમલાખોર**

સૈફ પર હુમલો કરનારો શરીફુલ મુંબઈના વરલી વિસ્તારમાં પણ રહ્યો હતો અને ત્યાંની એક હોટેલમાં કામ કરતો હતો. વરલી કોલીવાડા નજીકની જનતા કોલોનીમાં તે વિજય દાસને નામે રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. સતત બે દિવસ સુધી પોલીસે ત્યાંના રહેવાસીઓની પૂછપરછ પણ કરી હતી. જોકે પડોશીઓને આરોપી વિશે કોઈ જાણકારી નહોતી. પડોશીઓના કહેવા મુજબ ઈંડાં વેચનારા બે યુવાનને પોલીસ પૂછપરછ માટે લઈ ગઈ હતી. તેમની સાથે આરોપી અગાઉ રહેતો હતો કે નહીં તેની કોઈને માહિતી નથી.

# માત્ર પચીસ હજારમાં બાંગ્લાદેશીઓને કાનૂની ઓળખ અને નોકરી મળે છે

મુંબઈઃ બાંગ્લાદેશમાં વધી રહેલી રાજકીય અસ્થિરતા અને ત્યાંના હિન્દુઓ પર વધી રહેલા હુમલાઓના પ્રતિભાવમાં મુંબઈમાં ગેરકાયદે ઘૂસી રહેલા બાંગ્લાદેશી વસાહતીઓ સામે પોલીસ કડક હાથે કામ લઈ રહી છે. ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી વધી રહી હોવાથી મુંબઈ પોલીસ અને એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)એ શહેરના વિવિધ ભાગોમાં મોટી સંખ્યામાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે.

મુંબઈ પોલીસે જાન્યુઆરી ૨૦૨૫ના પહેલા ૧૫ દિવસમાં લગભગ ૯૦ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી અને ૬૦ કેસ નોંધ્યા હતા. ૧૯૯૪થી મુંબઈમાં રહેતા મોહમ્મદ ઇદ્રીસ શેખ ઉર્ફે જોશીમુદ્દીન બિશુ દિવાનની ચર્ની રોડથી થયેલી ધરપકડને પગલે ભારતમાં ગેરકાયદેસર પ્રવેશની સુવિધા આપતા એજન્ટોને કરવામાં આવતી ચુકવણીની વિગતો દર્શાવતો ‘રેટ ચાર્ટ’ મળી આવ્યો છે. તેમને પચીસ હજારમાં કાનૂની ઓળખ અને નોકરી મળે છે. તપાસમાં બાંગ્લાદેશથી લઈને ભારતના વિવિધ રાજ્યોમાં કાર્યરત એજન્ટોનું એક

(જુઓ પાનું ૪) ▶▶

# ‘ખરાબ છબી ધરાવતા લોકોનું એનસીપીમાં કોઈ સ્થાન નથી’

શિર્ડીઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રવિવારે કહ્યું હતું કે જાહેર જીવનમાં ખરાબ છબી ધરાવતા કોઈપણ વ્યક્તિનું તેમના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં કોઈ સ્થાન નથી.

પવારે કહ્યું હતું કે, જે લોકો ખોટું કરશે તેમને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવશે.

‘એનસીપીના કાર્યકર્તાઓનો આધાર ગામડાઓ અને દરેક ખૂણામાં બનાવવો જોઈએ. દરેક વ્યક્તિએ સંકલનમાં કામ કરવું જોઈએ,’ એમ તેમણે શિરડીમાં એનસીપીના સંમેલનમાં પોતાના સમાપન સંબોધનમાં કહ્યું હતું.

‘વિધાનસભા ચૂંટણીઓ પછી આપણી જવાબદારી વધી ગઈ છે. આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવામાં રસ ધરાવતા લોકોએ પચીસ ઘરોના સમૂહમાંથી મતદાન સુનિશ્ચિત કરવા માટે જવાબદાર કાર્યકરો પસંદ કરવા જોઈએ. જો પચીસ ઘરોમાંથી દરેકમાંથી (એનસીપી માટે) ચાર મત પડે, તો આપણને ૧૦૦ મત મળશે,’ એમ પવારે કહ્યું હતું.

તેમણે એનસીપીના કાર્યકરોને યુવાનો, ડોકટરો, ઇજનેરો અને વકીલોને સામેલ કરવા અપીલ કરી. પવારે કહ્યું હતું કે એનસીપીમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે, પરંતુ પાર્ટીએ એક રહેવું જોઈએ અને તેની છબીને અસર ન થવી જોઈએ. ‘જનતાના મનમાં ખરાબ છબી ધરાવતી વ્યક્તિનું પાર્ટીમાં કોઈ

(જુઓ પાનું ૪) ▶▶

# વિપક્ષો નરેટિવ ન બનાવે, સૈફ અલી ખાન પર હુમલો કરનાર બાંગ્લાદેશથી કોલકાતા આવ્યો હતોઃ અજિત દાદા

શિર્ડીઃ બોલિવૂડના અભિનેતા સૈફ અલી ખાન પર હુમલા બાદ મહારાષ્ટ્રના ઘણા વિપક્ષી નેતાઓએ વર્તમાન રાજ્ય સરકારની ટીકા કરતા કહ્યું કે મુંબઈમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વળતો જવાબ આપતા કહ્યું કે ‘બાંગ્લાદેશી’ હુમલાખોર કોલકાતા થઈને ભારતમાં પ્રવેશ્યો હતો, ત્યારબાદ તે મુંબઈમાં આવ્યો હતો.

‘કેટલાક વિપક્ષી નેતાઓએ કહ્યું છે કે અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાની ઘટના બાદ મુંબઈમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આરોપી બાંગ્લાદેશથી આવ્યો હતો. પહેલાં તે કોલકાતા આવ્યો અને પછી મુંબઈ આવ્યો. તેને ખબર નહોતી કે તે કોઈ ફિલ્મ સ્ટારનું ઘર છે. તે લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસ્યો હતો, એમ અજિત પવારે કહ્યું હતું.

ગુરુવારે વહેલી સવારે બાંદ્રામાં ‘ઘૂસણખોર’ દ્વારા છરીના હુમલામાં ઘાયલ સૈફ અલી ખાનના કેસના આરોપી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ શહેઝાદને પાંચ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.

શિર્ડીના એનસીપીના અધિવેશનમાં તેમણે કહ્યું હતું કે કોઈ સમાચાર આવે એટલે તેની વિગતો જાણવાની કોશિશ કરવાને બદલે વિરોધીઓ તેના પર બોલવા લાગતા હોય છે. આ પ્રકરણના તપાસમાં સિદ્ધ થયું છે કે વિપક્ષ ફેક નરેટિવ સેટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઘરમાં એક ચોર ઘૂસ્યો એટલે તરત જ કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ? જે થયું તે ન જ થવું જોઈએ, હું જે થયું એનું સમર્થન કરતો નથી. વિપક્ષના આરોપોમાં કોઈ તથ્ય નથી.

સમગ્ર ઘટનાક્રમની માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે ઘટના બાદ સમગ્ર પોલીસ યંત્રણા કામે લાગી ગઈ હતી અને તે થાણેમાંથી પકડાઈ ગયો હતો. તેણે બધું જ કબૂલ કરી લીધું છે. આઠ મહિના પહેલાં તે બાંગ્લાદેશ છોડીને કોલકાતામાં આવ્યો, ત્યાં તેણે મુંબઈ માટે ઘણું સાંભળ્યું હતું એટલે તે મુંબઈ આવ્યો. અહીં હાઉસ કીપિંગનું કામ કર્યું. જે એજન્સી માટે તે કામ કરતો હતો તેણે તેમને આધારકાર્ડ વગેરે આવશ્યક દસ્તાવેજોની ચકાસણી

(જુઓ પાનું ૪) ▶▶

# બીડમાં એસટી બસે અડફેટમાં લેતાં ત્રણ યુવાનનાં મોતઃ ડ્રાઈવર પકડાયો

છત્રપતિ સંભાજીનગરઃ બીડ જિલ્લામાં રવિવારે વહેલી સવારે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસે રસ્તાને કિનારે ટ્રેનિંગ કરી રહેલા ત્રણ યુવાનને અડફેટમાં લેતાં તેમનાં મોત થયાં હતાં, જ્યારે બે જણ બચી ગયા હતા.

બીડના ગોધકા રાજુરી ગામમાં વહેલી સવારે યુવાનોનું ગ્રૂપ રસ્તાને કિનારે પોલીસ ભરતી માટેની ટ્રેનિંગ કરી રહ્યું હતું ત્યારે આ અકસ્માત થયો હતો. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ની બસ બીડથી પરભણી તરફ જઇ રહી હતી ત્યારે તેણે ત્રણ યુવાનન કચડી નાખ્યા હતા.

અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેયની ઓળખ સુબોધ મોરે (૨૦), વિરાટ ઘોડકે (૧૯) અને ઓમ ઘોડકે (૨૦) તરીકે થઇ હતી, જેઓ ઘોડકા રાજુરી ગામના રહેવાસી હતા.

ત્રણેયના ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં અને તેમના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે જિલ્લાની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. આ અકસ્માત બાદ બસના ડ્રાઇવરને પકડી પાડવામાં આવ્યો હતો અને તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

અકસ્માત બાદ રોષે ભરાયેલા ગામવાસીઓએ બસની તોડફોડ કરી હતી અને મૃતકોના પરિવારના સભ્યો માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાં નોકરીની માગણી કરી હતી. (પીટીઆઇ)

# હું નથી અભિમન્યુ, હું છું અર્જુનઃ ધનંજય મુંડે

## આથી જ વિરોધીઓ ઘેરી નહીં શકે એવી સ્પષ્ટતા

શિર્ડીઃ મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેએ રવિવારે મહાભારતનો ઉલ્લેખ કરીને એવો દાવો કર્યો હતો કે, તેમને ઘેરી શકાશે નહીં કારણ કે તેઓ શ્રેષ્ઠ તીરંદાજ અર્જુન છે, અભિમન્યુ નહીં.

બીડના સરપંચ સંતોષ દેશમુખના ૯ ડિસેમ્બરના રોજ અપહરણ અને હત્યાના સંદર્ભમાં મુંડે પર વિપક્ષ તેમજ શાસક મહાયુતિના નેતાઓ દ્વારા નિશાન તાકવામાં આવી રહ્યું છે.

પોલીસે હત્યાનો કેસ અને હત્યા સાથે જોડાયેલો ખંડણીનો કેસ નોંધ્યો છે. મુંડેના નજીકના સાથી વાલ્મિક કરાડની ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે, જેના પગલે ઘણા નેતાઓએ દેવેન્દ્ર ફડણવીસ સરકારમાંથી તેમને બરતરફ કરવાની માગણી કરી રહ્યા છે.

‘ભલે ગમે તે હોય, અભિમન્યુની જેમ મને ઘેરવાનો કોઈ ફાયદો નહીં થાય. કારણ કે હું અભિમન્યુ નથી, હું અર્જુન છું. પાર્ટી (એનસીપી) ના કેટલાક નેતાઓ પણ અજિતદાદાને ખોટી માહિતી આપી રહ્યા છે, જેઓ આવા મુશ્કેલ સમયમાં પણ મારી સાથે ઉભા છે,’ એમ મુંડેએ ભારપૂર્વક જણાવ્યું હતું.

મહાભારતમાં અભિમન્યુની હત્યા કરવા માટે વિરોધીઓ દ્વારા ‘ચક્રવ્યૂહ’ બનાવવામાં આવ્યો હતો, જે અનેક વર્તુળોનું એક વિસ્તૃત યુદ્ધ સંગઠન હતું.

સંમેલનમાં બોલતા, મુંડેએ કહ્યું કે દેશમુખની હત્યા અત્યંત દુર્ભાગ્યપૂર્ણ હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે મેં ત્યારથી

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં દંપતીની મારપીટઃ ઈંટ ભઠ્ઠીના માલિક વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં ઇંટ ભઠ્ઠી પર કામ કરતા દંપતીની મારપીટ કરવા બદલ ઇંટ ભઠ્ઠીના માલિક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દંપતીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ઇંટ ભઠ્ઠીના માલિક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા સહિત શિડ્યુલ્ડ કાસ્ટ એન્ડ શિડયુલ્ડ ટ્રાઇબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીઝ) એક્ટ અને બોન્ડેડ લેબર સિસ્ટમ એક્ટ, ૧૯૭૬ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ભિવંડીના રહેવાસી દિનેશ માઘેની ઇંટ ભઠ્ઠી પર દંપતી જૂન, ૨૦૨૪થી કામ કરતું હતું. દંપતીને તેમની પુત્રીના ઘરે જવાનું હોવાથી તેમણે શુક્રવારે દિનેશ પાસે પરવાનગી માગી હતી, પણ તેણે ઇનકાર કરી દીધો હતો. દરમિયાન દંપતી ત્યાંથી ભાગી છૂટ્યું હતું અને બસમાં પોતાના ગામમાં જઇ રહ્યું હતું ત્યારે બસને અધવચ્ચે રોકવામાં આવી હતી.(પીટીઆઇ)

# કોલ્ડપ્લે કે ટિકિટ કચરે મેં...

## પ્રાચી સિંહ નામની મહિલાએ કોલ્ડપ્લે કૉન્સર્ટની ટિકિટ તો લીધી હતી પણ એ સફાઈ દરમિયાન કચરાપેટીમાં ફેંકાઈ ગઈ

નવી મુંબઈઃ નવી મુંબઈમાં તાજેતરમાં શનિવારે સાંજે ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં યોજાયેલા કોલ્ડપ્લેના કોન્સર્ટમાં બેન્ડની સંગીતની પ્રતિભાથી હજારો ચાહકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. ક્રિસ માર્ટિનના બ્રિટિશ રોક બેન્ડના દિલધડક શોના તાલે પ્રેક્ષકો ઝૂમ્યા, નાચ્યા અને ઘેલા થયા હતા. અનેક ચાહકોએ માટે શનિવાર અને રવિવારની સાંજ એક અવિસ્મરણીય અનુભવ બની રહ્યો. જોકે, ખોવાઈ ગયેલી એક કોન્સર્ટની ટિકિટ સાથે સંકળાયેલી એક કમનસીબ ઘટનાને પગલે ઓનલાઇન પ્રતિક્રિયાઓ જોવા મળી હતી.

કોન્સર્ટમાં સહભાગી થવા અત્યંત આતુર પ્રાચી સિંહ નામની ચાહકે કાર્યક્રમ પહેલા ટિકિટ ખોઈ નાખી હતી. સોશિયલ મીડિયા પર તેણે કરેલા ખુલાસા અનુસાર ડાઈનિંગ ટેબલ પર રેપરમાં વીંટાળેલી બે ટિકિટ ઘરની સફાઈ દરમિયાન ફેંકી દેવામાં આવી હતી. કોન્સર્ટમાં જવા માટે પ્રાચી તૈયાર થઈ ત્યારે તેને આ વાતની જાણ થઈ હતી. પ્રાચીએ શેર કરેલા વીડિયોમાં તે હતાશ થઈ સફાઈ કર્મચારીઓને કચરાપેટીમાં ટિકિટો શોધતા જોઈ રહી હતી. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે ‘કોલ્ડપ્લે કે ટિકિટ કચરે મેં ચલે ગયે.’ વાયરલ થયેલા આ વીડિયોને દસ લાખથી વધુ વ્યૂઝ મળી રહ્યા છે અને દર્શકોની અસંખ્ય કોમેન્ટ્સ આવી રહી છે.

## ઉલ્હાસનગરમાં ગેરકાયદે પ્રેક્ટિસ કરનારા ડૉક્ટર વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં ક્લિનિકમાં ગેરકાયદે મેડિસિન પ્રેક્ટિસ કરવા બદલ ડૉક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ઉલ્હાનગરની પોલીસ ફરાર ડૉક્ટરની શોધ ચલાવી રહી છે, જેની ઓળખ રામદાસ ભોઇર તરીકે થઇ હતી અને તેણે મહારાષ્ટ્ર કાઉન્સિલ ઓફ ઇન્ડિયન મેડિસિનને પોતાનું સર્ટિફિકેટ સોંપ્યું હોવા છતાં તે મેડિસિન પ્રેક્ટિસ કરી રહ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ગયા મહિને ડૉક્ટરના પરિસરમાં નિરીક્ષણ દરમિયાન પાલિકાની તબીબી ટીમને જાણવા મળ્યું હતું કે ડૉક્ટર હજી પણ મેડિસિન પ્રેક્ટિસ કરી રહ્યો હતો અને દર્દીઓને સારવાર આપી રહ્યો હતો.

પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિશ્વબજારમાં તેજીના સંકેત: ઇન્વેસ્ટર્સની નજર ટ્રમ્પના સંભવિત નીતિ ફેરફારો પર, નવી તેજી માટે ૨૩,૪૦૦ની આગળ મક્કમ આગેકૂચ જરૂરી

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઇઃ વિશ્વબજારમાં અમેરિકાના બજારોના ઉછાળાને કારણે તેજીના સંકેત મળી રહ્યાં છે, જોકે રોકાણકારોની નજર ટ્રમ્પના સત્તારૂઢ થયા પછીની નીતિ ફેરફારો પર મંડાયેલી છે. ટેક્નિકલ નિષ્ણાતો માને છે કે નિફ્ટીની ૨૩,૪૦૦ની આગળ મક્કમ આગેકૂચ જરૂરી છે. સ્થાનિક સ્તરે કોર્પોરેટ પરિણામો અને અંદાજપત્રની અટકળોને આધારે શેરલક્ષી અને સેક્ટરલક્ષી હલચલ જોવા મળશે.

અમેરિકાના ફુગાવાના હળવા ડેટાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની આશા ફરી વધી છે. વધુમાં, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ, ચાઇનાના અર્થતંત્રનો પાંચ ટકાથી વધુનો વિકાસ, ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડમાં જળવાયેલો ઘટાડાના ટ્રેન્ડ તેમ જ સ્થાનિક સ્તરે વેપાર ખાધમાં ઘટાડો થવાથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. જોકે, યુકેના નબળા આર્થિક વિકાસના ડેટા ચિંતાનો વિષય છે. આ ઉપરાંત નિષ્ણાતો માને છે કે ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડનો ઘટાડાનો ટ્રેન્ડ એવો નથી કે વિદેશી ફંડોની વેચવાલીના તીવ્ર દબાણને હળવું કરી શકે.

નિફ્ટીએ સાપ્તાહિક ચાર્ટ પર સ્મોલ અપર એન્ડ લોઅર શેડો સાથે સ્મોલ બુલિશ કેન્ડલની રચના કરી છે. સામાન્ય રીતે વાજબી નબળાઈ પછી ડોજી પેટર્ન રિવર્સલ સિગ્નલ હોઈ શકે છે. ટેક્નિકલ નિષ્ણાતો માને છે કે નિફ્ટી ૨૩,૪૦૦ની ઉપર નિર્ણાયક ઉછાળો નોંધાવે તો જ બજારમાં નવી તેજીની આશા રાખી શકાય. તેમના મતે તાત્કાલિક સપોર્ટ ૨૩,૧૦૦ના સ્તરે છે.

ઓપન ઈન્ટરેસ્ટ (ઓઆઈ) ડેટામાં, કોલ સાઈડ પર સૌથી વધુ ઓઆઈ ૨૩,૩૦૦ અને ૨૩,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસ પર જોવામાં આવ્યું હતું, જ્યારે પુટ સાઈડ પર, સૌથી વધુ ઓઆઈ ૨૩,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસ પર હતું અને ત્યારબાદ ૨૩,૦૦૦ પર હતું.

અમેરિકાના બજારમાં તેજી જોવા મળી હોવાથી પણ આજે સોમવારે સ્થાનિક બજારમાં સુધારાની અપેક્ષા છે. વિશ્વબજાર ટ્રમ્પના પદસ્થ થવાની પ્રતીક્ષામાં છે. નાસ્ડેક ટ્રમ્પના પ્રમુખપદ માટે કાઉન્ટડાઉનમાં ૩૦૦ પોઈન્ટથી વધુ ઊછળ્યો છે. વોલ સ્ટ્રીટના મુખ્ય શેરઆંકો શુક્રવારે ઊંચા મથાળે ખુલ્યા હતા, જેમાં એસએન્ડપી ૫૦૦ અને ડાઉ જોન્સ નવેમ્બર પછીના તેમનો સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો નોંધાવે એવી શક્યતા છે.

રોકાણકારો ટ્રમ્પ વહીવટ હેઠળ નીતિમાં ધરખમ ફેરફારની લહેર આવશે એવું ધારી રહ્યાં છે. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ ૧૫૯.૪ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા વધીને ૪૩,૩૧૨.૫૫ પોઇન્ટની સપાટી પર ખુલ્યો હતો. એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૫૮.૧ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા વધીને ૫,૯૯૫.૪ પોઇન્ટના સ્તર પર, જ્યારે નેસ્ડેક કમ્પોઝિટ ૩૧૭.૩ પોઈન્ટ અથવા ૧.૬૪ ટકા વધીને ૧૯,૬૫૪૬ પોઇન્ટ પર પહોંચ્યો છે. સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝન અને આગામી કેન્દ્રીય બજેટની વધુ અસર વર્તાશે, જે અંગે મિશ્ર મત પ્રવર્તે છે. વૈશ્વિક બજારમાં સુધારો અને સ્થાનિક સીપીઆઇ ફુગાવામાં ઘટાડો થવાથી શેરબજારને રાહત મળી છે, આનાથી આરબીઆઇને તેની આગામી નીતિ નક્કી કરવામાં થોડી છૂટ મળી શકે છે; જોકે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ પર ખાસ નજર રાખવામાં આવશે. કોર્પોરેટ પરિણામોની મોસમ શરૂ થઇ ગઇ છે, પાછલા સપ્તાહના અંતિમ સત્ર દરમિયાન એક્સિસ અને ઇન્ફોસિસ જેવા ઇન્ડેક્સના હેવીવેઇટ શેરોના કડાકા પાછળ બેન્ચમાર્કની ત્રણ દિવસની આગેકૂચને લાગી હતી અને સેન્સેક્સે ૭૭,૦૦૦ની સપાટી ગુમાવી હતી, જ્યારે નિફ્ટી ૨૨,૨૦૩.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. એફઆઇઆઇની એકધારી વેચવાલી અને ક્રૂડના વધતા ભાવને કારણે પણ બજારનું માનસ ખરડાયું હતું.

આઈટી ફર્મ ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યા હોવા છતાં સેન્સેક્સમાં તે પાંચ ટકાના કડાકા સાથે ટોચની અંડરપર્ફોર્મર કંપની બની હતી. કંપનીએ તેની આવકનું અનુમાન પણ વધારવા સાથે યુ.એસ. ક્લાયન્ટ્સના ખર્ચમાં વધારો થવાના પ્રારંભિક સંકેતા આપ્યા હોવા છતાં તેના શેરમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું.

જ્યારે લોનની ધીમી વૃદ્ધિ અને બેડ લોન માટેની ઉચ્ચ જોગવાઈઓને ટાંકીને ખાનગી ધિરાણકર્તા એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હોવાથી તેના શેરમાં પણ પ્રારંભિક સત્રમાં ચાર ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. આમ બે દિગ્ગજ શેરોના તીવ્ર કડાકાએ બેન્ચમાર્કને ઝડપથી નેગેટિવ ઝોનમાં ધકેલ્યો હતો.

જોકે અપેક્ષાથી સારા પરિણામને પગલે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો શેર ૪.૪ ટકા વધીને શુક્રવારે બીએસઈ પર રૂ.૧,૩૨૫.૧૦ની ઇન્ટ્રા-ડે હાઈ પર પહોંચ્યો હતો, કંપની દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિની જાહેર કરવામાં આવી છે. કોર્પોરેટ હલચલમાં ઓદ્યોગિક ક્ષેત્રે પર્યાવરણની સુરક્ષા માટે કાર્યરત અને સસ્ટેનિબિલિટી તથા ગ્રીન ઇનિશિએટીવમાં લીડર રાવીન ગ્રુપે ૭૫મી એનિવર્સરી પ્રસંગે ટોચના ઉદ્યોગપતિઓ અને અન્ય જાણીતી હસ્તીઓને અક છત્ર નીચે લાવી ૨૦૨૫ વર્લ્ડ એન્વાયરોન્મેન્ટ કેમ્પેઇનના ચહેરા તરીકે અજય દેવગનની પસંદગી જાહેર કરી હતી.

ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગ ક્ષેત્રે પ્રવૃત્ત પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે અગાઉ હાઇડલ કન્સલ્ટન્ટ તરીકે ઓળખાતી, એટુ ગ્રીન એનર્જી પ્રાઇવેટ લિમિટેડ પાસેથી રૂ. ૧૭.૦૭ કરોડનો નોંધપાત્ર વર્ક ઓર્ડર મેળવ્યો છે. કોન્ટ્રાક્ટમાં મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં પાંચ મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટ, પ્લાન્ટ અને ઇક્વિપમેન્ટની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો સમાવેશ છે.

સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી ૧૪ વધ્યા અને ૧૬ ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં એનટીપીસી ૫.૫૮ ટકા, રિલાયન્સ ૪.૫૩ ટકા, અદાણી પોર્ટ્સ ૪.૪૧ ટકા, મારુતિ ૪.૦૬ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૪૮ ટકા ઊછળ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ કંપનીઓમાંથી સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં એચસીએલ ટેકનોલોજી ૧૧.૫૧ ટકા, ઈન્ફોસિસ ૮.૩૫ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૫.૯૭ ટકા, એક્સિસ બેન્ક ૫ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૩.૭૩ ટકા ગબડ્યો હતો. સેક્ટરલ ઈન્ડાયસીસમાં સપ્તાહ દરમિયાન પાવર ૪.૩૩ ટકા, મેટલ ૩.૬૯ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૩.૬૫ ટકા, પીએસયુ ૩.૦૯ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૪૭ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૫૮ ટકા વધ્યા હતા.

# ભારત વૈશ્વિક સ્તરે ટોચના ૧૫ મુખ્ય બજારોમાં ત્રીજા સ્થાને

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૪માં ભારતીય બજારનું મૂડીકરણ ૧૮.૪ ટકા વધીને ૫.૧૮ ટ્રિલિયન ડોલર પર પહોંચી ગયું છે. તેમાં ૮૦૬ અબજ ડોલરનો વધારો થયો છે. આ વૃદ્ધિને કારણે, ભારત વૈશ્વિક સ્તરે ટોચના ૧૫ મુખ્ય બજારોમાં ત્રીજા સ્થાને છે. અમેરિકા, વિશ્વનું સૌથી મોટું બજાર, ૨૫.૬ ટકા અથવા ૧૨.૯ ટ્રિલિયન ડોલર મૂડીકરણની આશ્ચર્યજનક વૃદ્ધિ સાથે ૬૩.૩ ટ્રિલિયન ડોલર સુધી પહોંચ્યું છે. તે પ્રદર્શન ચાર્ટમાં ટોચ પર છે. રસપ્રદ વાત એ છે કે, વર્તમાન કેલેન્ડર વર્ષ દરમિયાન વૈશ્વિક મૂડીકરણ ૧૩.૮ ટ્રિલિયન ડોલર અથવા ૧૨.૪ ટકા વધીને ૧૨૫ ટ્રિલિયન ડોલર થયું છે, જેમાં એકલા યુએસ માર્કેટનો ફાળો ૯૩.૬ ટકા છે.

યુએસમાં બજાર મૂલ્યમાં મોટાભાગનો વધારો એપલ, એનવીડિયા, મેટા અને ટેસ્લા સહિતની મોટી ટેક કંપનીઓ દ્વારા ચલાવવામાં આવ્યો હતો. તાઇવાનના માર્કેટ કેપમાં ૨૧.૨ ટકાનો વધારો થયો છે, જે વિશ્વના મુખ્ય બજારોમાં બીજા નંબરનો સૌથી વધુ આંકડો છે. હોંગકોંગ અને ચીન વર્ષનો અંત ક્રમશઃ ૧૭.૮ ટકા અને ૬.૬ ટકાના માર્કેટ કેપ ગેઇન સાથે કરશે, જે તળિયેથી તીવ્ર ઉછાળાને આભારી છે.

દરમિયાન, મુખ્ય બજારો દક્ષિણ કોરિયા અને ફ્રાન્સે આ વર્ષે તેમની માર્કેટ કેપમાં ૩૪૦ બિલિયન ડોલર કરતાં વધુનો ઘટાડો જોયો છે, તેમની કામગીરી રાજકીય અસ્થિરતાને કારણે નબળી પડી છે.

# વીમા કંપનીઓએ રૂપિયા ૨૬,૦૦૦ કરોડના આરોગ્ય વીમા દાવા નકારી કઢાયા

મુંબઈ : ગયા નાણાં વર્ષમાં દેશની આરોગ્ય વીમા કંપનીઓએ અંદાજે રૂપિયા ૨૬૦૦૦ કરોડના દાવા નકારી કાઢયા હતા જે નાણાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ ૧૯.૧૦ ટકા વધુ હતા. ઉપલબ્ધ થયેલા કુલ દાવામાંથી ૧૧ ટકા દાવા નકારી કઢાયા હતા. નાણાં વર્ષ ૨૦૨૩માં નકારી કઢાયેલા દાવાની રકમનો એકત્રિત આંક રૂપિયા ૨૧૮૬૧ કરોડ રહ્યો હતો એમ ઈન્સ્યૂરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડાઈ)ના ડેટા જણાવે છે.

પોલિસીધારકો દ્વારા પૂરા પડાતા કાગળિયામાં ભૂલ અથવા માહિતીમાં વિસંગતતા જણાતા વીમા કંપનીઓ તેવા દાવાને નકારી કાઢે છે. અપૂરતા કાગળિયાની સ્થિતિમાં પણ કલેઈમ મંજુર થતા નહીં હોવાનું ઈરડાઈના સુત્રોએ જણાવ્યુ હતું. બીજી બાજુ જીવન વીમા કંપનીઓએ ગયા નાણાં વર્ષમાં રૂપિયા ૪૮૫૧૨ કરોડના દાવાની ચૂકવણી કરી છે જે નાણાં વર્ષ ૨૦૨૩માં રૂપિયા ૪૬૩૮૦ કરોડ ચૂકવાયા હતા. દેશમાં કોરોનાના હુમલા બાદ જીવન વીમા તથા આરોગ્ય વીમા પ્રત્યેની જાગૃતિમાં વધારો જોવા મળી રહ્યાનું પણ સૂત્રોએ ઉમેર્યું હતું.

# એક્સિસ ફંડે સૌથી વધુ સીએજીઆર મલ્ટિ કેપમાં નોંધાવ્યું, ઇએલએસએસ બીજા ક્રમે

મુંબઇઃ એક્સિસ ફંડે સૌથી વધુ સીએજીઆર મલ્ટિ કેપમાં નોંધાવ્યું, ઇએલએસએસ કેટેગરી બીજા ક્રમે રહી છે. એક્સિસ બ્લુચિપ ફંડે તેના બેન્ચમાર્કને પાછળ રાખીને, નિયમિત વૃદ્ધિ યોજના માટે શરૂઆતથી ૧૨.૪૮ની કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) નોંધાવ્યો છે. આ ફંડ ઉચ્ચ ગુણવત્તાવાળા લાર્જ કેપ શેરોમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, સ્થિરતા સાથે વૃદ્ધિની સંભાવના પર લક્ષ્ય રાખે છે. એ જ રીતે, એક્સિસ મલ્ટિકેપ ફંડે સ્થાપનાના ત્રણ વર્ષ દરમિયાન નિયમિત વૃદ્ધિ યોજના માટે શરૂઆતથી ૨૦.૯૭ ટકાનો સીએજીઆર નોંધાવ્યો છે, જે તેના બેન્ચમાર્ક કરતા સારી કામગીરી દર્શાવે છે. આ ફંડ મધ્યમ જોખમ સાથે વૃદ્ધિના હેતૂસર વૈવિધ્યસભર અભિગમ અજમાવી બજારમાં વિવિધ તબક્કે ઉદભવતીં તકોનો લાભ ઉઠાવવાની વ્યૂહરચના ધરાવે છે. તાજેતરમાં, એક્સિસ ઇક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ્સ (ઇએલએસએસ) ટેક્સ સેવર ફંડે ૧૫ વર્ષ પૂરા કર્યા છે, જે નિયમિત વૃદ્ધિ યોજના માટે ૧૬.૦૩ ટકાની સીએજીઆર અને તેના બેન્ચમાર્ક કરતાં સારી કામગીરી નોંધાવી છે. જ્યારે એક્સિસ રિટાયરમેન્ટ ફંડે પાંચ વર્ષ દરમિયાન નિયમિત વૃદ્ધિ યોજનાની શરૂઆતથી અનુક્રમે ૧૨.૩૪ ટકા, ૧૪.૨૯ ટકા અને ૯.૦૯ ટકા સીએજીઆર નોંધાવ્યો છે. આ ફંડની વ્યૂહાત્મક સંપત્તિ ફાળવણી અને લાંબા ગાળાની વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરી નિવૃત્તિ આયોજન કરે છે.

# આઈટી અને ટેક ઈન્ડેક્સના ધોવાણ સાથે માર્કેટ કેપમાં ₹ ૯૫૦૦૦ કરોડનો ઘટાડો

મુંબઇઃ શેરબજારમાં પાછલા સપ્તાહમાં આઈટી અને ટેક ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા, પાવર શેરો સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૯૫૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. ૧૭ જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૭,૩૭૮.૯૧ના બંધથી ૭૫૯.૫૮ પોઈન્ટ્સ (૦.૯૮ ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૧૩ જાન્યુઆરી અને સોમવારે ૭૬,૬૨૯.૯૦ ખૂલી એ જ દિવસે નીચામાં ૭૬,૨૪૯.૭૨ અને ગુરુવાર, ૧૬ જાન્યુઆરીએ ઊંચામાં ૭૭,૩૧૯.૫૦ સુધી જઈ અંતે ૭૬,૬૧૯.૩૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૨૮.૭૨ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૨૯.૬૭ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૯૫ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૬૭ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૫૪ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા, બીએસઈ મિડકેપ ૧.૦૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૭૮ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૧.૩૬ ટકા અને એસએમઈ આઈપીઓ ૦.૮૬ ટકા ઘટ્યો હતો. પએથ ગ્રુપની ૭૧૬ કંપનીઓમાંથી ૩૧૯ કંપનીઓના ભાવ વધ્યા, ૩૯૫ કંપનીઓના ભાવ ઘટ્યા હતા અને બેના સ્થિર રહ્યા હતા. પબીથ ગ્રુપની ૧૨૩૫ કંપનીઓમાંથી ૫૬૨ કંપનીઓના ભાવ વધ્યા, ૬૬૯ કંપનીઓના ભાવ ઘટ્યા અને ચારના સ્થિર રહ્યા હતા. બીએસઈ ૧૦૦માં ૫૦ કંપનીઓ વધી, ૫૦ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૧૦૫ કંપનીઓ વધી, ૯૫ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ૧૪ કંપનીઓ વધી, ૧૬ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૩૧ કંપનીઓ વધી, ૨૬૯ કંપનીઓ ઘટી. મિડકેપની ૬૪ કંપનીઓ વધી, ૬૮ કંપનીઓ ઘટી. સ્મોલ કેપની ૪૦૨ કંપનીઓ વધી, ૫૩૨ કંપનીઓ ઘટી. સપ્તાહ રમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૯,૧૧૩.૧૯ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૨ ૭,૪૭૩.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

# કૃષિ નિકાસ વધારવા છ વર્ષ જૂની નીતિની સમીક્ષા હાથ ધરવા સરકારની વિચારણા

મુંબઈ : વૈશ્વિક બજારના બદલાઈ રહેલા ગણિતોને ધ્યાનમાં રાખી છ વર્ષ જૂની કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા સરકાર વિચારી રહી છે. ભારતની કૃષિ નિકાસ વધારવાના પ્રયાસો જરૂરી હોવાનું સરકાર માની રહી છે.

કૃષિ નિકાસ નીતિની સમીક્ષા કરવા પાછળનો હેતુ દેશની કૃષિ જણશોની સ્પર્ધાત્મકતા વધારવા, વૈશ્વિક ધોરણોનું પાલન કરવા તથા વેલ્યુ એડેડ પ્રોડકટસને પ્રોત્સાહન આપવાનો રહેલો છે.

પરંપરાગત ભાગીદારો સાથે નિકાસ સંબંધો જાળવી રાખી સરકાર નવી ઊભરતી બજારોમાં દેશની કૃષિ પેદાશોને સ્થાન અપાવવા માગે છે, એમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્માર્ટફોનની આગેવાની હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૫માં ઈલેક્ટ્રોનિક્સની નિકાસમાં નોંધપાત્રવૃદ્ધિ

મુંબઈઃ દેશમાંથી નિકાસ થતાં ટોચના દસ પ્રોડકટસમાંથી સૌથી વધુ નિકાસ વૃદ્ધિ ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુની નિકાસમાં જોવા મળી રહી છે. સ્માર્ટફોન્સની આગેવાની હેઠળ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસનો આંક ૨૨.૫૦ અબજ ડોલર રહ્યો છે જે ગયા નાણાં વર્ષના આ ગાળામાં થયેલી ૧૭.૬૬ અબજ ડોલરની નિકાસ સરખામણીએ ૨૮ ટકા વધુ છે.

આ જોરદાર વૃદ્ધિને પરિણામે વર્તમાન નાણાં વર્ષમાં દેશની ટોચની દસ નિકાસ આઈટેમ્સમાં ઈલેક્ટ્રોનિક્સની નિકાસ વૃદ્ધિ સૌથી ઊંચી જોવા મળી છે, એમ વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

ગયા નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ઈલેક્ટ્રોનિકસની નિકાસનો ક્રમ મૂલ્યની દ્રષ્ટિએ જે છઠ્ઠો હતો તે વર્તમાન નાણાં વર્ષના આ ગાળામાં વધી ત્રીજો આવી ગયો છે.

પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમને કારણે દેશમાંથી સ્માર્ટફોનની નિકાસમાં જોરદાર વધારો જોવા મળ્યો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં સ્માર્ટફોનની નિકાસ વાર્ષિક ધોરણે ૪૫ ટકા વધી ૧૩.૧૧ અબજ ડોલર રહી છે. દેશમાંથી ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો જે ગયા નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ૫૧ ટકા હતો તે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં વધી ૫૮ ટકા રહ્યો છે. વર્તમાન નાણાં વર્ષના અંત સુધીમાં આ હિસ્સો ૬૦થી ૬૨ ટકા પહોંચી જવા ધારણાં રાખવામાં આવી રહી છે. સ્માર્ટફોન્સ ઉપરાંત દેશમાંથી નિકાસ થતી અન્ય ઈલેક્ટ્રોનિક્સ આઈટેમમાં સોલાર મોડયૂલ્સ, ડેસ્કટોપ, રાઉટર્સ તથા કમ્પોનેન્ટસનો સમાવેશ થાય છે. વિશ્વ બજારમાં ઈલેક્ટ્રોનિક્સ માલસામાનની નિકાસમાં ચીન તથા વિયેતનામ અગ્રસ્થાન ધરાવે છે ત્યારે ભારત હવે પોતાનો હિસ્સો વધારવા સજ્જ બન્યું છે, એમ ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું.

ભારતની ટોચની દસ નિકાસમાં પ્રથમ ક્રમે એન્જિનિયરિંગ માલસામાન, બીજા ક્રમે પેટ્રો પ્રોડકટસ તથા ત્રીજા ક્રમે ઈલેક્ટ્રોનિક્સ પ્રોડકટસ રહ્યા છે.

# સોડા એશની માગ વર્ષ ૨૦૩૦ સુધીમાં વધીને ૭.૧ મિલ્યન મેટ્રિક ટન પહોંચવાની ધારણા

નવી દિલ્હીઃ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ભારતીય અર્થતંત્ર મજબૂત રહ્યું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ્સ રિન્યુએબલ એનર્જી હાંસલ કરવી, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવું તેમજ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઇકોનોમી જેવા લક્ષ્યો સામેલ છે.

આ લક્ષ્યાંકોને હાંસલ કરવામાં દેશમાં ગ્રીન એનર્જી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને આ ક્રાંતિમાં કાચા માલના નોંધપાત્ર યોગદાનને પણ નજરઅંદાજ કરી શકાય નહીં. કાચા માલમાં સોડા એશ અથવા સોડિયમ કાર્બોનેટ બહુમુખી ઔદ્યોગિક સંયોજન તરીકે ઊભરી આવ્યું છે તેમજ પ્રમુખ સેક્ટર્સમાં તેની અગત્યની ભૂમિકાએ સૌ કોઇનું ધ્યાન ખેંચ્યું છે.

વૈશ્વિક સોડા એશ માર્કેટ ૨.૫થી ત્રણ ટકાના સીએજીઆર પર સતત વધી રહ્યું છે, જેની વાર્ષિક વધારાની માગ બે મિલ્યન મેટ્રિક ટન (એમએમટી)છે. વૈશ્વિક ઉત્પાદન ક્ષમતા ૭૯ મિલ્યન મેટ્રિક ટન છે ત્યારે વાસ્તવિક ઉત્પાદન ૬૬ મિલ્યન મેટ્રિક ટન છે.

વાર્ષિક ૪.૪ મિલિયન મેટ્રિક ટનની માગ સાથે ભારત સ્થાનિક ઉત્પાદનની અછતનો સામનો કરે છે. અત્યારની ક્ષમતા ૪.૩ મિલ્યન મેટ્રિક ટન છે, પરંતુ વાસ્તવિક ઉત્પાદન માત્ર ૩.૮ મિલિયન મેટ્રિક ટન છે, જે વાર્ષિક ૦.૬ મિલિયન મેટ્રિક ટનની આયાતની જરૂરિયાત પર ભાર મૂકે છે.

પરંપરાગત રીતે, ગ્લાસ, ડીટર્જન્ટ્સ અને ડાય જેવા સેક્ટર્સમાં માગ પાંચ ટકાના સીએજીઆરના દરે વધી રહી છે ત્યારે સોલર ગ્લાસ અને લિથિયમ આયન બેટરીને અપનાવવાની સાથે તે છથી સાત ટકા પર પહોંચવાની ધારણા છે. વર્ષ ૨૦૩૦ સુધી દેશની સોડા એશની માગ વધીને ૭.૧ મિલિયન મેટ્રિક ટન પહોંચવાની ધારણા છે.

ભારતમાં સિન્થેટિક સોડા એશનું ઉત્પાદન સૌથી વધુ ગુજરાતમાં થાય છે. દેશમાં સોડા એશનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે. કુદરતી સોડા એશના સ્રોત ધરાવતા દેશોથી વિપરીત ભારત કૃત્રિમ રીતે ઉત્પાદનના માર્ગ પર નિર્ભર રહે છે. સોલવે પ્રક્રિયા ઓછા રોકાણ અને જાળવણીના ખર્ચને કારણે સૌથી વધુ ઉપયોગમાં લેવામાં આવતી ટેક્નોલોજી છે.

ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ અનુસાર, આ પ્રક્રિયાથી ગંદકી ઉત્પન્ન થાય છે. જો કે, તમામ ભારતીય ઉત્પાદકો આ રસાયણને સમુદ્રમાં ઠાલવતા પહેલા તેની પ્રક્રિયા કરીને તેને દરિયાની ઇકોસિસ્ટમને સુસંગત બનાવે છે. સોડા એશના ઉત્પાદનથી ગેસનું ઉત્સર્જન પણ પ્રમાણમાં ઓછું થાય છે. આ ઉત્સર્જન પર્યાવરણીય ધોરણો પ્રમાણે છે.

# એશિયા-પેસિફિકમાં ભારત, ચીન, જાપાનને પાછળ મૂકીને તાઈવાનનું શેરબજાર પ્રથમ સ્થાને!

મુંબઇઃ ૨૦૨૪માં એશિયા-પેસિફિક બજારોમાં ભારત, ચીન અને જાપાનને પાછળ છોડીને તાઇવાનનું શેરબજાર શ્રેષ્ઠ દેખાવ કરનાર શેરબજાર પુરવાર થયું હતું. ૨૪ ડિસેમ્બર સુધીમાં તેમાં ૩૦.૩ ટકાનો વધારો થયો હતો.વિશ્લેષકોનું કહેવું છે કે તેનું મુખ્ય કારણ તાઈવાનનો સેમિકન્ડક્ટર ઉદ્યોગ છે જે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

તેની સરખામણીમાં જાપાનનો નિક્કી ૧૭.૪ ટકા, હોંગકોંગનો હેંગસેંગ ૧૮.૬ ટકા અને ચીનનો ઈજીઈ૩૦૦ ૧૬.૨ ટકા વધ્યો હતો. તે જ સમયે, ઓસ્ટ્રેલિયાનો અજીર૦૦ ૭.૬ ટકા અને ભારતનો નિફ્ટી ૯.૨ ટકા વધ્યો હતો. જો કે દક્ષિણ કોરિયાનો કોસ્પી ૮.૮ ટકા ઘટયો હતો.

તાઇવાનના સેમિકન્ડક્ટર ઉદ્યોગે વૈશ્વિક માંગમાં વધારો કરવાનો લાભ લીધો. નોંધનીય છે કે છેલ્લા એક વર્ષમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈલેક્ટ્રિક વાહનો અને ૫જી ટેક્નોલોજીની ભારે માંગ હતી અને તાઈવાનના સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીએ આ વસ્તુઓનું મૂડીકરણ કર્યું હતું.

તાઈવાનના ચિપમેકર્સને આ વૃદ્ધિથી ઘણો ફાયદો થયો છે. ભૌગોલિક રાજકીય તણાવ અને ચીન તરફથી પુરવઠા પરની નિર્ભરતાને ઓછી થવાને કારણે યુએસ અને યુરોપની માંગમાં વધારો થયો છે. વધુમાં, તાઈવાન સરકારે રોકાણકારોના વિશ્વાસને વધુ મજબૂત કરવા, તકનીકી નવીનતાને પ્રોત્સાહન આપવા માટે ઘણી નીતિઓ ઘડી હતી.

વિશ્લેષકો માને છે કે વૈશ્વિક બજારો ૨૦૨૫માં ભૌગોલિક રાજકીય સમસ્યાઓ અને આથક અનિશ્ચિતતાઓનો સામનો કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના પુનઃ ચૂંટાવાથી ચીનની આર્થિક દિશા પર અસર પડી શકે છે.

ખાસ કરીને ઊંચા યુએસ વ્યાજ દરો અને મજબૂત ડોલરને કારણે એશિયામાં વૈશ્વિક નાણાકીય સ્થિતિ તંગ બની શકે છે. ચીન, દક્ષિણ કોરિયા અને ઇન્ડોનેશિયા વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે, જ્યારે જાપાન અને મલેશિયા કડક નીતિ અપનાવી શકે છે.

# ભારતમાં જીડીપીથી ધિરાણના પ્રમાણમાં વધારો થવાનો અવકાશ

મુંબઈ : દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણ વૃદ્ધિની સાથોસાથ થાપણ વૃદ્ધિ પણ ઊંચી જોવા મળી રહી છે. ૧૩ ડિસેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૧.૫૦ ટકા રહી હતી અને થાપણ વૃદ્ધિનો દર પણ ૧૧.૫૦ ટકા રહ્યો હતો. દેશના જીડીપીથી ધિરાણનું પ્રમાણ નીચું છે જેમાં વધારો થવાનો અવકાશ રહેલો છે. બેન્કિંગ વ્યવસ્થામાં બાકી પડેલી થાપણનો આંક રૂપિયા ૨૨૭.૬૧ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે બાકી પડેલી ધિરાણનો આંક રૂપિયા ૧૮૦.૮૧ ટ્રિલિયન જોવા મળ્યો હતો. ૨૯ નવેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિ સાધારણ મંદ પડી ૧૦.૬૪ ટકા સાથે થાપણ વૃદ્ધિને લગભગ સમાન રહી હતી. આ ગાળામાં થાપણ વૃદ્ધિ ૧૦.૭૨ ટકા રહી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ધિરાણ તથા થાપણ વૃદ્ધિ ફરી એક વખત સમાન જોવા મળી છે. એક સમયે થાપણ વૃદ્ધિ કરતા ધિરાણ વૃદ્ધિ સાત ટકા જેટલી ઊંચી જોવા મળી હતી. વિકસિત દેશો ઉપરાંત કેટલાક વિકાસસિલ દેશોની સરખામણીએ ભારતમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી)થી ધિરાણનું પ્રમાણ નીચું છે.

# રૂપિયાની નબળાઈથી કંપનીઓની ત્રીજા ત્રિમાસિકની કામગીરી નબળી રહેશે

મુંબઈ : મંદ માગ વચ્ચે ડોલર સામે રૂપિયામાં જોરદાર ઘસારાને પરિણામે વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના કંપનીના પરિણામો પણ નબળા જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. એટલું જ નહીં ડોલરના સ્વરૂપમાં વિદેશમાંથી ભંડોળ ઊભુ કરી ચૂકેલી કંપનીઓએ વધારાની જોગવાઈ કરવાની આવશે. ડોલર સામે રૂપિયો હાલમાં ગબડી ૮૫ને પાર જતો રહ્યો છે. સામાન્ય રીતે મોટાભાગની કંપનીઓ પોતાના વિદેશી એકસપોઝરનું હેજિંગ કરી રાખતી હોય છે, પરંતુ લોનની સંપૂર્ણ રકમનું હેજિંગ કરાતું નથી હોતુ અન્યથા કંપનીઓને ઊંચો ખર્ચ ભોગવવાનો આવી શકે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. છેલ્લા બે વર્ષમાં ડોલર સામે રૂપિયો લગભગ સ્થિર રહ્યો હતો પરંતુ ૨૦૨૪માં રાજકીયભૌગોલિક ઘટનાક્રમોને કારણે ડોલર સામે રૂપિયામાં અચાનક મોટો ઘટાડો જોવા મળ્યો છે. રૂપિયામાં ઘસારાને કારણે રિઝર્વ બેન્ક પણ વ્યાજ દર ઘટાડવામાં સાવચેતી ધરાવી રહી છે અને કરન્સી બજારમાં અવારનવાર દરમિયાનગીરી કરે છે. રૂપિયાના ઘસારાના કિસ્સામાં નિકાસકારોને લાભ થાય છે પરંતુ આયાતકારોને ફટકો પડે છે.

# ઊંચા વ્યાજદરને કારણે એમએસએમઇ નિકાસકારો પર માઠી અસર

નવી દિલ્હીઃ દેશમાં પ્રવર્તમાન ઊંચા વ્યાજદરની નિકાસકારો પર માઠી અસર પડી રહી હોવાથી વાણિજ્ય મંત્રાલય નાણાં મંત્રાલય સાથે કાર્ય કરી રહ્યું છે જેથી નિકાસકારોને મદદરૂપ થઈ શકાય, એમ એક સરકારી વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

ઈન્ટિરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ થકી નિકાસકારોની સ્પર્ધાત્મકતા જળવાતી રહી હોવાથી વાણિજ્ય મંત્રાલય સતત નાણાં મંત્રાલયને સ્કીમની મહત્ત્વતા સમજાવવાના પ્રયાસો કરી રહ્યું હોવાનું ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ સંતોષકુમાર સારંગીએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ઘણાં અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે નાણાં સંસ્થાઓની ઊંચી કોલેટરલ માગ ખાસ કરીને એમએસએમઈ માટે નાણાં સંસ્થાઓ પાસેથી નાણાં સહાય મેળવવામાં મોટો અવરોધ છે અને તેની માઠી અસર નિકાસ બજાર પર થઈ રહી છે. જો આપણે એમએસએમઈ માટે કોલેટરલ ફ્રી અથવા તો સબસિડાઈઝ ધોરણે કોલેટરલની સુવિધા કરી શકીએ તો તેઓને મદદરૂપ થઈ શકાય આથી વાણિજ્ય વિભાગ ખર્ચ વિભાગ સાથે કાર્ય કરી રહ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ભારતમાં રિપો રેટ ૬.૫ ટકાના સ્તરે છે, જ્યારે ઘણાં દક્ષિણ પૂર્વના દેશોમાં રિપો રેટ ૨.૫થી ૩.૫ ટકાની વચ્ચે છે. આથી નિકાસકારો પર માઠી અસર પડી રહી છે તેમાં પણ ખાસ કરીને એમએસએમઈ નિકાસકારોની સ્પર્ધાત્મકતા પર વધુ માઠી અસર પડી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ ઊંચા વ્યાજદરોની માઠી અસર આંશિક રીતે હળવી કરી શકે છે. જોકે, આ સ્કીમ આગામી ૩૧ ડિસેમ્બર સુધી અમલી છે.

# અમદાવાદના પાંજરાપોળ ફ્લાયઓવરને હાઈ કોર્ટની લીલીઝંડી

## જાહેર હિતની અરજી ફગાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પાંજરાપોળ ફ્લાયઓવરના નિર્માણનો માર્ગ મોકળો થયો છે, ફ્લાયઓવર સામેની જાહેર હિતની અરજી હાઈ કોર્ટે ફગાવી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચે ચુકાદો આપતાં કહ્યું હતું કે, કોર્ટને એવી છૂટ નથી અને એ શક્ય પણ નથી કે તે 'લક્ષ્મણરેખા' ઓળંગીને તંત્રના નીતિવિષયક નિર્ણય પર પોતાનો દૃષ્ટિકોણ કે નિર્ણય થોપી શકે. પ્રસ્તુત કેસમાં ફ્લાયઓવરના નિર્માણનો નિર્ણય અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ટેક્નિકલ નિષ્ણાતોના રિપોર્ટના આધારે લીધો છે. તેવા કિસ્સામાં ટેક્નિકલ અભિપ્રાયને નજરઅંદાજ કરીને કોર્ટ તેને ગેરકાયદે જાહેર કરી શકે નહીં. આ મહત્ત્વપૂર્ણ તારણ સાથે હાઈ કોર્ટે ફ્લાયઓવરના નિર્માણના પગલે વૃક્ષો કપાતાં ગ્રીન કવર ઘટશે, બ્રિજ બનાવનારી કંપનીનો રેકોર્ડ ખરાબ છે અને આ વિસ્તારમાં ટ્રાફિક ઘટચો સહિતની અરજદારની દલીલો રીતસરની ફગાવી દેતાં મનપાને મોટી રાહત મળી હતી.

ચીફ જસ્ટિસની બેન્ચે ૭૦ પાનાંના ચુકાદામાં અરજદારોની દલીલોની ઝીણવટભરી છણાવટ કરી નોંધ્યું હતું કે, મનપા પ્રજાના બહોળા હિત માટે ફ્લાયઓવર બનાવી રહી છે ત્યારે બ્રિજના નિર્માણથી વૃક્ષો કપાશે અને ગ્રીન કવર ઘટશે એવી દલીલ અપ્રસ્તુત જણાય છે. કેમ કે, મનપા નવાં ૩૦ લાખ વૃક્ષો વાવવાની છે. બ્રિજના નિર્માણનો કૉન્ટ્રાક્ટ મેળવનારી કંપની રણજિત કન્સ્ટ્રક્શન હોવાથી અરજદારોના મોટા ભાગના આક્ષેપો રણજિત બિલ્ડકોન વિરુદ્ધના છે. તેથી અરજદારની ઉક્ત કોઈ પણ દલીલ ટકી શકે એમ ન હોવાથી રિટ પિટિશન રદ કરી હતી.

હાઈ કોર્ટે ચુકાદાના અંતે નોંધ્યું હતું કે, આ જાહેરહિતની અરજીના પગલે બ્રિજના નિર્માણમાં અગાઉથી જ વિલંબ થઈ ગયો છે અને જો હજુ વધુ વિલંબ થશે તો જાહેર નાણાંને નુકસાન થશે અને ખરેખર તો એ જાહેરહિતથી વિપરીત હશે. તેથી આ રિટને રદ કરવામાં આવે છે. ■

# અમદાવાદના ઓઢવ વિસ્તારમાં મનપાનું બુલડોઝર ફર્યું:

## ૫૭ મકાન અને ૧૬ કૉમર્શિયલ બાંધકામ તોડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિ. તંત્ર દ્વારા ઓઢવ વિસ્તારમાં રબારી કૉલોની વસાહતમાં મ્યુનિ. પ્લોટ ઉપર વર્ષોથી બનાવી દેવાયેલાં ૫૭ નાનાંમોટાં પાકાં મકાનો તેમ જ ૧૬ દુકાનો જેવાં બાંધકામો ઉપર બૂલડોઝર ફેરવી દેવાયું હતું. ટાઉન પ્લાનિંગ કમિટી ચૅરમૅન પ્રિતેશ મહેતાએ જણાવ્યું હતું કે, શહેરના કોઈ પણ વિસ્તારમાં મ્યુનિ.-સરકારી પ્લોટ ઉપર કે ખાનગી જગ્યામાં પણ મ્યુનિ.ની મંજૂરી વગર થયેલાં બાંધકામો ગેરકાયદે ગણાય છે, આવાં બાંધકામો તોડવા માટે કોઈ પક્ષપાતભરી નીતિ અપનાવવામાં આવતી નથી. ક્યાંક કોર્ટકેસ ચાલતા હોય તો જ અને બાંધકામો કેવાં છે, શહેરીજનોને તેમ જ ટ્રાફિકને નડતરરૂપ છે તે બધી બાબતો જોઈને પ્રાયોરિટી નક્કી કરવામાં આવતી હોય છે. તેમણે કહ્યું હતું કે, ઓઢવ રબારી કૉલોની વસાહતમાં વર્ષો અગાઉ મ્યુનિ. માલિકીના કૉમન પ્લોટમાં ૫૭ નાનાંમોટાં પાકાં મકાનો બનાવી દેવાયાં હતાં તેમ જ ૧૬ કૉમર્શિયલ બાંધકામો કરી દેવાયાં હતાં.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મ્યુનિ. માલિકીના પ્લોટ ઉપર કોઈ જ પ્રકારનાં દબાણ કે ગેરકાયદે બાંધકામ ચલાવી લેવાય નહીં તે નીતિ અનુસાર રબારી વસાહતમાં મકાનો ખાલી કરાવીને તોડી પાડવાનું શરૂ કરાયું છે અને બે ચાર દિવસમાં તમામ બાંધકામો તોડી પ્લોટ અને રોડ ખુલ્લા કરાવવામાં આવશે. જમાલપુર કાંચની મસ્જિદ પાસેની જગ્યામાં પણ મ્યુનિ.ની મંજૂરી વગર ૧૦ પાકી દુકાનો અને ગોડાઉન બનાવી દેવાયાં હતાં. આ બાબતે ભાજપના ધારાસભ્ય અમિતભાઈ શાહે પર્દાફાશ કર્યો તે પછી અજાણતામાં ભાડાં ચૂકવતા લોકોએ ગેરકાયદે દુકાનો અને ગોડાઉન ખાલી કરવા માંડ્યાં હતાં અને મધ્ય ઝોન એસ્ટેટ ખાતાએ આ ગેરકાયદે બાંધકામ તોડવાની શરૂઆત કરી હતી. ■

# ગ્રાન્ટેડ સ્કૂલોમાં શિક્ષક, આચાર્યની ભરતી-બદલીમાં નિમણૂક માટે શાળાની એનઓસી દૂર કરવા સામે સંચાલકોનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ભરતી માટે હાલમાં કાર્યવાહી ચાલી રહી છે. જેમાં શિક્ષક કે આચાર્ય તરીકે નિમણૂક માટે શાળાની એનઓસીની જરૂરિયાત દૂર કરવાનો શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ નિમણૂક મેળવનાર આચાર્ય કે શિક્ષકે સંચાલક મંડળ પાસેથી એનઓસી મેળવવાની રહેતી હતી, પરંતુ હવે નવી નિમણૂક મેળવનારને શાળામાંથી છૂટા થવા માટે જિલ્લા શિક્ષણાધિકારી પણ નવી જગ્યાએ હાજર થવા છૂટા કરી શકશે. શિક્ષણ વિભાગના આ નિર્ણય સામે સંચાલક મંડળમાં આક્રોશ જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં આ મુદ્દે કોર્ટ મેટર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એનઓસી અંગે શિક્ષણ બોર્ડના કાયદા અને વિનિયમમાં જોગવાઈ હોવાથી સંચાલક મંડળનું એનઓસી હોવું જોઈએ તેમ સંચાલકોનું માનવું છે. રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં ભરતી પ્રક્રિયા વખતે શિક્ષક કે આચાર્યને છૂટા કરવા માટે સંચાલક મંડળ પાસેથી એનઓસી મેળવવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી ભરતી પ્રક્રિયામાં શિક્ષક કે આચાર્ય અન્ય સ્કૂલમાં નિમણૂક પામે ત્યારે સંચાલક મંડળ પાસેથી એનઓસી મેળવી જમા કરાવે ત્યાર બાદ જ તેઓને છૂટા કરવામાં આવતા હોય છે. જો, સંચાલક મંડળ દ્વારા તેમને એનઓસી આપવામાં ન આવે તો તેઓ છૂટા થઈ શકતા નથી. જેના પગલે રાજ્યના શિક્ષણ વિભાગે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ભરતી પ્રક્રિયા દરમિયાન મહત્ત્વનો નિર્ણય કર્યો છે. જેમાં શિક્ષક કે આચાર્ય તરીકે નિમણૂક માટે શાળાની એનઓસીની જરૂરિયાત દૂર કરવામાં આવી છે. તેના બદલે નવી નિમણૂક મેળવનારને શાળામાંથી છૂટા થવા માટે જિલ્લા શિક્ષણાધિકારી પણ નવી જગ્યાએ હાજર થવા માટે છૂટા કરી શકશે.

શિક્ષણ વિભાગના આ નિર્ણય સામે સંચાલક મંડળમાં રોષ ફેલાયો છે. સંચાલકોની એનઓસીની સત્તા ઝૂંટવી લેવી યોગ્ય ન હોવાનું સંચાલક મંડળનું માનવું છે. સંચાલક મંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, કાયદો અને વિનિયમોથી સંસ્થા અને વિભાગ ચાલે છે, તેમાં સંચાલક મંડળની એનઓસીની જોગવાઈ કરવામાં આવેલી છે. નિયમ મુજબ શિક્ષકે છૂટા થવા માટે એનઓસી મેળવવું પડે અને નોટિસ પે ભરવો પડે. આમ, છતાં શિક્ષણ વિભાગ દ્વારા સંચાલક મંડળની એનઓસીની જરૂરિયાત દૂર કરવાનો જે નિર્ણય કરાયો છે તે યોગ્ય નથી. આ મુદ્દે સંચાલક મંડળ આગામી દિવસોમાં કોર્ટમાં જવાની તૈયારી પણ કરી રહ્યું છે. વિભાગ ઇચ્છતો હોય તો વિનિયમ અને કાયદામાં સુધારો કરી શિક્ષકોને પોતાના હસ્તક લઈ શકે છે. ■

# એસીબીના ડીજીપી શમશેર સિંઘની બીએસએફમાં એડીજીપી તરીકે નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કેડરમાં ફરજ બજાવતા વધુ એક આઈપીએસ અધિકારી કેન્દ્રમાં ડેપ્યુટેશન પર જશે. એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)ના ડાયરેક્ટર સમશેરસિંઘને ડેપ્યુટેશન પર મોકલવા આવશે.

એસીબીના ડીજીપી ડૉ. શમશેર સિંઘની બોર્ડર સિક્યોરિટી ફોર્સ એટલે કે બીએસએફના એડિશનલ જનરલ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા શમશેર સિંહને તાત્કાલિક રિલિવ કરવા માટે પણ આદેશ કરવામાં આવ્યો હતો. શમશેર સિંઘ ૧૯૯૧ના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી છે. શમશેર સિંઘ ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી બીએસએફમાં કાર્યરત રહેશે.

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી શમશેર સિંઘ મૂળ હરિયાણાના જીંદ જિલ્લાના વતની છે. તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી દિલ્હીથી મૅનેજમેન્ટમાં પીએચ.ડી. કર્યું હતું. તેઓ વર્ષ ૧૯૯૧માં ગુજરાત કેડરમાં આઈપીએસ અધિકારી તરીકે જોડાયા હતા. વર્ષ ૨૦૨૦ સુધી ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી) ક્રાઈમના એડીજીપી રહ્યા હતા. ત્યાર બાદ તેમને વડોદરા શહેરના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા હતા. ■

# ગુજરાતના દ્વારકા અને બેટ દ્વારકામાં મેગા ડિમોલિશન, ૮ દિવસમાં કુલ ૫૨૫ દબાણો દૂર કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા અને બેટ દ્વારકા ખાતે મેગા ડિમૉલિશનમાં ૮ દિવસમાં કુલ ૫૨૫ દબાણો દૂર કરાયાં હતાં. ૮ દિવસ ચાલેલા મેગા ડિમૉલિશનમાં અનેક રહેણાક મકાનો સહિત, કૉમર્શિયલ બાંધકામો અને ધાર્મિક બાંધકામો પર બૂલડોઝર ફરી વળ્યું હતું. અંદાજે રૂપિયા ૭૩.૫૫ કરોડની કિંમતની સરકારી જમીન પરનું દબાણ દૂર કરાયું હતું. તેની સાથે સાથે બેટ દ્વારકા અને ઓખામાં ૪ ધાર્મિક સ્થળ તોડી પડાયાં હતાં અને બેટ દ્વારકામાં ૨, આરંભડામાં ૧ ધાર્મિક સ્થળ પર બુલડોઝર ફર્યું હતું.

દ્વારકા, બેટ દ્વારકા ઓખામાં આઠ દિવસ ચાલેલું મેગા ડિમૉલિશન પૂર્ણ થયું હતું, બેટ દ્વારકામાં અને ઓખામાં ૪ જ્યારે દ્વારકામાં ૨ અને આરંભડામાં ૧ ધાર્મિક સ્થળો અત્યાર સુધીમાં તોડી પાડવામાં આવ્યાં હતાં. ૮ દિવસ ચાલેલા મેગા ડિમૉલિશનમાં ૧,૨૭,૯૧૭ સ્કે.મીટર સરકારી જમીન ખુલ્લી કરાઈ છે. ૮ દિવસ સુધી ચાલેલા મેગા ડિમૉલિશનમાં ૧ હજાર પોલીસ કર્મચારી એસ.આર.પી જવાનોએ ખડેપગે ફરજ બજાવી હતી.

બેટ દ્વારકામાં ગેરકાયદેસર બાંધકામને નોટિસ આપવામાં આવી હતી. પાંચ દિવસના અંતે ૨૬.૩૩૨ ચો. મી સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી, હજુ પણ બેટ દ્વારકા ખાતે ગેરકાયદેસર દબાણ કરનારાઓને તંત્રએ નોટિસ ફટકારી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પહેલાં પણ દેવભૂમિ દ્વારકામાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, ત્યાર બાદ ફરી અનેક જગ્યાએ લોકો દ્વારા દબાણો કરવામાં આવ્યાં હતાં. તંત્રને આ વિશે જાણ થતાં જ ફરીથી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# અમે 'વરઘોડો' નથી કાઢતા; માત્ર રિકન્સ્ટ્રક્શન કરીએ છીએઃ ડીજીપી વિકાસ સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ દ્વારા આરોપીઓના વરઘોડા કાઢવામાં આવી રહ્યા છે, જાહેરમાં ગુનેગારોનું સરઘસ કાઢવાની પોલીસની કાર્યવાહી ચર્ચાનો વિષય બની છે. આ મુદ્દે ડીજીપી વિકાસ સહાયે સ્પષ્ટતા કરી હતી. વિકાસ સહાયે જણાવ્યું હતું કે, અમારા વિભાગમાં 'વરઘોડા' શબ્દનો કોઈ ઉપયોગ થતો નથી. ગુજરાત પોલીસ આ શબ્દનો ઉપયોગ કરતી નથી કે અમારા કોઈ પણ કાગળ પર આ શબ્દને કાયદાકીય કાર્યવાહી તરીકે દર્શાવતા નથી. આ શબ્દ પ્રેસ અને મીડિયા તરફથી આપવામાં આવ્યો છે. જ્યાં પણ અપરાધ થાય છે ત્યાં પુરાવા એકત્ર કરવા અત્યંત મહત્ત્વપૂર્ણ છે.આ એક મહત્ત્વની પ્રક્રિયા છે, જેને 'સીન ઑફ ક્રાઇમનું પુનઃનિર્માણ' કહેવામાં આવે છે. આ 'વરઘોડો' નથી. તપાસની સંપૂર્ણ પ્રક્રિયામાં રિકન્સ્ટ્રક્શન જરૂરી છે, પરંતુ જો ક્યાંય પણ કોઈ પણ સ્થળે અમારા ધ્યાનમાં કે કોઈ સિનિયર અધિકારીના દયાનમાં આવી જાય કે રિકન્સ્ટ્રક્શનના બહાને કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ થઈ રહી છે, તો તત્કાળ તેના પર કાર્યવાહી કરવામાં આવશે, પરંતુ અમે 'વરઘોડો' નથી કાઢતા; માત્ર રિકન્સ્ટ્રક્શન કરીએ છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલાં ગાંધીનગરમાં યોજાયેલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ઘણા લોકોને આજકાલ વરઘોડાથી ઘણો વાંધો છે, ગુજરાત પોલીસે નક્કી કર્યું છે કે રાજ્યના સામાન્ય નાગરિકોને જો કોઈ હેરાન-પરેશાન કરશે તો તેનો વરઘોડો તો જરૂરથી નીકળશે. ■

# ભુજમાં ગૃહિણીને ડિજિટલ અરેસ્ટ કરી, ૪.૪૫ લાખ રૂપિયા પડાવવાના ગુનામાં સુરતથી પિતા-પુત્ર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરમાં ફર્નિચરનો શો-રૂમ ધરાવતા વેપારીની પત્નીને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના નામે ડરાવી-ધમકાવી, ડિજિટલ એરેસ્ટ કરીને ૪.૪૫ લાખ રૂપિયા પડાવી લેવાના ગુનામાં પોલીસે ગણતરીના કલાકોમાં સુરતના પિતા-પુત્રની ધરપકડ કરી હતી.

મકરસંક્રાંતિના સપરમા દિવસે ભુજના ભાવેશ્વર નગરમાં રહેતી ૩૪ વર્ષિય રીમાબેન વિકાસ મહેતા નામની ગૃહિણીએ બનાવ અંગે ભુજ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રિમિનલોએ રીમાના આધાર કાર્ડના નંબર પરથી મુંબઈથી તાઈવાનમાં એક કુરિયર મોકલાયું હોવાનું, તેમાં ૧૪૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સહિતની ગેરકાયદે ચીજવસ્તુ મળી હોવાનું અને ગૃહિણી પર મની લોન્ડરિંગનો કેસ હોવાનું જણાવીને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે ડરાવી-ધમકાવી હતી. બાદમાં ૪.૪૫ લાખ રૂપિયા જમા કરાવવા અને તપાસ બાદ પરત મળી જશે તેમ કહી તેમના બેન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવી લીધાં હતાં.

જે બૅન્ક ઑફ ઈન્ડિયાના ખાતામાં રૂપિયા જમા થયા હતા તે ખાતું સુરતના ૫૬ વર્ષિય જાફર અબ્બાસ સૈયદ (રહે. ક્રાન્તિનગર, મીઠી ખાડી, સુરત)ના નામે હતું.

ભુજ બી ડિવિઝનના પી.આઈ.એ માહિતી આપતાં જણાવ્યું હતું કે, જે બૅન્ક ખાતામાં યુપીઆઈ અને આરટીજીએસથી નાણાં ટ્રાન્સફર થયાં, તેની વિગતો મેળવી ટ્રેસ કરી સુરતથી પિતા-પુત્રને ઝડપી લેવાયા છે. સુરતના મીઠીખાડીના કાંતિનગરમાં રહેતા ૫૬ વર્ષિય જાફર અબ્બાસ સૈયદને પકડી તપાસ કરતાં એક લાખ રૂપિયા તેના દીકરા અલ્તાફ જાફર સૈયદના ખાતામાં ટ્રાન્સફર થયા હતા. જે એટીએમથી ઉપાડ્યા હતા. બાકીના અઢી લાખ અલ્તાફ અને સાઉદ બંને જણાએ ભેગા મળી જાફરના બૅન્ક ઓફ બરોડાના ખાતામાંથી ચેક દ્વારા ઉપાડ્યા હતા. ૩.૫૦ લાખ રૂપિયા ટાઈગર નામની વ્યક્તિને અપાયા હતા અને જે ૯૫ હજાર યુપીઆઈથી ટ્રાન્સફર થયા તે રાજસ્થાનના અલવર ખાતે સરદારખાન ટ્રાન્સપોર્ટ નામના ખાતામાં જમા થયા હોવાનું જાણવા મળ્યું હતું.

ઝડપાયેલા પિતા-પુત્રને ૫ હજાર રૂપિયા આપી તેમનું બૅન્ક ખાતું ભાડાં પર લેવાયું હતું, જેમાં આ રૂપિયા ટ્રાન્સફર થયા હતા. અગાઉ કેટલી વખત કમિશન પર બૅન્ક ખાતું ભાડે અપાયું છે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. તેમ જ હાલના તબક્કે આ ગુનામાં સુરતના સાઉદ અને ટાઈગર નામના શખસની સંડોવણી સામે આવી છે, જેને ઝડપી લેવા માટે તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં હોવાનું જે.કે. મોરીએ ઉમેર્યું હતું.

દરમ્યાન, અજાણ્યા નંબર પરથી ફોન આવે કે પોતાની પોલીસ તરીકે ઓળખ આપી વીડિયો કોલ પર ધાકધમકી કરે તો તે ડિજિટલ અરેસ્ટ હોઈ શકે છે. આવા કિસ્સાઓમાં તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો અથવા પોલીસ કંટ્રોલરૂમ નંબર ૧૦૦ પર જાણ કરવા માટે ભુજ-એ ડિવિઝન પોલીસે અનુરોધ કર્યો હતો. ■

# ભુજમાંથી સતત બીજી વાર ઝડપાયેલી બાંગ્લાદેશી મહિલા સામે ૧૯ માસની તપાસ બાદ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આજથી ૧૯ મહિના અગાઉ ભુજના જીઆઈડીસી હંગામી આવાસ પાસેથી ઝડપાયેલી બાંગ્લાદેશી મહિલાએ સ્થાનિક યુવકને પતિ બનાવીને તેની મદદથી ગેરકાયદેસર રીતે આધાર કાર્ડ, પાન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ બનાવ્યાનું પોલીસની તપાસમાં સ્પષ્ટ થયાં બાદ પશ્ચિમ કચ્છ એસઓજીએ આ મહિલા અને તેના પતિ વિરુદ્ધ ભારતીય નાગરિક હોવાની ખોટી ઓળખ આપીને ગેરકાયદે રીતે સરકારી દસ્તાવેજો બનાવવા તથા ગેરકાયદે ભારતમાં પ્રવેશ બદલ આજે ભુજ-બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

બાંગ્લાદેશી ફાતિમા હબીબ ચૌધરી (ઉ.વ. ૩૧, રહે. મૂળ ખુલના, બાંગ્લાદેશ) માધાપરની ભવાની હોટેલ પાછળ લતીફ ફકીરમામદ ખલીફા (રહે. મૂળ ફોટડી, ભુજ) જોડે એક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતી હોવાની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને બાતમી મળતાં ત્વરિત કાર્યવાહી કરીને ફાતિમા અને લતીફને ગત ૩૦-૦૫-૨૦૨૩ના રોજ ભુજ જીઆઈડીસી હંગામી આવાસ પાસેથી ઝડપી પાડ્યાં હતાં. તપાસમાં ફાતિમાએ પતિ લતીફની મદદથી ભારતીય નાગરિક હોવાના બોગસ આધાર પુરાવા, રાશનકાર્ડ બનાવી લીધાં હોવાનું ખૂલ્યું હતું. એટલું જ નહીં, બેન્ક ઑફ બરોડા અને ઈન્ડસઈન્ડ બૅન્કમાં ખાતાં પણ ખોલાવ્યાં હતાં. સરકારી દસ્તાવેજોમાં ફાતિમાએ પોતાનું જન્મસ્થળ કોલકાતા દર્શાવ્યું હતું

પોલીસની તપાસમાં ચોંકાવનારી બાબત બહાર આવી છે કે, ફાતિમા અગાઉ પણ કચ્છ પોલીસના હાથે ઝડપાઈ હતી. ભુજ કોર્ટે દોષી ઠેરવી ફટકારેલી સજા પૂરી થયા બાદ વર્ષ ૨૦૧૬માં ભારત સરકારે તેને ફરી બાંગ્લાદેશ ડીપોર્ટ કરી દીધી હતી. જોકે, ત્યાં ભૂખમરો હોઈ ફાતિમા ફરી ભારતમાં ઘૂસીને ભુજ આવી ગઈ હતી. છેલ્લાં પાંચ વર્ષથી તે લતીફ જોડે પત્ની તરીકે રહેતી હતી. પોલીસે ફાતિમા અને લતીફ બંને વિરુદ્ધ ફોર્જરી સહિતની વિવિધ ધારાઓ તળે ગુનો નોંધ્યો હોવાનું માધાપર પી.આઈ.એ જણાવ્યું હતું.

# ગીર સોમનાથમાં દીપડાએ પાંચથી વધુ લોકો પર હુમલો કરતાં બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લામાં દીપડાનો આતંક વધી રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં જિલ્લાના અલગ-અલગ વિસ્તારમાં દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાના પાંચથી વધુ બનાવ બન્યા હતા. જેમાં બે વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. બનાવને પગલે ગ્રામ્યજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂરવા કવાયત હાથ ધરાઈ છે.

બનાવ અંગે મળતી વિગત મુજબ, મોડી રાત્રે કોડિયા ગામમાં દીપડો ત્રાટક્યો હતો. ૫૦ વર્ષીય વાઘાભાઈ વાઘેલા પોતાના ઘરના આંગણામાં સૂતા હતા ત્યારે દીપડો આવ્યો હતો અને તેમના પર હુમલો કર્યો હતો. દીપડાએ હુમલો કરતાં ગંભીર રીતે ઘાયલ થયેલા વાઘાભાઈનું મોત નીપજ્યું હતું. ત્યાંથી દીપડો ભાગી ગયો હતો અને ગામમાં જ અન્ય એક વ્યક્તિ બટુકભાઈ ભીમાભાઈ પર પણ હુમલો કર્યો હતો. જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ગીર ગઢડાની હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

એક જ રાતમાં બે લોકો પર દીપડાએ હુમલો કરતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. દીપડા દ્વારા હુમલો કરવામાં આવતાં વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂરવા કવાયત હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા પાંચ દિવસથી ગીર સોમનાથમાં દીપડાના હુમલાની ઘટનાઓ બની રહી છે. સૌપ્રથમ તાલાલામાં ગીર વીઠલપુર ગામે યુવક દીપડાએ હુમલો કર્યાની ઘટના બહાર આવી હતી. આ બનાવના બીજા જ દિવસે અન્ય એક વિસ્તારમાં એક યુવક પર દીપડાએ હુમલો કર્યો હતો. દીપડાએ કરેલા હુમલાની આ બન્ને ઘટનામાં બન્ને યુવકોને ઇજા પહોંચી હતી. ત્યાર બાદ ગીર ગઢડાના ફરેડા ગામમાં રાત્રીના સમયે વાડી વિસ્તારમાં દીપડો ત્રાટક્યો હતો.

# નખત્રાણાના કોટડા જડોદરમાં સોની વેપારી પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી

## દાગીના ભરેલા થેલાની લૂંટથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર)માં જ્વેલર્સની દુકાન વધાવી દાગીનાઓથી ભરેલા બે થેલા લઈને નીકળેલા વેપારી પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો થયો હતો, ત્રણ લૂંટારા દાગીના ભરેલા થેલા લઈ નાસી છૂટતાં પંથકમાં ભારે ચકચાર પ્રસરી હતી.

લૂંટની ઘટના અંગે નખત્રાણા પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, કોટડા (જડોદર)માં બસ સ્ટેન્ડ પાસે નીલકંઠ જ્વેલર્સ નામની દુકાન ધરાવતા સોની વેપારી નીલેશ રમેશ સોની ગત શનિવારના રાત્રે દુકાન બંધ કરી, કીમતી સોના-ચાંદીના ઘરેણાના બે થેલા ભરી ઘરે ગયા હતા. તેઓ તેમના ઘર પાસે પહોંચ્યા ત્યારે પહેલેથી હાજર રહેલા ત્રણ અજાણ્યા બુકાનીધારી લૂંટારાઓએ તેમના પર છરી વડે હુમલો કર્યો હતો અને થેલા ઝૂંટવાના પ્રયાસ કરતાં ઝપાઝપી થઈ હતી. નીલેશભાઈના હાથ પર છરીનો ઊંડો ઘા મારી, દાગીના ભરેલો એક થેલો લૂંટી ત્રણ લુંટારુઓ નંબર વિનાની સફેદ રંગની સ્વીફટ કાર લઈ નાસી છૂટયા હતા. ઘાયલ નીલેશભાઈ પ્રથમ નખત્રાણા અને બાદ વધુ સારવાર અર્થે ભુજની ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયા હતા. આ લૂંટાયેલા થેલામાં કેટલી કિંમતના દાગીના હતા તેની વિગતો આ લખાય છે ત્યાં સુધી મળી શકી નથી. પોલીસે ફરિયાદ નોંધવા સાથે લૂંટારુઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. ■

# નખત્રાણા વિસ્તારમાંથી ૧૬.૧૮ લાખની વીજચોરી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વીજચોરો પર લગામ લાવવાના પ્રયાસ અર્થે શરૂ કરી દેવામાં આવેલી રાજ્યવ્યાપી ઝુંબેશ અંતર્ગત વીતેલા પખવાડિયાથી વીજવિભાગની વિવિધ ટુકડીઓ દ્વારા સરહદી કચ્છમાં વ્યાપકહ સરપ્રાઈઝ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની વિજિલન્સ દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમ્યાન ગેરરીતિ બહાર આવતાં રૂા.૧૬.૧૮ લાખનો દંડ ફટકારાયો હતો.

નખત્રાણા અને રવાપર પેટા વિભાગ કચેરી હેઠળના વિસ્તારમાં કુલ ૨૪ ટુકડીઓ દ્વારા ૩૯૨ જેટલાં વીજજોડાણોની તપાસ હાથ ધરાઈ હતી, જેમાં ઘરવપરાશના ૨૭૪, વાણિજ્ય વીજજોડાણનાં ૧૧૮ વીજ જોડાણ પૈકી ૩૭ ઘર વપરાશનાં વીજ જોડાણમાં ગેરરીતિ પકડાતાં ગ્રાહકોને કુલ ૧૬.૧૮ લાખના દંડ સહિતના બિલ આપવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીજચોરીની વ્યાપક ફરિયાદો વચ્ચે સમયાંતરે પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા આ પ્રકારની ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય છે. આ ઝુંબેશ હજુ પણ ચાલુ રહેવાનું પીજીવીસીએલનાં સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. ■

# મુંદરાના તુણા પોર્ટના રેલવે પ્રોજેક્ટ અંતર્ગત ટ્રેક બિછાવવાનાં ચાલી રહેલાં કામ વચ્ચે ૪.૫૦ લાખનાં કૉપર વાયર ચોરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કેન્દ્ર સરકાર દ્વારા બંદરગાહો સુધી રેલસેવા પહોંચાડવામાં આવી રહી છે જે અંતર્ગત કચ્છમાં મુંદરા અને કંડલાથી રેલસેવા ચાલુ છે અને જખૌ સુધી કનેક્ટિવિટી માટે નલિયા વાયોર પ્રોજેક્ટ અમલમાં છે. પૂર્વ કચ્છમાં તુણા પોર્ટ સુધી રેલવે ટ્રેક પાથરવાનું કાર્ય હાલ ચાલુ કરી દેવાયું છે તેવામાં તુણા બંદરની રેલવે લાઈનમાંથી ૪.૫૦ લાખની કિંમતના કૉપર કેટેનરી વાયરની તસ્કરો ઉઠાંતરી કરી જતાં ચકચાર મચી હતી. ગત ૧૦થી ૧૮મી જાન્યુઆરી સુધીના સમયગાળા દરમ્યાન બનેલા આ બનાવ અંગે તુણા પોર્ટ લાઈનમાં રેલવે લાઈનનું કામ કરતી એજન્સી એનરિંચ આર.ડી. ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રા. લિ.ના મૅનેજરે પોલીસને જણાવ્યું હતું કે, રેલવે લાઈનમાં થાંભલા પર લાગેલા અંદાજિત ૪૦૦ મીટરનાં કૉપર કેટેનરી વાયરોની અજાણ્યા તસ્કરો ચોરી કરી કરી ગયા હતા. ચોરાયેલા માલની કિંમત રૂા.૪.૫૦ લાખ આંકવામાં આવી છે. ■

## મોરબી જિલ્લા કલેક્ટરની ચેતવણીઃ

# જનતાનાં કામોમાં ગેરરીતિ કરતા કૉન્ટ્રાક્ટરો અને એજન્સીને બ્લેક લિસ્ટ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લામાં લોકોની સુવિધાઓમાં સુધારો લાવવા માટે વહીવટીતંત્ર દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલી જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠકમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. કલેક્ટરે જિલ્લાના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને સવારે ૧૦થી સાંજે સાડા સાત વાગ્યા સુધી અરજદારોના ફોન રીસીવ કરવા ફરજિયાત કરવામાં આવ્યું હોવાની તાકીદ કરી હતી.

આ બેઠકમાં કલેક્ટરે અધિકારીઓની હાજરીમાં સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જે એજન્સીઓ અને કૉન્ટ્રાક્ટર લોકોનાં કામમાં ગેરરીતિ આચરશે તેમને આગામી મહિનામાં બ્લેક લિસ્ટ કરવામાં આવશે. આ બેઠકમાં દબાણ હટાવવું, વાંકાનેરમાં બ્રિજ નિર્માણ, ઈ-કેવાયસી પ્રક્રિયા, જમીન માપણી, પીવાનાં પાણીની સમાન વહેંચણી અને સિંચાઈ વ્યવસ્થા જેવા મુદ્દાઓ પર મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

થોડા સમય પહેલાં જ જિલ્લાના અધિકારીઓએ ૬ તબક્કામાં ગામડાઓની મુલાકાત લઈને સ્ટાફની હાજરી, મધ્યાહ્‌ન ભોજન, આંગણવાડી કેન્દ્રો અને વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી. ■